بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-ઓગષ્ટ-૨૦૦૯**

**શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક**
**હિજરી સન : ૧૪૩૦**

**વર્ષ : ૦૬, અંક : ૦૮, સળંગ અંક : ૬૮**



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફૈયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
**Web. :www.barkatekhwaja.net**
**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૫૦૦/- |
| આજીવન | રૂા. | ૩૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | હુઝૂર તાજુશ્શરીઅહનો શાનદાર દૌરએ મિસ્ર.... | ૦૨ |
| ૦૨ | જગતમાં બળાત્કારના બનાવો, સબબો અને તેનો ઈલાજ | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | બારગાહે ખ્વાજા ગરીબ નવાઝમાં ઈમામ અહમદ રઝાની હાજરી | ૧૬ |
| ૦૬ | દીનની દાવત તથા તબ્લીગમાં સ્ત્રીઓનો રોલ | ૨૩ |
| ૦૭ | સવાબની નિય્યતથી ગુનાહમાં ક્યાં સુધી પડશો ?! | ૨૭ |
| ૦૮ | તાલિબાનિઝમ ઈસ્લામ માટે સૌથી મહાન ખતરો ! | ૩૧ |
| ૦૯ | હયાતે તાજુશ્શરીઅહ | ૩૫ |
| ૧૦ | નબીપાક ﷺના શરીરને પડછાયો ન હતો | ૩૮ |
| ૧૧ | નમાઝ બાજમાઅતનું મહત્વ અને આપણે | ૪૨ |
| ૧૨ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |
| ૧૩ | બરકાતે ખ્વાજાની લેખ હરીફાઈનું પરિણામ | ૪૮ |


### મન્કબત
## દરશાને સૈયદ મખ્દૂમ અશ્રફ رحمۃ اللہ علیہ

યે શાન અલગ ઔર યે સુલ્તાન અલગ હૈ
ઈસ કી અદા અલગ હૈ અરમાન અલગ હૈ

દેખો જહાં મેં યૂં તો નગીને હઝાર હૈં
ઈસ ગૌહરે કામિલ કી પહેચાન અલગ હૈ

સિમના કે તખ્તો તાજ કો જો પલમેં લૂટા દે
દરવેશ કે દરબાર કા ધનવાન અલગ હૈ

ફૈલે ન કિછોછાસે ક્યૂં હિંદ મેં ખુશ્બૂ
સિમનાન કે સુલ્તાન કા ગુલદાન અલગ હૈ

પી કર ન બહેકતે ન ભટકતે હૈં દીવાનેં
યે મયકદે મખ્દૂમ કા ફૈયૂઝાન અલગ હૈ

**'યૂસુફ'** કઝાએ ખૌફ ભલા કિસ લિયે કરે
સૈયદ પે મુરીદીન કા ઈમાન અલગ હૈ

**અઝ : યૂસુફ બી. લાખાણી (વરતેજ)**

# ફ઼ઝીયુલ ફ઼ુઝાત

# હુઝૂર તાજુશ્શરીઅહનો શાનદાર દૌરએ મિસ્ર....

રજૂકર્તા : **ગુલામ મોહીયુદ્દીન ઈસ્માઈલ હાફેઝ નબીપુરી**

હિંદુસ્તાનનું બરેલી શરીફ તેના પરિચયનું મોહતાજ નથી એ કારણે કે અહીં ખાતે જન્મ લેનાર વિશ્વની મહાન વિભૂતીના જગમશ્હૂર મહાન કારનામાંઓ છે, જેનો ઈતિહાસ લાજવાબ છે, જે પોતાના સમયની અજોડ હસ્તી છે, આ હસ્તીનાં પ્રત્યેક પાસાં નિષ્કલંક પાક તથા સાફ છે. અરબ તથા અજમમાં આજે પણ આ પાક જાતના નામને અદબ તથા એહતેરામ સાથે પુકારવામાં આવે છે. અરે ! કેમ ભૂલાય કે નબી પાક ﷺ જે હસ્તીના ઈતેંઝારમાં હતા. (જેમ કે ઈતેકાલ સમયનો વાક્યો છે) સુબ્હાનલ્લાહ ! એ તે પાક પવિત્ર અને સાફ સુથરી જાત છે જેમને આલમે ઈસ્લામ આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામે અહલે સુન્નત, માહિએ કુફ઼ો બિદઅત તથા જેમના કલામને કલામુલ ઈમામ ઈમામુલ કલામ કહે છે તે શહેનશાહે સહાફ઼ત હઝરત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ તરીકે ઓળખાય છે.

ડંકાની ચોટ પર અમે એ કહેવા પ્રેરાયા છીએ કે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વીના ખાનદાનના એક એક ચશ્મો ચિરાગે ગુમરાહીના અંધકારને ચીરવા પોતાનો ઈલ્મી પ્રકાશ ઝળહળાવ્યો છે. આપના નબીરાઓ પૈકીના નબીરા કે જે ઝિંદા વલી, કામિલ પીર, પાબંદે શરીઅત, વિલાયત તથા તરીક઼તના ચમક્તા સૂરજ હુઝૂર **મુફ઼્તીએ આઝમે હિંદ મુસ્તફ઼ા રઝાખાં** رضی اللہ عنہ પણ પોતાના વાલિદ માજિદના નક઼્શે કદમ પર ચાલીને શરીઅતે મુતહ્હરા પર મખ્લૂક઼ના ડર કે શરમ વિના ચુસ્તપણે જીવનભર અડગ રહ્યા. અને આપે એક એવી અઝીમ શખ્સિયતને આપના પાક દામનના ફયઝથી ભીંજવી દીધી કે જમાનાની રફતાર સાથે રહીને આપના સાચા જાનશીન તરીકે ખરો હક઼્ક઼ નિભાવી આજે હિંદુસ્તાન જ નહીં વિદેશોમાં તબ્લીગી દૌરા કરીને મસ્લકે આ'લા હઝરતને વેગવંત બનાવી ઈલ્મ પીપાસુઓની તરસ છીપાવી રહ્યા છે, એ મઝહરે મુફ઼્તીએ આઝમ, જાનશીને મુફ઼્તીએ આઝમ, આક઼ાએ નેઅમત તાજુશ્શરીઅહ હુઝૂર **મુફ઼્તી મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરી** دام ظلہ العالی તા. ૩–૫–૨૦૦૯ ના રોજ ચાર દિવસીય મિસરના દૌરા પર હતા. આ તબ્લીગી દૌરા દરમ્યાન આપે બેશુમાર આશિક઼ાને મુસ્તફ઼ાને પોતાના ઈર્ફ઼ાની નૂરાની ફ઼ુયૂઝો બરકાતથી મુશર્રફ કર્યા. મિસ્રના આ મુબારક દૌરામાં આપની ઝિયારતથી તથા આપના ઈલ્મની ખયરાતથી અસંખ્ય ઈલ્મના તરસ્યાઓને નવાઝયા.

તાજુશ્શરીઅહના આ પ્રવાસ વેળા મિસ્રના વરિષ્ઠ ઈમામ હઝરત શયખે અઝહર અલ્લામા મૌલાના મુહમ્મદ સઈદ તન્તાવીથી મુલાકાત થતાં કલાકો સુધી ઈલ્મી ચર્ચાઓ થઈ હતી. આ ઈલ્મી ચર્ચાઓ વાટાઘાટો વેળા બંને હઝરાત જાણે ઈલ્મના સમુદ્રમાં ડૂબી ગયા હોય હઝરત શયખ તન્તાવીના દિલો દિમાગમાં એક બે અહમ મસ્અલા ગુંચવાયા કરતા હતા. જેથી આજે ઈલ્મનો ઠાઠા મારતો સમુદ્ર સામે હાજર હોય તેમણે હઝરતની સમક્ષ પેશ કર્યા. "અસ્હાબીકન્નુજુમ ફ઼બિઐયિહિમ ઈક઼તદૈતુમ ઈહ્તદૈતુમ"ના વિશે અને અન્ય એક મસ્અલો કે "હઝરત સય્યદના ઈબ્રાહીમ علیہ السلام ના વાલિદનું નામ તારખ હતું અને "આઝર" તો તેમના કાકા હતા." એ વાત સ્પષ્ટ કરી તેમને યક઼ીન કરાવ્યું હતું. હઝરત તાજુશ્શરીઅહએ એ બે પેચીદા પ્રશ્નોનો કિતાબોના હવાલાથી અને પોતાની ઈલ્મી વિશાળ માલૂઆતથી એ રીતે ઉકેલ આપ્યો કે એ વેળા ઉપસ્થિત મિસ્રના ઉલમાએ કિરામ અચંબામાં પડી ગયા. મિસરની અન્ય દર્સગાહો ઉપર હઝરતનું ભાવવિભોર અભિવાદન કરવામાં આવ્યું હતું. કેટલાક સ્થળે હઝરત તાજુશ્શરીઅહએ તાલિબે ઈલ્મોને મુસ્લિમ શરીફનો દર્સ પણ આપ્યો.

મહત્વપૂર્ણ બાબત એ છે કે હઝરતેવાલા એ ૪૦ વર્ષ પછી મિસર તશરીફ લઈ જઈ માત્ર ચાર જ દિવસમાં ચાલીસ સાલનો કફ્ફારો અદા કર્યો છે. મસ્લકે આ'લા હઝરત સંબંધે હઝરતે છણાવટ કરતાં જણાવ્યું હતું કે, "મસ્લકે આ'લા હઝરત નવો ફ઼િર્ક઼ો નથી, બલ્કે સહાબા, તાબઈન, તબે તાબઈન તથા બુઝુર્ગાને દીને અપનાવેલો માર્ગ છે અને આ માર્ગે ચાલનાર જ સાચા સુન્ની સહીહુલ અક઼ીદાવાળા છે. હઝરતના સમગ્ર પ્રવાસ દરમ્યાન મર્કઝી દારુલ ઈફ઼તાના અલ્લામા જલાલ રઝા અઝહરી, પ્રો. અબ્દુલ ક઼ાદિર નિષાર, અલ્લામા તાહા ચિશ્તી, અલ્લામા સઈદ જાવેદ સાહબ વગેરે સાથે રહ્યા અને પ્રાસંગિક બયાનો કર્યાં.

ખાસ વાત એ કે તા. ૫–૫–૨૦૦૯ ના બપોરે એક વાગ્યે હુઝૂર તાજુશ્શરીઅહની સ્પેશ્યલ મુલાકાત જામિઆ અઝહરના પ્રિન્સિપાલ અને પ્રેસિડન્ટ અલ્લામા અહમદ તૈયબ સાહબ તથા અરબના મહાન આલિમ, મશ્હૂર લેખક, સખીદાતા અલ્લામા અબ્દુલ્લાહ કામિલથી ઈદારતુલ જામિઆમાં થઈ જ્યાં હઝરત તાજુશ્શરીઅહનો ખૂબ જ શાનદાર સત્કાર કરવામાં આવ્યો. આ મુલાકાતમાં ખાસ કરીને ઈલ્મી મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી અને ઈજિપ્તના અને ભારતના ઉલમા ખૂબ જ એકબીજાના સંપર્કમાં રહી દીની તાલીમો તર્બિયતમાં એકબીજાથી લાભ ઉઠાવે એ બાબત પર ખૂબ જ જોર આપવામાં આવ્યું. જ્યારે રઈસુલ જામિઆને આ વાતની જાણ થઈ કે તાજુશ્શરીઅહના મુરીદો તથા અક઼ીદતમંદ વિદ્યાર્થીઓ લગભગ ૯૦ જેટલા જામિઆ અઝહરમાં તાલીમ લઈ રહ્યા છે તો તેઓ ખૂબ જ પ્રસન્ન થયા અને છેવટે એમણે હુઝૂર તાજુશ્શરીઅહને "ફ઼ખ્રે અઝહર" એવોર્ડ આપ્યો જે મહાન ઈલ્મી વ્યક્તિઓને જ આપવામાં આવે છે.

# જગતમાં બળાત્કારના બનાવો, સબબો અને તેનો ઈલાજ

તંત્રી લેખ

વર્તમાનપત્રોમાં છે કે, ''સૂરત શહેરમાં ત્રણ મુસ્લિમ યુવાનોએ સગીર વિદ્યાર્થીનીને તેના મિત્ર સાથે કારમાં ઉઠાવી જઈ ચાલુ કારે તેના પર પાશવી બળાત્કાર ગુજાર્યો અને મોબાઈલ દ્વારા તેની વિડિયો ક્લિપિંગ ઉતારી વિકૃતિની અને હવસખોરીની તમામ સીમાઓ વટાવી દીધી હોવા છતાં તેમને તાત્કાલિક સજા થાય તે અંગે કંઈ નથી થતું, જ્યારે સઊદી અરબિયામાં બનેલી આવી જ ઘટનામાં સંડોવાયેલા પાંચ પાકિસ્તાની હવસખોરો સામે ત્યાંની સરકારે ગણતરીના દિવસોમાં જ કેસ ચલાવી તેમને જાહેરમાં ફાંસી આપી દીધી. સૂરતની ઘટનામાં પોલીસ હજી પુરાવા એકત્ર કરવાની મથામણમાં પડી છે ત્યારે સઊદીમાં આરોપીઓને જાહેરમાં ફાંસી પર લટકાવી દેવાયા કે જેથી ભવિષ્યમાં કોઈ હવસખોર આવુ કામ કરતાં પહેલાં લાખ વાર વિચાર કરે.'' *(સંદેશ, ૧૬–૬–૨૦૦૯)*

સંદેશ દૈનિક પત્ર આગળ લખે છે : ''આપણે ભલે મુસ્લિમ દેશોના જંગલી ક઼ાયદાઓની ટીકા કરીએ પણ આ ઘટનાને જોયા પછી લાગે છે કે **સૂરતની ઘટના જેવા ગુનાઓમાં સંડોવાયેલા લોકો મુસ્લિમ દેશોના ક઼ાયદાઓને જ લાયક છે.....''** *(સંદેશ, ૧૬–૬–૦૯)*

### ✪ જંગલીપણુ કોને કહેવાશે ? ✪

જંગલીપણુ તેને કહેવાય કે વિના વાંક ગુને કોઈને ફટકારવામાં આવે કે સજા આપવામાં આવે. જેમ કે ફેબ્રુ.–માર્ચ ૨૦૦૨માં ગુજરાતમાં ગોધરાકાંડ બાદ હજારો નિર્દોષ મુસ્લિમોને ક઼ત્લ કરાયા, જીવતા સળગાવાયા તથા સ્ત્રીઓ પર બળાત્કારો કરાયા હતા. જ્યારે અહીં પોતે ક઼બૂલે છે કે, ''વિકૃતિ તથા હવસખોરીની તમામ સીમાઓ સૂરતના બળાત્કારીઓએ વટાવી દીધી.'' તો એવાને ઈસ્લામી ક઼ાનૂન જ્યાં ચાલતો હોય ત્યાં ગુનો પુરવાર થતાં સંગસાર કરીને (પથ્થરો મારીને) ખત્મ કરવાની કે કોરડા મારવાની સજા છે, અને ખૂન કરનારને ક઼ત્લની સજા છે. એક તરફ એ સજાને જંગલીપણુ કહે છે અને વળી ઉપરથી એવું પણ કહે છે કે એવા લોકો એ સજાને જ લાયક છે ! પોતાની માં કે બહેન કે પુત્રી પર કોઈ બળાત્કાર કરી જાય તેવાને માટે તેમને હક઼્ આપવામાં આવે તો પૂછો એમને શું સજા કરે ?! (શું જંગલીપણુ કરે ?!) તો જેવી આપણી માં દીકરી તેવી સર્વ સમાજની સ્ત્રીઓ પુત્રીઓ એ આપણી માં, બહેન, દીકરીઓ જ છે, જેથી તેમની ઈજ્જતની રક્ષા જળવાય એટલે જ ઈસ્લામમાં આ સખત સજા છે, એ જંગલીપણુ નથી. એક બદ્‌માશને આ રીતે ખતમ કરવામાં આવે તો હજારો ખાતૂનો ચૈનથી જીવી શકે છે, અને બીજો કોઈ એવું બદ્‌માશપણુ કરવાની હિંમત કરી શકતો નથી. આજે યૂરોપ, અમેરિકા વગેરે દેશોમાં બળાત્કારોના જે બનાવો ખૂબ બને છે તેનું કારણ એ જ છે કે ત્યાં માહોલ સ્વચ્છંદી છે અને ક઼ાયદામાં આવી કોઈ કડકાઈ છે જ નથી જેથી બળાત્કારીમાં હિંમત આવી જાય છે.

### ✪ કહેવાતા સભ્ય દેશોનું આ છે જંગલીપણુ ! ✪

અમેરિકામાં ૧૯૭૭ સુધી બળાત્કારીને મૌતની સજાની જોગવાઈ હતી પરંતુ ત્યારબાદ તેને આજીવન

કેદમાં ફેરવી દેવામાં આવી અને અમેરિકા, યૂરોપના દેશોમાં કેદમાં પણ ઘર જેવી સગવડો હોય છે ! તેમ જ **અમેરિકામાં દર વર્ષે ૬,૮૩,૦૦૦ મહિલાઓ પર બળાત્કાર થાય છે** જે મુજબ **દર ત્રણ મિનિટ એક, એક કલાકમાં ૭૮** અને **દિવસના ૧૮૭૧** બળાત્કાર થાય છે. આને કહે છે જંગલીઓનો દેશ ! આ છે જંગલીપણુ !

એક સર્વે મુજબ પાપુઆ ન્યુગીનીમાં ગ્રામ્ય વિસ્તારની ૬૭ ટકા અને શહેરી વિસ્તારની ૫૭ ટકા મહિલાઓ શારીરિક શોષણનો ભોગ બની ચૂકી છે.

**ફ્રાન્સ** જ્યાં હાલમાં જ સ્ત્રીના પર્દાને "ગુલામીનું પ્રતીક" કહેનારા વાસનાના ગુલામ ત્યાંના હાલના અતિ બેહયા વડા પ્રધાન નિકોલ્સ સરકોઝીના દેશમાં પણ બળાત્કારના બનાવોનો એ જ હાલ છે છતાં પણ ત્યાં બળાત્કારી માટે વધુમાં વધુ ૧૫ વર્ષની જેલની સજા છે. ભોગ બનનારી સગીર વયની હોય તો ૨૦ વર્ષની સજા અને બળાત્કારના કારણે મૃત્યુ પામે તો ૩૦ વર્ષની સજા છે. આશ્ચર્યની વાત છે કે આપણા દેશમાં કોઈ સામાન્ય પ્રધાનમંત્રીનું પણ જો કોઈ લફરૂ બહાર પડે તો અહીંની સંસ્કૃતિ તેને સહન કરતી નથી અને હોબાળો મચી જાય છે ! જ્યારે એ દેશની પ્રજા કેટલી બેહયા હશે કે દેશની ટોચની વ્યક્તિ વડાપ્રધાન પોતાની રખાત કે જેણે મોડેલ તરીકે રહી વેશ્યા કક્ષાનું જીવન જીવીને શરીર પ્રદર્શનનો ધંધો ૩૯ વરસની વય સુધી કર્યો અને હજી એવું અંગ પ્રદર્શન પ્રસંગોપાત કરતી રહે છે તેવી બેહયા સ્ત્રી કાર્લા બ્રુની સાથે આડા સંબંધો બાંધ્યા અને શરમને નેવે મૂકીને અમુક દેશો મિસર વગેરેમાં તે રખાતને સાથે લઈને સફરો પણ કરી અને ત્યાં પણ બેહયાઈનાં દશ્યો દરિયાકાંઠે રજૂ કર્યાં જે વર્તમાનપત્રોમાં છપાયાં ! અને છેક ગયા વરસે પોતાની પુત્રીની ઉમરની આ મોડેલ સાથે ૫૫ વરસના આ વૃદ્ધ યુવાન વડાપ્રધાને લગ્ન કર્યાં ! આવો લફરાબાઝ બેશરમ શખ્સ જે દેશનો "વડા પ્રધાન" હોય તે દેશની પ્રજાની બેહયાઈની શું હાલત હશે ?! આવી બેહયા વ્યક્તિને કોણ સમજાવી શકે કે ઈજ્જત, ચારિત્ર તથા સંસ્કાર શું ચીજ છે ?! આને કહે છે જંગલીપણુ ! માં, બહેન કે પુત્રી તરીકે કોઈને માન આપવા ન ટેવાયેલા આવા જાનવર પ્રકૃતિવાળા હવસખોરને પર્દો કઈ રીતે પસંદ પડે !

વળી જ્યાં પુષ્કળ બળાત્કારના બનાવો બને છે તે દેશ **ઇંગ્લેન્ડ**માં બળાત્કારીની સજા વધુમાં વધુ આજીવન કેદ છે, વળી અહીં બળાત્કારના ૫.૬ ટકા કેસમાં જ આરોપીને સજા થાય છે, બાકીના છટકી જાય છે.

**દક્ષિણ આફ્રિકામાં પ્રત્યેક ચાર પૈકી એક પુરૂષે કોઈ ન કોઈ સ્ત્રી પર બળાત્કાર કર્યો છે.** તેમાંય **૫૦% પુરૂષોએ** તો એવું પણ કબૂલ્યું કે તેમણે **એકથી વધુ સ્ત્રીઓ પર બળાત્કાર** કર્યા છે. એ જ પ્રમાણે જ્યાં ખૂબ બળાત્કારો થતા રહે છે એવા દેશો જેમ કે **નોર્વે**માં બળાત્કારી માટે ૨ વર્ષથી ૧૫ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. **યુએઈ**માં ૧૫ વર્ષ, **ચીન**માં દસ વર્ષથી લઈને મૃત્યુદંડ સુધીની, **ઈઝરાઈલ** જે બેહયાઈમાં ડૂબી ગયું છે ત્યાં ૨૦ વર્ષની, **રશિયા**માં વધુમાં વધુ ૧૫ વર્ષની સજાની જોગવાઈ છે. દુનિયામાં શરીફ તથા સભ્ય તથા સુંવાળા બનીને ફરતા દેશોની આ છે જંગલીપણાની ઓછરી ઝલક !

### ✪ બળાત્કારના બનાવોમાં આપણા દેશની સ્થિતિ ! ✪

વર્તમાનપત્રોમાં છે કે, "ભારતમાં બળાત્કારના કેસોમાં તાજેતરના સમયમાં જે અસાધારણ વધારો થયો છે તે ચોંકાવનારો છે. એક પછી એક બળાત્કાર તથા તેનાથી વધીને ગેંગ રેપ (સામૂહિક બળાત્કાર)ના વધતા જતા કિસ્સાઓથી સરકાર પણ ચિંતામાં પડી ગઈ છે.

દેશમાં બળાત્કારના કેસને લગતા આંકડાનો રેકોર્ડ રાખવાની શરૂઆત ક્રાઈમ રેકોર્ડસ્ બ્યૂરો (NCRB)

દ્વારા ૧૯૭૧થી થઈ હતી, ત્યારથી ૨૦૦૮ સુધીમાં બળાત્કારના કેસમાં ૭૦૦ ટકાનો ભયાનક વધારો થઈ ગયો હતો. **ગયા વર્ષે જ દેશમાં બળાત્કારના ૨૦,૦૦૦ કેસ** નોંધાયા હતા. અનેક કિસ્સામાં તો યુવતી કે મહિલા ભય અને બદ્નામીના કારણે પોલીસને તો ઠીક, ઘરના સભ્યોને પણ આવી ઘટનાની જાણ કરતી નથી.

દેશમાં **દર ૩૦ મિનિટે એક બળાત્કાર** થાય છે. અને કુલ થતા કેસોના ૨૭% કેસમાં જ આ જઘન્ય અપરાધના ગુનેગારોને સજા થાય છે. દેશમાં લગ્નની લાલચ આપીને ભગાડી જઈને બળાત્કાર ગુજારવાના કેસ મોટી સંખ્યામાં જોવા મળે છે. આજે પણ દેશના બળાત્કારના ૬૦,૦૦૦થી વધુ કેસ પેન્ડિંગ છે. બળાત્કારના કેસની સુનાવણી માટે ૧૫૦૦ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી છે છતાં આ સ્થિતિ છે ! *(સંદેશ, ૨૬–૬–૦૯)*

### ✪ શું આ વિરોધમાં નિખાલસતા છે ખરી ?! ✪

ગત મહિને સૂરતમાં ઉપર વર્ણન થયું તેમ ગેંગ રેપનો બનાવ બન્યો તેને અમે સખત શબ્દોમાં વખોડીએ છીએ અને તેઓને વહેલી તકે કડકથી કડક સજા થવી જોઈએ એવી અમારી માંગ છે કે જેથી એવા નાલાયકો સબક લઈને કોઈની બહેન દીકરી પર નજર ન બગાડી શકે ન હાથ ઉઠાવી શકે. પણ સૂરત ખાતે એ બનાવના વિરોધમાં વિહિપે જે બંધનું એલાન આપ્યું હતું, તો શું ગુજરાતમાં આ પ્રથમ જ આવો બનાવ હતો કે જેનો વિરોધ તેમના થકી આટલી ઉગ્રતાથી કરવામાં આવ્યો ? અગાઉ આવા રેપના કે ગેંગ રેપના બનાવો નથી બન્યા ? સાંભળો ! ગુજરાતમાં છેલ્લા ત્રણ વરસમાં બળાત્કારના કુલ ૧૦૬૯ બનાવો અને છેડતીના ૨૦૨૬ કેસો નોંધાયા છે. (વણનોંધાયેલા બનાવો તો અસંખ્ય હશે !) હાલમાં જ થોડા સમય પર ઝઘડિયા (જિ. ભરૂચ) ખાતે આદિવાસી કન્યા પર લગભગ ૧૨ નાલાયકોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો તેમજ અન્ય ઠેકાણે આવા બનાવો બનતા રહ્યા ત્યારે એઓ ચૂપ હતા, પણ સૂરત ખાતે એવું જણાય છે કે બળાત્કારીઓ મુસ્લિમ નામધારી હોવાથી આ ધાંધલ મચાવાઈ છે ! તો એવું ન હોવું જોઈએ. વળી ૨૭–ફેબ્રુઆરી–૨૦૦૨માં ગોધરાકાંડ પછી નિર્દોષ મુસ્લિમ સ્ત્રીઓ પર ઠેરઠેર બળાત્કાર કરી મારી નાખવાના બનાવો બન્યા, કહેવાય છે કે એક સર્ગભા સ્ત્રીના ગર્ભમાં તલ્વાર મારી બાળકને ઉછાળી તલ્વાર પર ઝીલવામાં આવ્યું, પણ આજ સુધી તેના વિરુધ્ધમાં ન કોઈ સંસ્થા કે ન મિડિયાએ તેના માટે કાંઈ કર્યું કે કહ્યું છે ! **તો શું એ દલીત તથા મુસ્લિમ યુવતીઓ પર સામૂહિક બળાત્કારના ગુનેગારો ધન્યવાદને પાત્ર હતા ?! અને આ જ કેવળ મુજરિમો છે ?!** નહીં ! **બળાત્કારી કોઈ પણ જાતિનો હોય તેની સામે સખત કાર્યવાહી થવી જ જોઈએ** અને તેને સખતથી સખત સજા થવી જ જોઈએ એનું નામ "માનવતા" છે અને એથી ઉલ્ટુ કરવું એ "જંગલીપણુ" છે.

### ✪ બળાત્કાર તથા છેડતી થવાના સબબો ✪

બેશક ! સઊદી અરબમાં હાલમાં જે એક સ્ત્રી પર ગેંગ રેપ તથા ખૂનનો બનાવ બન્યો તે અતિ બુરો તથા ધૃણાજનક બન્યો અને જે સજા પાંચ નરાધમોને જાહેરમાં ફાંસીએ ટીંગાડવાની કરવામાં આવી તે યોગ્ય જ છે. પણ વર્તમાનપત્રોમાં દર્શાવ્યા મુજબ એ યુવતી એ બળાત્કારી યુવાનો સાથે જ નોકરી કરતી હતી. તેણી યુવાનો સાથે પાર્ટીમાં ગઈ અને ત્યાં યુવાનો સામે ગેલમાં આવીને ડાન્સ કરવા લાગી, તો એ બધા યુવાનો તેણી સાથે ડાન્સ કરવા લાગ્યા અને તેને મોબાઈલમાં ઉતારવા લાગ્યા. એમાંથી એક જણ જોશમાં આવી ગયો તો તેણે તેણી સાથે ચાલુ ડાન્સમાં છેડતી શરૂ કરી જેથી તે યુવતીએ તેને ધક્કો માર્યો

પણ પછી ગેલમાં આવેલા યુવાનોએ તેણીને નીચે પાડી નિર્વસ્ત્ર કરી દીધી અને પછી સામૂહિક બળાત્કાર કર્યો અને તેણી ફરિયાદ ન કરે માટે તેનું ડોકુ ધડથી અલગ પાડી દીધું. પણ ગમે તે રીતે તેઓ પકડાઈ ગયા અને સત્વરે ત્યાંની ગવર્નમેન્ટે મોબાઈલમાં સર્વ બનાવ એક જણે ક્લિપ કરેલો હતો તેના પરથી ગુનો પુરવાર થતાં સૌને ફાંસીએ લટકાવી દીધા. સર્વ ફોટા વર્તમાન પત્રમાં આપ્યા છે. આ તે બનાવની હક્રીકત છે. *(સંદેશ, ૨૬–૬–૦૯ના આધારે)*

હવે ઠંડા કલેજે વિચારો કે જો એ યુવતી યુવાનો સાથે પાર્ટીમાં ન જાત અને ડાન્સ કરીને તેમને ન લોભાવત કે લલચાવત તો આ પ્રસંગ જ બન્યો ન હોત, એ વાત સો ટકા સાચી છે કે નહીં ?! હવે જેમણે પછીથી બળાત્કાર તથા ખૂનનો ગુનો કર્યો તેઓ ગુનેગાર તો ખરા જ ! પણ યુવતીએ પણ પોતાની મર્યાદા વટાવવી જોઈતી ન હતી એ પણ હક્રીકત છે.

બસ, આ જ પ્રમાણે જ્યાં જ્યાં સ્ત્રી પુરૂષોની ભેળસેળના પ્રોગ્રામો થવા લાગ્યા, ફિલ્મોમાં નગ્નતા તથા બળાત્કારનાં દશ્યો મનોરંજનરૂપે દેખાડવામાં આવવાં લાગ્યાં તેમ બળાત્કારી શૈતાનો જન્મ લેવા માંડયા, નહીં તો પહેલાંના સમયમાં આવા બનાવો લગભગ થતા ન હતા. ફિલ્મોમાં બળાત્કારનાં દશ્યો જોનારો ગંદા દિમાગવાળો હોય તો તે શું તેને મનગમતી યુવતી પ્રતિ સભ્ય બની જશે કે તેણે જોયેલાનું અનુકરણ કરશે ?

વળી હવે તો ટીવી વિડિઓ આમ છે, જેમાં એવી એવી ચેનલો નીકળી છે જે નગ્નતાભર્યા બેહયાઈભર્યાં દશ્યો રજૂ કરે છે જેણે આપણા દેશના યુવાન, યુવતીઓ, વડીલોમાં રહેલી શરાફત, સભ્યતા તથા શરમને નીચોવીને કાઢી નાખી છે અને પૂરા માહોલને બેહયા તથા બુરી નજર કરનારો તથા વ્યભિચારમાં સંકોચ ન પામનારો બનાવી દીધો છે. (ઈલ્લા માશાઅલ્લાહ !)

એટલું જ નહીં ! ઈન્ટરનેટ પર તો કરોડો નગ્નતા તથા બેહયાઈભરી વેબસાઈટોનો રાફડો ફાટેલો છે જેને જોનાર યુવાન યુવતીઓ તો ઠીક તરૂણો નાબાલિગ બાળકોનાં દિમાગો ખરાબ થઈ જાય છે અને તેઓ પણ કુછંદે ચઢી જાય છે. અને જ્યારે વાસના બેક્રાબૂ બને છે તો વ્યભિચારના બનાવો ઠેર ઠેર બને છે, આડા સંબંધો આમ થઈ રહ્યા છે તો વળી કોઈ ન હાથમાં આવે તો ક્યાંક બળાત્કાર અને ગેંગ રેપના બનાવો પણ પુષ્કળ થવા લાગ્યા છે. બલ્કે ક્યારેક ત્રણથી પાંચ સાત વરસની કુમળી બાળકીઓ પર બળાત્કાર થવાના બનાવો પણ બને છે !

### ✪ કલાના નામે બેહયાઈનો પ્રચાર ✪

આજે યુવતીઓને સુંદર કઈ રીતે દેખાવું ? લોકો તમારા પ્રતિ કઈ રીતે આકર્ષાય ? શરીરમાં ચહેરો આકર્ષક કઈ રીતે બનાવવો, સીનો આકર્ષક કઈ રીતે બનાવવો, બેક, કમર તથા પીઠનો દેખાવ કોઈને આકર્ષી લે તે માટે કેવો ડ્રેસ પહેરવો ? પોતે સેક્સી સ્ત્રી લાગવા માટે હોઠ કેવા બનાવવા, વાળો કેવા રાખવા ? વગેરે...વગેરે વાતો વર્તમાનપત્રોમાં તથા એવું બધું શીખવાડતું સાહિત્ય પુષ્કળ છપાતુ રહે છે, બ્યૂટી પાર્લરોની સગવડો થઈ ગઈ છે જ્યાં જાત જાતનું મેકઅપ કરીને યુવતીઓ લોકોને આકર્ષક લાગે તેવી બની ઠનીને મોડેલ જેમ બહાર ફરતી થાય છે. તેમજ ફિલ્મી કલાકારો થકી ફિલ્મોમાં ટીવી સિરિયલોમાં, સુંદરી હરીફાઈના વિશ્વભરમાં થતા પ્રોગ્રામો વગેરેમાં એવી જ અર્ધ નગ્ન સ્ત્રીઓ તથા ક્રિકેટના મેદાનમાં ચિયર્સ ગર્લ્સના મનોરંજનના કાર્યક્રમો આ બધું સતત દેખાડવામાં આવતું રહે છે. સૌંદર્ય પ્રશાધનો બનાવતી કંપનીઓ પોતાના ધંધા માટે ખૂબ જ બેહયાઈભરી આવી જાહેરાતો આપતી રહે છે જેથી કાચી વયની તથા કાચા મનની યુવતીઓ પર ખૂબ જ જલ્દી અસર પડે છે અને પછી તે યુવતીઓ પણ નગ્નતા દર્શાવતા

ફેશનેબલ ડ્રેસો સીવડાવી પહેરીને બહાર નીકળે છે, લોકોની નજરોનું કેન્દ્ર બની મનોમન ખુશ થાય છે. પણ આવા વલણથી શૈતાની ખયાલવાળા યુવાનોમાં વાસના પેદા થાય છે અને જો યુવાન યુવતીઓનો મેળાપ થાય છે તો પછી તેઓ દોસ્તીના નામે આગળ વધી વ્યભિચારમાં સપડાય છે અને ક્યારેક બળાત્કાર તથા સામૂહિક બળાત્કારના આવા બનાવો ઉદ્‌ભવ પામે છે.

આ સર્વ બાબતો યૂરોપ અમેરિકી જંગલીપણા તથા નીચતાવાળા પોતાને એડવાન્સ ગણતા પણ ખરેખર પછાત કલ્ચર (કુસંસ્કૃતિ)ની દૈન છે કે જ્યાં આ બધું સામાન્ય છે અને પુરૂષ તથા સ્ત્રીમાં પવિત્રતા, શીલ તથા ઈજ્જત આબરૂ જેવી કોઈ ચીજ નથી, જ્યાં વ્યભિચાર આમ છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) જ્યારે આપણો દેશ હજી સુસંસ્કૃતિવાળો છે, શરમો હયામાં માનનારો છે જેથી અહીં એ બધી ચીજો, એવી ચેનલો, એવા પ્રોગ્રામો પર ગવર્નમેન્ટ થકી પાબંદી જરૂરી છે. કમસે કમ ટીવી પર કે વર્તમાનપત્રોમાં એનાં પ્રદર્શનો પર પ્રતિબંધ હોવો જોઈએ જેથી એક સુઘડ સુસંસ્કૃત સમાજ બાકી રહે અને બેશરમીના માહોલને કારણે થતા આવા ગુનાહો પર બ્રેક લાગે.

### ✯ મિશ્ર ભણતર સંસ્કૃતિને નુકસાનકર્તા છે ✯

સ્કૂલો ખાસ કરીને કોલેજોમાં યુવાનો યુવતીઓ મિશ્ર હોય છે અને મુક્ત વાતાવરણ હોય છે જેથી ત્યાં ફેશન પરેડો યોજાય તેટલી ફેશનો યુવતીઓ કરે છે, ગર્લફ્રેન્ડ–બોયફ્રેન્ડના સંબંધો બંધાય છે, પછી ગૃપ ડાન્સની પાર્ટીના પ્રોગ્રામો, મનોરંજનના વિવિધ પ્રોગ્રામો વારંવાર થાય છે જેમાંથી આડા સંબંધો ખીલે છે અને આમાંથી ઘણીવાર બળાત્કારના પણ બનાવો બને છે જેમાંથી અમુક જ બહાર પડે છે, જેમ કે ઉપર દર્શાવ્યા. જેવી રીતે આગ અને પેટ્રોલ સાથે સાથે રહે તેમાં ગમે તેટલી સાવચેતી વર્તાય પણ ભડકો થવાનો જ છે, તેમ પર પુરૂષ પર સ્ત્રી, યુવાન યુવતીઓનો મેળાપ થાય તો વાસના જન્મ લેવાની જ છે, એમાં કોઈ પોતાની શરાફત પર ફખ્ર કરી શકતો નથી, અને જે શરીફ હશે તે એવા પ્રોગ્રામોના સ્થળોએ રહી શકશે નહીં.

સારાંશ કે આ બધી ચીજો માનવીની વાસનાને ઉશ્કેરે છે અને તેના કારણે ન થવાના બનાવો વ્યભિચાર, બળાત્કાર પછી તેના પ્રત્યાઘાતમાં ખૂન, આત્મહત્યા, હુલ્લડો વગેરે જન્મ પામે છે અને સામાન્ય માનવ જીવનની શાંતિ પણ જોખમાય છે.

### ✯ એજ્યુકેશન માટે શું આ બધું જરૂરી છે ? ✯

આજકાલ એજ્યુકેશન મેળવવાનો મતલબ એ થઈ ગયો કે કોલેજો–સ્કૂલોમાં યુવાનોએ ફેશનેબલ કપડાં પહેરીને જવું અને યુવતીઓ ગેર મર્દોની નજરોનું કેન્દ્ર બની જાય એવા અંગ ઉપાંગોને ઉભારનાર, નગ્નતા પ્રદર્શિત કરનાર ડ્રેસીસ પહેરીને જાય, તો જ તે એજ્યુકેટેડ ગણાય ! તો શું આપણા બાપદાદાઓની શર્મો હયાવાળી, ચારિત્રવાન સંસ્કૃતિ સાથે સ્ટડી ન થઈ શકે ? ઈસ્લામી લિબાસ સાથે સ્ટડી ન થઈ શકે ? જરૂર થઈ શકે ! જ્ઞાન તો કોઈ પણ ડ્રેસમાં સભ્યતાથી રહીને મેળવી શકાય છે. 'વેલેન્ટાઈન ડે' જેવા આપણી સંસ્કૃતિ વિરુદ્ધના ડે મનાવ્યા સિવાય એજ્યુકેટેડ ન થવાય ? શું ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડના નામે અય્યાશી કરવામાં જ્ઞાન મળી શકે કે એક ચિત્તે અભ્યાસમાં પરોવાઈને આગળ આવી શકાય ? હા, કામ પૂરતો વહેવાર ક્યાંક રાખવો પડે તો અલગ વાત છે, પણ એજ્યુકેટેડ થવા માટે સ્વચ્છંદી બની, આવારા બની પારકા યુવાનો યુવતીઓ સાથે પાર્ટીઓ માણવી, ડાન્સ કલબોમાં જવું એ કાંઈ જરૂરી નથી, બલ્કે એ અભ્યાસ માટે તથા તમારી તેમજ તમારા ખાનદાનની ઈજ્જત માટે ખતરારૂપ છે. જેથી યુવાનો યુવતીઓએ એવા મર્યાદા બહારના સંબંધો રાખી હરવા ફરવાથી બચવું જેથી ઘણા બધા ફિત્નાઓથી બચી જવાશે. તથા શક્ય હોય

ત્યાં સુધી ગર્લ્સ તથા બોયઝ મિશ્ર સ્કૂલ કોલેજોને બદલે બંને અલગ હોવાં જોઈએ.

## ✭ સ્ત્રી પુરૂષની ભેળસેળ સંબંધે ઈસ્લામની ચેતવણીઓ ✭

ઈસ્લામમાં તો આ બાબતે ખૂબ જ ચેતવણીઓ આપવામાં આવેલી છે. જેમ કે કુર્આને પાકમાં રબ તઆલાનું ફર્માન છે : وَلَا تَقْرَبُوا الزِّنَا **"વ્યભિચારની નજીક પણ ન જાવ !"** વ્યભિચારની નજીક શું કહેવાય ? નિકાહ વિના એકબીજાને કારણ વિના જોતા રહેવું, પછી અવારનવાર મળવું, પાર્ટીઓમાં જવું, ઠઠ્ઠા મશ્કરી કરવી, ડાન્સ કરવા, એકાંતમાં મળવું, સ્પર્શવું વગેરે...... આ બાબતો છેવટે વ્યભિચારમાં સપડાવે છે અને ક્યાંક બળાત્કાર પણ થાય છે.

એટલા જ માટે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું, "દરેક સવારે બે ફરિશ્તા પોકારે છે કે પુરૂષો માટે સ્ત્રીઓ તબાહ કરનાર છે અને સ્ત્રીઓ માટે પુરૂષ." *(મુસ્તદરક બહવાલા ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

સારાંશ કે મેહરમો સિવાય ગૈર મર્દોથી સ્ત્રીઓએ બચીને રહેવું, એ જ પ્રમાણે પુરૂષોએ બચવું, નહીં તો શૈતાની કરતૂતો ઉદ્‌ભવ પામવાનાં જ છે જે માનવીની જિંદગીને બર્બાદ કરી નાખે છે.

પુરૂષોને ચેતવતાં રસૂલેપાક ﷺએ ફર્માવ્યું, "દુનિયા મીઠી તથા હરીયાળી ચીજ છે અને અલ્લાહ તમને એના માલિક બનાવીને જુએ (પરીક્ષા કરે) છે કે તમે શું કરો છો ? જેથી તમે **દુનિયાની રંગીનીઓથી બચો** અને **ઔરતોના ફિત્નાથી બચો.** *(સુનને ઈબ્ને માજહ બહવાલા ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

## ✭ હે નવયુવાનો તથા યુવતીઓ સાવધાન થઈ જાવ ! ✭

હે મારા પ્રિય નવયુવાન ભાઈઓ તથા બહેનો ! સાંભળો તે યૂરોપ અમેરિકા વગેરે દેશો જ્યાં સ્ત્રી પુરૂષો સ્વતંત્રતાના નામે કશીય મર્યાદા વિના જીવી રહ્યાં છે ત્યાંની હાલત જોઈ લો કે પુષ્કળ આત્મહત્યાના તથા બળાત્કારના બનાવો બને છે, ત્યાં કપડાં જેમ બોય ફ્રેન્ડ ગર્લ ફ્રેન્ડ બદલતા યુવાનો યુવતીઓની હાલત અતિ કફોડી થઈ જાય છે, કુદરતના નિયમ વિરુદ્ધ જીવન જીવવાથી તેઓ માનસિક શાંતિ ગુમાવી બેસે છે, કેટલાય માનસિક રોગોમાં તેઓ પીડાય છે, અય્યાશીમાં પડી ડ્રગ વગેરે નશાકારક ચીજોની આદત પાડી પોતાનું જીવન તબાહ કરે છે, તો ક્યાંક એઈડઝ જેવી ભયાનક જીવલેણ બીમારીઓમાં સપડાય જાય છે. ન તેમની દેખરેખ માટે માં, બાપ, ભાઈ હોય છે ન તેમના કોઈ ધણી ! કોઈનો સાયો તેમના સર પર નથી રહેતો અને તે વેશ્યા જેવું જીવન જીવવા છેવટે મજબૂર થાય છે. આમ જીવન હતાશા તથા તબાહીથી ભરપુર થઈ જાય છે.

હાલમાં જ અમારા એક મિત્ર યુ.કે.થી પધાર્યા તેમણે જણાવ્યું કે અસંખ્ય નાની વયની તરૂણીઓ ત્યાં રખડેલ બની ડ્રગના રવાડે ચઢી ગઈ અને પછી પૈસા ન મળતાં પોતાનું શરીર વેચીને ડ્રગ માટે પૈસા કમાય છે ! સ્થિતિ એટલી ગંભીર બની છે કે સિગ્નલ પર ગાડી ઉભી રહે અને દરવાજો લોક ન હોય તો અંદર ઘુસી જઈને પૈસા માટે સેક્સની ઓફર કરે છે ! તમે ના પાડો તો પોલીસને ખોટો કેસ કરવાની ધમકી આપે છે, જેથી તમારે આમ જ કાંઈ આપી જેમ તેમ કરીને જાન છોડાવવી પડે છે. આ છે સભ્ય કહેવાતા, એડવાન્સ દેશની સંસ્કૃતિનું તથા નવી પેઢીનું અધઃપતન ! આ છે સ્ત્રી આઝાદીનું પરિણામ !

હે યુવાનો ! શું તમે આવી કૂતરાં જેવી જિંદગી પસંદ કરો છો ? માટે તમે સંસ્કારી બનો અને માંબાપ રાજી રહે તેવી રીતે દીનદાર છોકરી છોકરાને પસંદ કરીને નિકાહ કરો અને અલ્લાહને રાજી કરવા ઈસ્લામી રીતિ નિયમવાળુ સંતોષનું સલામતીનું સામાજિક જીવન જીવો ! જો તમો આ યૂરોપી કલ્ચરને અનુસર્યા તો તમારા પણ એ જ ભૂંડા હાલ થશે અને જાનવર કરતાંય બદ્‌તર તમારું જીવન થઈ જશે.

## ✯ વ્યભિચાર સંબંધી ઈસ્લામી આદેશો ✯

હે મુસલમાનો ! તમને તો શું શીખવાડવું પડે ! તમારા પ્યારા નબી ﷺએ જ તો ફર્માવ્યું છે કે, "આંખોનો ઝિના (વ્યભિચાર) જોવું, કાનોનો ઝિના સાંભળવું, જીભનો ઝિના વાત કરવી, હાથનો ઝિના પકડવું, પગોનો ઝિના ચાલવું અને દિલ ખ્વાહિશ તથા તમન્ના કરે છે પછી શર્મગાહ (ગુપ્તાંગ) તેને સાચુ કે જૂઠુ કરે છે." *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૦)*

સારાંશ કે માણસ આંખ વડે પર સ્ત્રીને, પર પુરૂષને જુએ તે આંખનો ઝિના, કાનોથી બિભત્સ વાતો સાંભળે, જીભથી ગુનાહની વાસનાની વાત કરે, હાથથી પર સ્ત્રી કે પુરૂષને સ્પર્શે એ રીતે દરેક અંગ ઝિનામાં પડે છે, છેવટે ભાન ગુમાવતાં પૂરેપૂરાં ઝિનામાં સપડાય છે કે જે મહાન (કબીરા) ગુનોહ છે. મુસલમાનો ! ઝિનાને ઈસ્લામે ખૂબ જ ગંભીરતાથી લીધેલ છે જેથી તમે મુસલમાન છો તો તમારા પ્યારા રસૂલે પાક ﷺની ચેતવણીઓ સાંભળો અને કાંપી ઉઠો !

- ✪ જે ગૈર મેહરમ (પર સ્ત્રી) સાથે હાથ મિલાવે તો કાલે કયામતના દિવસે બંનેના એ હાથોને આગની સાંકળો વડે બાંધવામાં આવશે, અને એ હાથનો ઝિના છે. *(મુસ્લિમ, બુખારી)*
- ✪ જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તે ઝાનિયા (વ્યભિચારીણી) છે.
- ✪ જે ગૈર મેહરમ સ્ત્રીને જુએ તે આંખોમાં કયામતના દિવસે આગના સળીયા નાખવામાં આવશે.
- ✪ જે ગૈર મેહરમને જુએ અને જેના તરફ જોવામાં આવે બંને પર અલ્લાહની લઅનત છે.
- ✪ કોઈના માથામાં સોય ખોસવામાં આવે એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ (નિકાહમાં) નથી. *(તિબ્રાની વ બયહકી)*
- ✪ કોઈ ગૈર ઔરતના ખભાથી ખભો લગાડવો એ એનાથી બુરું છે કે તું કોઈ સુવ્વર સાથે શરીર લગાડે. *(તિબ્રાની વ તરગીબ બહવાલા કિતાબ "ઝિના ગુનાહે કબીરા")*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! તમારાં દિલોમાં ઈમાની ગૈરત (શરમ)ને જાગૃત કરો અને ઉપરોક્ત ચેતવણીથી સાવધાન થઈને પર સ્ત્રીઓ સાથે ઉઠક બેઠક મેળ મેળાપને ત્યજી દો તો બંને જહાનમાં સલામત થઈ જશો. નામેહરમ સ્ત્રીઓથી બચીને દૂર રહેવાનો કેટલો મહાન બદલો છે તે જુઓ :–

હુઝૂર ﷺ ફર્માવે છે કે, "સાત માણસોને અલ્લાહ તઆલા **કયામતના દિવસે અર્શના સાયામાં** જગા આપશે (તેઓ પર અઝાબ નહીં થાય) અને તે દિવસે અર્શે ઈલાહી સિવાય ક્યાંય સાયો નહીં હોય. એમાં એક શખ્સ તે પણ હશે **જેને કોઈ ખૂબસૂરત સુંદર (રૂપાંગના)**, હસબ તથા નસબવાળી **સ્ત્રી પોતાની તરફ બોલાવે** અને તે જવાબમાં કહે કે, **"બેશક ! હું બંને જહાનના રબથી ડરું છું !"** *(ઈસ્લામ અને વિશ્વશાંતિ)* અને જે ગલત કામોમાં પડશે તેના માટે આખેરતમાં ભયંકર અઝાબો છે.

## ✯ ઈસ્લામમાં નજરોની હિફાઝતનું મહત્વ ✯

એક બેબાક માહોલનો તર્જુમાન આંખોના બારામાં લખે છે :–

***હોતા હૈ રાઝે ઈશ્કો મહબ્બત ઉન્હીંસે ફાશ–આંખેં ઝબાન નહીં પર બેઝબાન નહીં !***

સ્ત્રી પુરૂષમાં જે જાતિય આકર્ષણ રહેલું છે તેના પ્રારંભનો ઝરીયો આંખો જ છે. પ્રથમ નજર બહેકે છે પછી દિલ બહેકે છે અંતે આખુ વજૂદ બહકે છે. એટલા માટે ફિત્નાને જન્મતો જ ડામવા માટે રબ તઆલાનો કુરઆનમાં આદેશ છે : "મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નિગાહો કાંઈક નીચી રાખે અને પોતાની

ગુપ્તાંગોની હિફાઝત કરે એ તેમના માટે ખૂબ જ સુથરુ છે. બેશક ! અલ્લાહને તેમનાં કામોની ખબર છે." *(સૂરએ નૂર, ૩૦/૨૪)*

મુસ્લિમ શરીફમાં જરીર ઈબ્ને અબ્દુલ્લાહ ફર્માવે છે કે મેં અજનબી (નામહરમ) સ્ત્રી પર નજર પડી જવાના બારામાં પૂછયું તો આપ ﷺએ ફર્માવ્યું, **"નજર ફેરવી લો !** આગળ ફર્માવ્યું છે કે અચાનક પડી જતી પ્રથમ નજર માફ છે પણ બીજીવાર (ઈરાદાપૂર્વક) પડતી નજર પર રબ તરફથી શિક્ષા થશે. પુરૂષો જેમ સ્ત્રીઓને પણ પર પુરૂષો પર નજર ન ફેંકવાનો હુકમ અલ્લાહ તઆલા કરે છે : "અને મુસલમાન સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે અને ગુપ્તાંગોની રક્ષા કરે." *(સૂ. નૂર, ૩૦/૨૧)*

સ્ત્રીઓ નાઝુક સ્વભાવની નરમવૃત્તિવાળી હોય છે અને તેમના પર માહોલની ખરાબીની અસર જલ્દી થાય છે એટલા માટે ઈસ્લામે ખાસ પર્દામાં રહેવાની અને નામેહરમોથી (પર પુરૂષોથી) નજરો મિલાવવાની કે નજર ફેંકવાની મના કરી છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا બયાન કરે છે કે, હું અને મૈમૂના હુઝૂરની પાસે હતાં. હુઝૂરના એક નાબીના સહાબી ઉમ્મે મક્તૂમ કોઈ જરૂરત હેઠળ હુઝૂરની પાસે આવ્યા તો હુઝૂરે અમને બંનેને પર્દામાં જવાનો હુકમ કર્યો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું ઉમ્મે મકતૂમ નાબીના નથી ? હુઝૂરે ફર્માવ્યું, શું તમે બંને પણ આંધળી છો ? એમને જોતી નથી ! *(મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૬૯, બહવાલા ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

## ✪ ઈસ્લામી અખ્લાક઼માં સર્વ બુરાઈઓનું નિવારણ છે ! ✪

ઈસ્લામમાં પોતાનો શણગાર ગૈરો સમક્ષ પ્રદર્શિત ન કરવાનો આદેશ છે, ગૈર મર્દો સાથે આકર્ષણ ઉપજે છે તેવા લહેજામાં વાત કરવાની મના છે કે ક્યાંક તે લલચાય ન જાય ! કોઈ ચીજની લેવડ દેવડ ગૈર મર્દ સાથે કરવાની થાય તો પર્દામાં રહીને જ કરવામાં આવે અને એને દિલની અધિક પવિત્રતામાં ગણાવેલ છે. અને ઘર બહાર નીકળે તો શરીર ઢાંકી મોઢા પર ચાદર (નિકાબ) રાખવાનો આદેશ છે કે જેથી તેણીની ઈજ્જત બચેલી રહેશે. ઉપરાંત યુવાન થતાં વહેલી તકે નિકાહ કરાવી દેવાનો આદેશ છે. ઈસ્લામમાં આબરૂ જાનથી અધિક કિંમતી છે. જો એના પર ચાલવામાં આવે તો કોઈ બુરાઈ માથુ ઉઠાવી શકે જ નહીં.

સારાંશ કે ઈસ્લામ જ આ વ્યભિચાર તથા બળાત્કારની બદીને દૂર કરવાનો ઈલાજ છે. ઈસ્લામના સૂચવેલા આ સર્વ આદેશો તથા અમલો એ સમગ્ર માનવજાત માટે ભલાઈનો તથા ચૈન સૂકૂન પામવાનો માર્ગ છે જેથી જો એના પર ચાલવામાં આવે તો વ્યભિચાર તથા બળાત્કારની બુરાઈ જન્મ જ ન લઈ શકે અને વિશ્વમાં પવિત્રતા તથા અમ્નો સલામતીનું સામ્રાજ્ય સ્થાપિત થઈ શકે. જેથી હે મુસલમાનો ! તમો પણ એના પર અમલ કરો. અને હે માં બાપો ! રાત્રે યુવાનો યુવતીઓને ઘરથી બહાર ભટકવા ન દો, તેમના મિત્રો કોણ છે તે જુઓ, ક્યાં જાય છે તે જોતા રહો, ખોટા માર્ગે ચઢેલી સહેલી કે મિત્ર હોય તો તેનાથી દૂર થવા તમારી અવલાદને પ્રેમથી સમજાવો અને તમારી ઔલાદ પુત્રો પુત્રીઓને ઈસ્લામી તા'લીમ શીખવાડો, ખુદાના ડરની વાતો સમજાવો, આખેરતનું મહત્વ સમજે તેવું સાહિત્ય ઘરમાં સમૂહમાં બેસી વાંચો, વંચાવો, ખૌફે ખુદાવાળા પૂર્વજ બુઝુર્ગો તથા નેક ખાતૂનોનાં જીવન ચરિત્રોની માહિતી શીખવાડો, જૂઠ, ગીબત, ચુગલી વગેરેની બુરાઈ સમજાવી તેમનાથી બચી નમાઝ, રોઝા, વગેરે ઈબાદતોની પાબંદી સાથે સ્વચ્છ પવિત્ર જીવન જીવવા સમજાવો. દીનની મહોબ્બત, અલ્લાહ વ રસૂલની મહોબ્બત દિલોમાં બેસે એવો માહોલ ઘરનો બનાવો, ટીવી, વિડિયો, ઈન્ટરનેટ તથા બિભત્સ સાહિત્યોની સોહબતમાં છોડી ન શકો, નહીં તો આવનારું ભવિષ્ય તમારું બેચૈનીમય બની જશે અને આખેરતમાં પણ સજા મળશે, અને ઈસ્લામ પર ચાલશો ચલાવશો તો બંને જહાનમાં ચૈન તથા સુકૂન મળશે. ઈન્શાઅલ્લાહ !

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ إِنَّ اللَّهَ قَدْ بَعَثَ
لَكُمْ طَالُوتَ مَلِكًا ۚ قَالُوا أَنَّىٰ يَكُونُ لَهُ الْمُلْكُ عَلَيْنَا وَنَحْنُ أَحَقُّ
بِالْمُلْكِ مِنْهُ وَلَمْ يُؤْتَ سَعَةً مِّنَ الْمَالِ ۚ قَالَ إِنَّ اللَّهَ اصْطَفَاهُ
عَلَيْكُمْ وَزَادَهُ بَسْطَةً فِي الْعِلْمِ وَالْجِسْمِ ۖ وَاللَّهُ يُؤْتِي مُلْكَهُ
مَن يَشَاءُ ۚ وَاللَّهُ وَاسِعٌ عَلِيمٌ ﴿٢٤٧﴾ وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ إِنَّ آيَةَ مُلْكِهِ
أَن يَأْتِيَكُمُ التَّابُوتُ فِيهِ سَكِينَةٌ مِّن رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ
آلُ مُوسَىٰ وَآلُ هَارُونَ تَحْمِلُهُ الْمَلَائِكَةُ ۚ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً لَّكُمْ
إِن كُنتُم مُّؤْمِنِينَ ﴿٢٤٨﴾

### ત.....ર્જુ.....મો.....

"અને કહ્યું તેઓને તેમના નબીએ કે બેશક ! અલ્લાહ તઆલાએ નિયુક્ત કરી દીધા છે તમારા માટે તાલૂતને. અમીર[૩૨૩] બોલ્યા, કઈ રીતે થઈ શકે છે એને હુકૂમતનો હક્ક઼ અમારા પર, જ્યારે કે અમે હુકૂમતના અધિક હક્ક઼દાર છીએ તેના કરતાં અને નથી આપવામાં આવી તેને અધિક્તા માલ તથા દૌલતમાં. નબીએ ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલાએ ચૂંટી કાઢયા છે તેમને તમારી સરખામણીમાં અને તેમને અધિક આપી છે ઈલ્મમાં વિશાળતા અને શરીરમાં. અને અલ્લાહ અતા કરે છે પોતાનો મુલ્ક જેને ચાહે છે, અને અલ્લાહ તઆલા વિશાળતાવાળો, સર્વ કાંઈ જાણનાર છે. અને કહ્યું તેમને તેમના નબીએ કે તેની બાદશાહીની નિશાની એ છે કે આવશે તમારી પાસે એક સંદૂક તેમાં તસલ્લી(નો સામાન) હશે તમારા રબની તરફથી, અને (એમાં) બચેલી ચીજો હશે જેને મૂસાની અવલાદ તથા હારૂનની અવલાદ છોડી ગઈ છે, ઉઠાવી લાવશે તે સંદૂકને ફરિશ્તા. બેશક ! એમાં મહાન નિશાની છે તમારા માટે જો તમે ઈમાનદાર છો[૩૨૪].

### તફસીર...............

૩૨૩. તેમની ખ્વાહિશ તથા આગ્રહને કારણે જ્યારે અલ્લાહ તઆલાએ તાલૂતને તેમનો સરદાર તથા સેનાપતિ નિશ્ચિત કરી દીધો તો વાંધો ઉઠાવવા લાગ્યા કે એ શખ્સ ન લાવી બિન યાકૂબની અવલાદમાંથી છે જેમાં નબુવ્વત પેઢી દર પેઢી ચાલ્યી આવી છે અને ન યહૂદ બિન યાકૂબની અવલાદથી છે જેમાં હુકૂમત તથા સલ્તનત પેઢી દર પેઢી ચાલી આવે છે, જેથી એ નાદાર તથા ગરીબ કઈ રીતે ક઼ૌમનો સરદાર તથા લશ્કરનો સેનાપતિ બની શકે છે. ઈમામતના (સરદારીના) હક્ક઼દાર તો અમે છીએ જેમની પાસે દૌલતની ભરમાર છે. હઝરત સમૂઈલ عليه السلامએ તેમને જણાવ્યું કે હુકૂમતને માટે તમારું બનાવી કાઢેલું માપદંડ બરાબર નથી, બલ્કે તેનું સાચુ માપદંડ તો ઈલ્મ તથા બહાદુરી છે. અને એ બંનેવ વાતોમાં તે તમારા કરતાં વિશેષ છે. બાબબલમાં છે કે એ ત્રીસ વરસનો નવયુવાન પોતાના હુસ્નો જમાલમાં અજોડ હતો, તેના કદની ઊંચાઈની એ સ્થિતિ હતી કે અન્ય લોકો મહામુશ્કેલીએ તેના ખભાઓ સુધી પહોંચી શકતા હતા અને તે બિન યામીનના વંશથી હતો. હઝરત સમૂઈલે તેઓને જણાવ્યું કે તાલૂતની પસંદગી માનવીય પસંદગી નથી બલ્કે રબ્બુલ ઈઝ્ઝતે તેને તમારી સરદારી માટે પસંદ

કર્યો છે, તમારે તેની અતા તથા બખ્શિશ પર વિરોધ ઉઠાવનાર થવું જોઈએ નહીં.

**૩૨૪.** બની ઈસ્રાઈલ વળી ક્યારે પોતાની જીદથી સરળતાપૂર્વક દૂર રહેનારા હતા, તરત જ માંગણી કરી કે, તમો દલીલ પેશ કરો કે તાલૂતની પસંદગી ખરેખર અલ્લાહ તઆલાએ કરી છે. તે વખતે તેમના નબીએ તેમને ફર્માવ્યું કે એની હુકૂમતની નિશાની એ છે કે જે સંદૂક જેમાં તમારા સંતોષ તથા સાંત્વનનો સામાન છે અને જેમાં હઝરત મૂસા علیہ السلام તથા હારૂન علیہ السلام નાં તબુર્રકાત હતાં અને જે આમાલક઼ા તમારાથી છીનવીને લઈ ગયા હતા તે તેમને ફરિશ્તા પરત કરી આપશે. અને જો તમારામાં ઈમાન છે તો આનાથી વધીને તમને વધારે કોઈ નિશાનીની જરૂરત રહેશે નહીં. જ્યારે ફરિશ્તા એ સંદૂકને ઉઠાવીને અથવા એ બળદગાડાને હાંકતા જેના પર તાબૂત રાખેલ હતું બની ઈસ્રાઈલની પાસે લઈ આવ્યા તો હવે તેમને તાલૂતની પ્રજા બનવામાં સંતોષ થઈ ગયો તેમજ તેમને સાંત્વન થઈ ગયું કે હવે તેઓ યક઼ીનન વિજય પામનારા બનશે, કેમ કે અંબિયાએ કિરામના તબર્રુકોવાળુ સંદૂક જેમાં હઝરત મૂસાનો અસો (લાકડી) તથા પોશાક અને હઝરત હારૂનનો અમામો હતો તે તેમને તરત મળી ગયું. આ આયતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે તે ચીજો જેનો સંબંધ અલ્લાહ તઆલાના મક઼બૂલ બંદાઓ સાથે થાય છે તેની બરકતથી દુઆઓ ક઼બૂલ થાય છે અને દુશ્મનો પર જીત નસીબ થાય છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હુઝૂર ﷺના નખો, બાલ મુબારકને તબુર્રકના રૂપે પોતાની પાસે રાખ્યા કરતા હતા. હઝરત ખાલિદ બિન વલીદના માથા પર ટોપી હતી જેમાં હુઝૂરે અકરમ ﷺનો એક બાલ મુબારક રાખેલો હતો. હઝરત ખાલિદ ફર્માવે છે કે જે જંગમાં હું એ ટોપી માથે રાખીને જાઉં છું તો અલ્લાહ તઆલા એ બાલની બરકતથી મને કામયાબી તથા વિજયી બનાવે છે.

પેજ નં. ૪૧ નું ચાલુ...

દલીલ પણ ઉપરોક્ત વર્ણવેલ આપણા મહાન પેશ્વાઓની નજરોથી ઓજલ નથી, પોતાના લખાણોમાં એનો ઉલ્લેખ પણ કરે છે તેમ છતાં પણ સ્પષ્ટતા કરે છે કે હુઝૂર ﷺના શરીર મુબારકને સાયો ન હતો. એનાથી જાણવા મળે છે કે **તેમનો આ અક઼ીદો અજાણતામાં નથી બલ્કે ભરપુર માલૂમાતના અજવાળામાં છે.** શું એના પછી પણ એ ઈલ્ઝામના માટે ગુંજાઈશ રહી જાય છે કે શરીર પાકનો પડછાયો ન હોવાનો ખયાલ પબ્લિકના દિમાગનો કાઢેલો છે ?! મિલ્લતના તે પેશ્વાઓને જો પબ્લિકની સફમાં ખડા કરવામાં (ગણવામાં) આવે તો પ્રથમ એ જણાવવામાં આવે કે સહાબા તથા તાબઈન તથા તબએ તાબઈન પછી ઉમ્મતના પેશ્વાઓ મોટેરાઓની યાદીમાં કોણ લોકો આવે છે ?

પૂર્વગ્રહવાળાં દિલોને સાંત્વન પહોંચાડવાનું આપણા ઈખ્તિયારમાં નથી, પરંતુ કમસે કમ વર્ણન થનાર હદીષો તથા બુઝુર્ગોની રિવાયતોની રોશનીમાં જરૂર એટલું તો સ્વીકારવું પડશે કે નબી કરીમ ﷺના શરીર મુબારકને પડછાયો ન હોવાના સંબંધે આમ મુસલમાનોનો આ અક઼ીદો પાયાહિન નથી. સાબિતીની કેવળ દલીલો જ નથી પણ વિશ્વસનીય હસ્તીઓની માન્યતા પણ એ જ છે. પડછાયો ન હોવાની સાબિતીમાં સહાબાના યુગથી લઈને આખરી દૌર સુધીની આ સતત વારસાગત ગવાહીઓ વર્તમાનકાળના અમુક દીવાના માણસોના ઈન્કારને લીધે હરગિઝ તરછોડી શકાશે નહીં. મઝહબી અઝમતોની પાયમાલીનું આનાથી અધિક દર્દનાક માતમ અન્ય શું હોય શકે છે કે જેહાલતના શહેરનો દરેક હલકી કક્ષાનો વ્યક્તિ રાઝી તથા ગિઝાલીના સ્થાનેથી વાત કરે છે ! અને તમાશો એ છે કે તહતુષ્ષરામાં ઘુસેલી બુનિયાદોમાં ખૂદ પોતાના જ દિમાગની બુનિયાદ હાલી ઉઠે છે. ખુદાએ ક઼દીર વર્તમાનકાળની બુરાઈઓ તથા ફિત્નાઓથી ભોળાભાળા મુસલમાનોને મેહફૂઝ રાખે.

અહીં સુધી નક઼્લ તથા રિવાયતની હૈસિયતથી મસ્અલા પર ચર્ચા કરવામાં આવી. આગળ જતાં "બશરિયત"ની દલીલની ભરપુર સમીક્ષા જુઓ. *(ક્રમશ):*

દર્સે હદીસ પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

એટલે **મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત** કાર્યાલય

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ :** *હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે. જણાવે છે કે ત્રણ ગિરોહ નબી ﷺ ની પત્નીઓની ખિદમતમાં હુઝૂર ﷺ ની ઈબાદત માલૂમ કરવા માટે હાજર થયા[૧]. જ્યારે તેમને ઈબાદતોની ખબર આપવામાં આવી તો લગભગ તેમણે તેને કાંઈ ન જાણી[૨]. તો બોલ્યા કે આપણે નબી ﷺ થી (તેમની ઈબાદતોથી) શું નિસ્બત ! રબ તઆલાએ તેમના સબબે તેમના આગલા તથા પાછલાઓની ખતાઓ બખ્શી આપી[૩]. જેથી તેમનામાંથી એક બોલ્યો કે હું હમેશાં આખી રાત નમાઝ પઢયા કરીશ[૪]. બીજો બોલ્યો, હું હમેશાં દિવસે રોઝાદાર રહીશ, કદી ઈફતાર કરીશ નહી[૫]. ત્રીજો બોલ્યો કે હું ઔરતથી અલિપ્ત રહીશ, કદી નિકાહ કરીશ નહી[૬]. પછી નબી ﷺ તેમની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, તમે જ તેઓ છો જેમણે આવું આવું કહ્યું ? ખબરદાર રહો કે ખુદાની કસમ ! હું તમારા સૌમાં અલ્લાહથી અધિક ડરનાર તથા ખૌફ કરનારો છું પરંતુ હું રોઝા પણ રાખુ છું, ઈફતાર પણ કરું છું. નમાઝ પણ પઢું છું અને સૂઈ પણ જાઉં છું. બીબીઓ સાથે નિકાહ પણ કરું છું[૭]. જેણે મારી સુન્નતથી મોઢું ફેરવ્યું તે મારાથી નથી[૮]. (મુસ્લિમ, બુખારી)*

*હઝરત આઈશા رضي الله عنها થી રિવાયત છે કે નબી ﷺ એ કોઈ કામ કર્યું પછી તેની ઈજાઝત થઈ ગઈ[૯]. પણ એક ગિરોહે તેનાથી પરહેઝ કર્યું[૧૦]. એ ખબર હુઝૂર ﷺ ને પહોંચી તો આપે ખુત્બો પઢયો અને અલ્લાહની હમ્દ કરી પછી ફર્માવ્યું કે એ લોકોનો શો હાલ છે કે એ ચીજોથી બચે છે જેને હું કરું છું. અલ્લાહની કસમ ! હું એ સૌ કરતાં અલ્લાહને અધિક જાણુ છું અને સૌથી અધિક અલ્લાહથી ડરનારો છું." (મુસ્લિમ, બુખારી)*

*રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત છે[૧૨], ફર્માવ્યું, નબી ﷺ મદીના મુનવ્વરામાં તશરીફ લાવ્યા. મદીનાવાસીઓ ખજૂરોની શાદી કરતા હતા[૧૩] તો ફર્માવ્યું, આ શું કરો છો ?! બોલ્યા કે અમે પહેલેથી આવું કરતા આવ્યા છીએ. ફર્માવ્યું, શક્ય છે કે તમે આવું ન કરો તો સારું છે[૧૪]. લોકોએ એ શાદી છોડી આપી, તો ફળો ઓછાં થઈ ગયાં. ફર્માવે છે તેઓએ એ બનાવ આપ ﷺ ને અર્ઝ કર્યો[૧૫]. તો ફર્માવ્યું કે હું એક બશર છું, જ્યારે તમને કોઈ દીની કામનો હુકમ આપું તો તેને લઈ લો અને જ્યારે મારી રાય થકી કાંઈ કહું તો હું બશર જ છું[૧૬]. (મુસ્લિમ શરીફ)*

## સ....મ....જૂ....તી....

**૧.** رهط દસથી ઓછા લોકોના ગ્રૂપને કહે છે, અહીં લગભગ ફર્દના અર્થમાં છે એટલે ત્રણ સહાબીઓ હઝરત અલી, ઉષ્માન ઈબ્ને મઝ઼ઊન અને અબ્દુલ્લહ ઈબ્ને રવાહા અથવા મિકદાદ ઈબ્ને અસ્વદ. હુઝૂર ﷺ ની રાતની ઈબાદતોને માલૂમ કરવા માટે કોઈ પવિત્ર બીબીની પાસે હાજર થયા, નહીં તો દિવસની ઈબાદત તો તેઓ જાણતા જ હતા. *(મિર્કાત)*

**૨.** કેમ કે તેમનો ખયાલ હતો કે હુઝૂર ﷺ આખી રાત જાગ્યા જ કરતા હશે, અને ઈબાદત સિવાય કોઈ કામ કરતા નહીં હોય. પણ જણાવવામાં એવું આવ્યું કે રાતમાં સૂએ પણ છે અને જાગે પણ છે, અને જાગૃતાવસ્થામાં ઈબાદત પણ કરે છે તથા દુનિયવી કામ પણ કરે છે, ત્યારે તેમને એ ખયાલ ગુજર્યો.

**૩.** સુબ્હાનલ્લાહ ! શું અદબ છે કે એ ઈબાદતની (જાહેરી) કમીને હુઝૂરની શાનની મહાનતાની દલીલ બનાવી અને એવી સ્પષ્ટતા કરી કે ઈબાદતની અધિક્તા ગુનાહ માફ કરાવવા માટે જરૂરી છે.

હુઝૂર ﷺ તો બેગુનાહ છે, જો તદ્દન ઈબાદત ન કરે તો પણ દુરુસ્ત છે. યાદ રાખશો કે આ વાત કુર્આન શરીફથી કાઢેલ છે. يغفرك الله ما تقدم من ذنبك وما تأخر આ આયતના ઘણા ખુલાસાઓ આપવામાં આવ્યા છે, પણ કવી (મજબૂત) વાત એ છે કે "ઝનબ"થી મુરાદ લગઝિશ છે ન કે ગુનાહ. ઈશ્ક કહે છે કે "ઝન્બિક"થી મુરાદ ઉમ્મતના ગુનાહો છે જેને બખ્શાવવું હુઝૂર علیہ السلامના જિમ્મે છે, જેમ કે પયરવી કરનાર વકીલ કહે છે કે આજે મારો કેસ છે.

**૪.** એટલે દરેક આખી રાત જાગતા રહીને.

**૫.** સિવાય મનાઈના પાંચ દિવસોના. શવ્વાલની પ્રથમ તારીખ અને બક્ર ઈદની દસમી, ૧૧મી, ૧૨મી, ૧૩મી તારીખ, કે **એમાં રોઝા રાખવા હરામ** છે.

**૬.** કે નિકાહ જ રબથી ગફલત તથા દુનિયામાં ફસાવાનો ઝરીયો છે, એના લીધે રોજી કમાવાની ફિકર ઉભી થાય છે.

**૭.** સુબ્હાનલ્લાહ ! કેવી ઉમદા તા'લીમ છે કે હુઝૂર ﷺએ આપણને ઈસાઈઓ તથા સાધુઓની જેમ સંસાર ત્યાગી (સન્યાસી) ન બનાવ્યા, બલ્કે દુનિયાને દીન બનાવ્યો, કેમ કે હુઝૂર ﷺનું દરેક કામ સુન્નત છે જેથી ઈફતાર પણ સુન્નત, રાત્રે તહજ્જુદ પઢવી પણ સુન્નત અને સૂવું પણ સુન્નત, નિકાહ કરવો, ઔલાદ હાંસલ કરવી પણ સુન્નત, દુનિયવી કારોબાર કરવો સર્વ સુન્નત તથા ઈબાદત છે, જેના પર સવાબ મળે છે. ઈન્શાઅલ્લાહ ! મો'મિનને આ સર્વ કામો પર સવાબ છે. આ સ્થળે મિર્કાતે સહાબાના ખૌફે ખુદા વિશે ઘણો જ ભવ્ય કિસ્સો વર્ણન કર્યો છે.

**૮.** એટલે કે **જે કોઈ કોઈક સુન્નતને બુરી જાણે તે ઈસ્લામથી ખારિજ છે,** અથવા જે કશાય ઉઝર (મજબૂરી) વિના સુન્નત ત્યજવાનો આદી (ટેવવાળો) થઈ જાય તે મારા પરહેઝગાર બંદાઓની જમાઅતથી ખારિજ (બહાર) છે, જેથી હદીષ પર કોઈ વાંધો નથી. યાદ રાખશો કે નિકાહ મોટા ભાગે સુન્નત છે, કદીક ફર્ઝ અને કદીક હરામ પણ થઈ જાય છે, જેમ કે નામરદને માટે નિકાહ મના છે. હુઝૂર ﷺની સુન્નત પર અમલની કોશિશ કરવી જોઈએ.

**૯.** એટલે હુઝૂર ﷺએ કોઈ મુબાહ દુનિયવી કામ કર્યું જેના લીધે લોકોના માટે મુબાહ જ નથી બલ્કે સુન્નત બની ગયું. હદીષમાં ઉલ્લેખ ન થયો કે કયું કામ હતું, કદાચ રોઝાદારના માટે પત્નીને બોસો આપવું હતું અથવા સફરમાં રમઝાનના રોઝાને છોડવું હતું. *(મિર્કાત)*

**૧૦.** એવું સમજીને કે ભલે જાઈઝ એ પણ છે, પણ તેનું ન કરવું તક્વો છે. હુઝૂર ﷺનો એ કૌલ કેવળ જાઈઝ હોવાના માટે છે.

**૧૧.** કહેવું કે નહીં, તક્વો અને પરહેઝગારી મારી ફર્માંબરદારીમાં મળશે, જેમ કે રાતમાં ખુદાના ડરથી રડવું સુન્નત અને ઈબાદત છે, એવી જ રીતે આરામથી સૂવું સુન્નત તથા ઈબાદત છે, કેમ કે બંનેવ મારા તરીકા છે.

**૧૨.** આપની કુન્નિયત (ઉપનામ) અબૂ અબ્દુલ્લાહ છે, હારષી છે, અન્સારી છે. ગઝવએ ઓહદમાં તીર વાગ્યું હતું, પણ જીવલેણ ઘા થયો ન હતો, ઘા રુઝાઈ ગયો હતો. અબ્દુલ માલિક ઈબ્ને મરવાનના જમાનામાં તે ઘા ફરી ઉભરાયો તેનાથી આપનું મૃત્યું થયું. ગઝવએ બદર સિવાય કે ત્યારે આપ બાળક હતા, બાકી સર્વ ગઝવાતમાં હુઝૂરે અકરમ ﷺની સાથે રહ્યા. ૮૬ વરસની વયે હિ.સ. ૭૩માં મદીના મુવ્વરામાં વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા.

**૧૩.** એ રીતે કે નર ખજૂરની ડાળી માદા ખજૂરમાં લગાડી દેતા હતા, જેનાથી ફળો વધુ તથા સારાં થતાં હતાં. આપણે ત્યાં એને ઝાડ અથવા બાગની શાદી કહે છે. આ મોકા પર બાગવાળા ઘણી ખુશી મનાવે છે. યાદ રાખશો કે ઝાડોમાં પણ નર તથા માદા છે, અમુકને લોકો જાણે છે અમુકને નથી જાણતા. નર ઝાડને હવા સ્પર્શીને જ્યારે માદા ઝાડને લાગે છે તો એનાથી ફળ આવે છે. મિર્કાતમાં ફર્માવ્યું કે આદમ علیہ السلامની બચેલી માટી વડે ખજૂરનું ઝાડ પેદા થઈ ગયું એટલા માટે એમાં નર માદાનું સંગમ જરૂરી છે.

**૧૪.** કે તમે એ મહેનતથી બચી જાવ અને ફળો પણ જે નસીબમાં છે તે મળે અને તમને તવક્કુલનો દરજ્જો નસીબ થાય.

**૧૫.** અમુક આલિમોએ ફર્માવ્યું કે તે હઝરાતે સબ્રથી કામ ન લીધું બલ્કે જલ્દીથી ફરિયાદ કરી નાખી. જો તવક્કુલ કરીને અમુક દિવસો સુધી નુકસાન વેઠતા તો મહાન બરકત જોતા. હુઝૂરની રાય પણ મુબારક છે. યાદ રાખશો કે હુઝૂર બાગના એ રહસ્યથી બેખબર ન હતા બલ્કે તેમને તવક્કુલનો સબક્ આપવો હતો. બેખબરી કેવી રીતે થઈ શકે છે ?! હુઝૂર અવ્વલ તથા આખરના જાણનાર છે. કઈ રીતે થઈ શકે છે કે બાગવાળા તો એ ચીજને જાણે અને હુઝૂર ન જાણે ! યૂસુફ علیہ السلامએ કદી ખેતી ન કરી પણ મિસ્રના બાદશાહને ફર્માવ્યું, **فَمَا حَصَدْتُّمْ فَذَرُوْهُ فِیْ سُنْۢبُلِهٖ** ઘઉંને ભૂસાથી અલગ ન કરો જેથી ખરાબ ન થાય, અને દુકાળમાં કામ આવે. તેમજ આપે કદી સલ્તનત કરી ન હતી પણ મિસ્રના બાદશાહને ફર્માવ્યું કે મને ખજાનાઓનો હાકિમ બનાવી આપ **اِنِّیْ حَفِیْظٌ عَلِیْمٌ** હું સર્વ કાંઈ જાણું છું, સર્વ દુકાળગ્રસ્તોને સંભાળી લઈશ. જ્યારે યુસૂફ علیہ السلامના ઈલ્મની આ સ્થિતિ છે તો આપણા હુઝૂર ﷺ આ મામૂલી વાતથી કઈ રીતે બેખબર હોય શકે છે ?! એની સંપૂર્ણ તેહક઼ીક઼ મારી કિતાબ ''જા અલ હક્ક઼''માં જુઓ.

**૧૬.** એટલે કે મારાં ફર્માન બે પ્રકારનાં છે : શરઈ હુકમો અને દુનિયવી રાય મુબારક (મતંવ્ય.) શરઈ હુકમો પર અમલ કરવો લાઝિમ છે, કેમ કે ત્યાં નબુવ્વત તથા નૂરાનિયતનો લેહાઝ છે. પણ રાય મુબારકને સ્વીકારવું મુસ્તહબ છે, ન માનવાનો પણ અધિકાર છે, **પરંતુ તેને પણ બુરુ કે તુચ્છ જાણવું કુફ્ર** થશે. એ જ અહલે સુન્નતનો અક઼ીદો છે અને આ જ એ હદીષનો મતલબ છે કે મારું કલામ કુર્આનને મન્સૂખ નથી કરી શક્તું, એટલે કે રાય તથા મશ્વરા. કેમ કે રાયમાં હુઝૂરની બશરિયતનું પ્રદર્શન છે. યાદ રાખશો કે હુઝૂરનું પોતાને બશર (માનવ) કહેવું એ આપનો કમાલ છે, **આપણે જો આ શબ્દ તૌહીન અથવા બરાબરીના દાવા સાથે કહીએ તો કાફિર થઈ જઈએ. શૈતાન નબીને હલકા જાણીને અને તેમને બશર કહીને જ કાફિર થયો.** કેમ કે તેણે કહ્યું, **مَا كُنْتُ لِاَسْجُدَ لِبَشَرٍ** યૂનુસ علیہ السلامએ પોતાને જાલિમ કહ્યા **اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ** પણ કોઈ અન્ય શખ્સ નબીને જાલિમ કહે તો ખૂદ જાલિમ થઈ જશે. બાદશાહ કહે છે કે હું તમારો ખાદિમ છું, એ એનો કમાલ છે, પરંતુ અન્ય કોઈ કહે તો સજા પામશે. યાદ રાખશો કે હુકમ તથા મશ્વરાનો ફરક કુર્આને કરીમમાં મૌજૂદ છે. ફર્માવે છે : **اَقِیْمُوا الصَّلٰوةَ** (નમાઝ કાયમ કરો !) આ હુકમ છે જેને છોડનારો ગુનેહગાર છે. અને ફર્માવે છે : **اِذَا تَدَایَنْتُمْ بِدَیْنٍ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ** જ્યારે કોઈને નિશ્ચિત સમય સુધી કરજ આપો તો લખી લો, આ કુર્આનનો મશ્વરો છે જેના પર અમલ ન કરવાથી ગુનોહ નથી, દુનિયવી સુલ્તાનો પણ પોતાની પ્રજાને કદીક હુકમ આપે છે તો કદીક મશ્વરો. કુર્આની હુકમોમાં રબ તઆલાની સલ્તનત તથા કુદરતનો ઝહૂર છે અને તેના મશ્વરાઓમાં રબની રહમાનિયતનું પ્રદર્શન છે.

**શાબાનુલ મોઅઝ્ઝમના મશહૂર પ્રસંગો**

- આ મહીનાની પાંચ તારીખે સૈયેદેના હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની વિલાદતે મુબારકા થઈ.
- આ મહીનાની પંદરમી તારીખ શબે બરાત છે એટલે કે મુસલમાન ઉમ્મતમાંથી ઘણી વ્યક્તિઓની મગફેરત થઈ જાય છે.
- આ મહીનાની સોળમી તારીખે કા'બા શરીફને કિબ્લો બનાવવાનો હુકમ થયો. પહેલાં ઈસ્લામના પ્રારંભમાં કેટલાક અરસા સુધી બૈતુલ મુકદસ કિબ્લો રહ્યો. અને પછી અલ્લાહે હુઝૂર સરાપા નૂર શાફએ યૌમુન્નુશૂર ﷺ ની મરજીના પ્રમાણે કા'બા મોઅઝ્ઝમાને મુસલમાનોનો કિબ્લો બનાવી દીધો. ત્યારથી હવે હમેશાં માટે મુસલમાન કા'બા શરીફ તરફ મોઢું કરીને નમાઝ અદા કરતા રહેશે. *(અજાઈબુલ મખ્લૂકાત, પેજ–૪૭)*

# બારગાહે ખ્વાજા ગરીબ નવાઝમાં



## ઈમામ અહમદ રઝાની હાજરી

[હપ્તો છેલ્લો]

રજૂકર્તા : હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી (દારુલ કલમ–દિલ્હી)

અનુવાદક : મૌલાના ગુલામદસ્તગીર મિસ્બાહી દયાદરવી

સૂફીપણાના માર્ગ અને ખૂબીઓ બારામાં ઈમામ અહમદ રઝાની વિચારધારા અને અમલ સમજવા માટે આ સત્ય ઘટના જોઈએ. એક સવાલના જવાબમાં આપ લખે છે :–

''હુઝૂર પૂરનુર સૈયદુલ અવલિયા ઈમામુલ ઓરફાએ એઝામ હઝરત સૈયદના ગૌષે આ'ઝમ (رضی اللہ عنہ) હઝરત સૈયદી અલી બિન હીતી (علیہ الرحمۃ و الرضوان) ના ત્યાં તશરીફ લઈ ગયા. હઝરત અલી બિન હીતીએ પોતાના ખાસ મુરીદ સૈયદી અબ્દુલ હસન અલી જોસકી (رحمۃ اللہ علیہ)ને હુકમ આપ્યો કે હુઝૂર ગૌષે આઝમની ખિદમત કરવાનું સ્વીકાર કરી લે. અને એ પહેલાં એ ફર્માવી ચૂક્યા હતા કે હું (અલી બિન હીતી) હુઝૂર ગૌષે આઝમના ગુલામોમાંથી છું.

સૈયદ અબુલ હસન જોસકી (رضی اللہ عنہ) પીરથી આ બધું સાંભળી રડવા લાગ્યા અને પીરના આસ્તાનાને છોડવાનું પસંદ ન કર્યું. હુઝૂર ગૌષે આઝમ (رضی اللہ عنہ)એ તેને રડતો જોઈ ફર્માવ્યું :–

જે છાતીથી દૂધ પીધું છે તેના સિવાય નથી ચાહતો, તેમને હુકમ આપ્યો કે પોતાના પીર ની ખિદમતમાં રહે. *(હવાલો : પેજ.૪૭૭, ફતાવાએ રઝવિય્યહ, મુતરજમઃ ભાગ–૨૧)*

અને એક ગુઝારિશના જવાબમાં ઈમામ અહમદ રઝા ઈર્શાદ ફર્માવે છે : ગુઝારિશ અને ઈર્શાદ બંનેવ નીચે રજૂ કરીએ છીએ :–

**ગુઝારિશ** : ''હઝરત સૈયદી અહમદ ઝર્રૂક (رضی اللہ عنہ)એ ફર્માવ્યું છે, જ્યારે કોઈને કોઈ તકલીફ પહોંચે ''યા ઝર્રૂક'' કહી પુકારે, હું તેની તરત મદદ કરીશ.''

ઈર્શાદ : ''પરંતુ મેં કદાપિ આ રીતની મદદ ન તલબ કરી, જ્યારે પણ મેં મદદ માંગી ''યા ગૌષ'' જ કહ્યું. એક વસ્તુને પકડો પણ તેને મજબૂતીની સાથે પકડો.''

હું ત્રીસ વર્ષનો હતો ત્યારે હઝરત મહબૂબે ઈલાહી ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા ચિશ્તી દહેલ્વી (رضی اللہ عنہ)ની બારગાહમાં હાજર થયો. દરગાહના પ્રાંગ્રણમાં વાજિંત્રો વગેરેનો શોર સંભળાતો હતો. તબીઅત બેચૈન થતી હતી. મેં અર્ઝ કરી કે હુઝૂર ! હું આપના દરબારમાં હાજર થયો છું, આ વાજિંત્રોના ખખડાટથી મને નજાત મળે. હજુ પહેલુ જ પગલુ દરગાહ મુબારકમાં મૂક્યું છે તો માલૂમ પડયું કે બધા એકદમ ચૂપ થઈ ગયા. હું સમજ્યો કે ખરેખર બધા લોકો ચૂપ થઈ ગયા. કદમ દરગાહ શરીફથી બહાર કાઢયો તો તે જ ઘોંઘાટ હતો, પછી અંદર કદમ રાખ્યો તો પાછી તે જ ખામોશી ! (સુબ્હાનલ્લાહ !)

ખબર પડી કે આ બધો હઝરતનો તસર્રૂફ (પહોંચ, અધિકાર) છે ! ખુલ્લી કરામત જોઈને મદદ માંગવાનો પ્રયત્ન કર્યો તો હઝરત મહબૂબે ઈલાહીના નામ મુબારકના બદલે ''યા ગૌષ'' ઝબાનથી નીકળ્યું. ત્યાં મેં અકસીરે આઝમ કસીદો પણ લખ્યો. પછી ઈર્શાદ ફર્માવ્યો ઈરાદત (શ્રદ્ધા) મહત્વની શર્ત છે, બયઅતમાં થોડી મુર્શિદની તવજજોહ (ધ્યાન)ની જરૂરત છે. અને બીજી તરફ જો ઈરાદત (શ્રદ્ધા) નથી તો પછી કાંઈ જ નથી થઈ શકતું.

એક સાહબ હુઝૂર ગૌષે આઝમ (رضی اللہ عنہ)ના ગુલામોમાંથી હતા. તેમણે વાકેઆ (હકીકત)માં એટલે સૂતી અને જાગતી વેળા જોયું કે એક ટેકરી ઉપર યાકૂત (કિંમતી પથ્થર)ની ખુરશી બીછાવેલી છે. તેના ઉપર હઝરત જુનેદ બગદાદી તશરીફ ફર્મા (બેસેલા) છે. અને નીચે ઘણા બધા લોકો ભેગા છે. દરેક પોત પોતાની ચિઠ્ઠી આપે છે. હઝરત જુનૈદ બગદાદી તે ચિઠ્ઠીઓને ખુદાની બારગાહમાં પેશ કરે છે, તે આદમી ચૂપચાપ ઉભો રહ્યો. જ્યારે હઝરતે તેને ઘણી વાર સુધી ઉભો જોયો અને તેણે કાંઈ ન કહ્યું તો જાતે ફર્માવ્યું (**قصتك**) લાવો ! તમારી અરજી પેશ કરો. તેણે અર્ઝ કરી, શું મારા શૈખને બરખાસ્ત કરી દેવામાં આવ્યા છે ? ફર્માવ્યું ખુદાની કસમ ! તેમને છૂટા નથી કર્યા અને ન કદાપિ તેઓને બરખાસ્ત કરવામાં આવશે. તેણે અર્ઝ કરી, તો પછી મારો શૈખ કાફી છે ! આંખ ખુલી તો હઝરત ગૌષે આ'ઝમના દરબારમાં હાજર થયા કે વાક્યો બયાન કરે. તે પહેલાં કે કશું બોલતા, હુઝૂર ગૌષે આ'ઝમે ઈર્શાદ ફર્માવ્યો, "લાવો ! હું તમારી અરજી પેશ કરી દો !" ફર્માવ્યું, ઈરાદત આ છે !

પછી ફર્માવ્યું, જ્યાં સુધી મુરીદ આ એતેકાદ (અકીદો) ન રાખે કે મારો શૈખ આ યુગના બધા અવલિયાથી મારા માટે શ્રેષ્ઠ છે ત્યાં સુધી ફાયદો નહીં પામશે.

અલી બિન હીતી જે હુઝૂર ગૌષે આ'ઝમ (رضی اللہ عنہ) ના ખાસ ખલીફા છે. એક વેળા હુઝૂર ગૌષે આ'ઝમની દઅવત આપી. તેમના ખાસ મુરીદ હતા અલી બિન જોસકી (رضی اللہ عنہ) તેઓ ખાણુ લાવ્યા. તેમણે વિચાર્યું કે રોટીઓ કોની સામે પહેલાં રાખુ. પોતાના શૈખ સમક્ષ રાખું છું તો હુઝૂર ગૌષે આઝમની શાનની વિરુધ્ધ છે, અને જો હુઝૂર ગૌષે આ'ઝમની સમક્ષ રાખુ છું તો એ ઈરાદત (શ્રદ્ધા) તેને કબૂલ નથી કરતી ! તેમણે એ રીતે રોટીઓ ગુમાવી કે બંનેવ સામે એક સાથે જઈ પડી. હુઝૂર ગૌષે આ'ઝમે ફર્માવ્યું, તમારો આ મુર્શિદ ઘણો બાઅદબ છે ! અલી બિન હીતી (رضی اللہ عنہ) એ અર્ઝ કરી, ઘણી તરક્કી કરી ચૂક્યો છે, હવે હુઝૂર તેને તમારી ખિદમતમાં લઈ લો ! અલી બિન જોસકીએ આ સાંભળી એક ખૂણામાં જઈ રડવાનું શરૂ કરી દીધું. હુઝૂર ગૌષે આઝમ (رضی اللہ عنہ) એ ફર્માવ્યું, તેને તમારી પાસે જ રહેવા દો. જે પિસ્તાન (વક્ષ) થી પીધું છે તેનાથી જ દૂધ પીશે. (પછી ફર્માવ્યું) પોતાની દરેક જરૂરતોમાં પોતાના શૈખ તરફ જ ધ્યાન કેન્દ્રિત કરે. *(હવાલો : પેજ.૫૫,૫૬, અલમલ્ફૂઝ, ભાગ–૩, રઝા એકેડમી)*

હકીકતમાં ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી (رضی اللہ عنہ) પોતાના નીચે દર્શાવેલ શેઅરો પર અમલ કરનાર અને કાદરી સિલસિલાનો લેહાઝ કરનાર અને એહસાનમંદ હતા.

★ *તુઝસે દર દર સે સગ, સગ સે હૈ મુઝ કો નિસ્બત*
*મેરી ગરદન મેં ભી હે દૂર કા ડોરા તેરા*

★ *ઉસ નિશાની કે જો સગ હૈ નહીં મારે જાતે*
*હશ્ર તક મેરે ગલે મેં રહે પત્તા તેરા*

★ *મેરી કિસ્મત કી કસમ ખાએં સગાને બગદાદ*
*હિંદ મેં ભી હૂં તો દેતા રહૂં પહેરા તેરા*

★ *તેરી ઈઝ્ઝત કે નિષાર એ મેરી ગૈરત વાલે !*
*આહ ! સદ આહ ! કે યૂં ખ્વાર હૈ, બુરદા તેરા*

*સર તૂઈ સરવર તૂઈ સર રા સરો સામાં તૂઈ*
*જાં તૂઈ જાનાં તૂઈ જાં રા કરારે જાં તૂઈ*
*બહરે પાયત ખ્વાજાએ હિંદ શહે કેવાં જનાબ*
*બલ અલા અયની વ રાસી ગોયદ આ બાકાં તૂઈ*
*બંદાઅત ગૈરત બુરદ ગર બર દરે ગૈરત રવદ*
*વર રવદ ચૂં બ નિગરદ હમ શાહે આં ઐવાં તૂઈ*

## અજમેરને શરીફ ન કહેનાર વિશે આ'લા હઝરતનો ફત્વો

હુઝૂર ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી હુઝૂર ગૌષે આઝમની દસ્તગીરી પર કુર્બાન ન હતા બલ્કે અતાએ રસૂલ સુલ્તાનુલ હિંદ હુઝૂર સૈયદના મુઈનુલ મિલ્લતે વદ્દીન ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી (رضی اللہ عنہ)ની શાને ગરીબ નવાઝી અને ફૈઝ પ્રાપ્તિની ચર્ચા પણ આપ પોતાની મેહફિલોમાં અને લખાણોમાં કરતા હતા. જેમ કે એક ઈસ્તિફતા (સવાલ)ના જવાબમાં આપ પૂરા યકીન સાથે લખે છે કે, **"હુઝૂર**

**ગૌષે આઝમ (رضی اللہ عنہ) જરૂર દસ્તગીર (મદદગાર) છે, અને હઝરત સુલ્તાનુલ હિંદ મુઈનુલ હક્ક વદીન જરૂર ગરીબ નવાઝ છે.** *(હવાલો : પેજ–૪૩, ફતવાએ રઝવિય્યહ, ભાગ–૧૧)*

ગુલામ મુઈનુદ્દીન અને અજમેર શરીફ ન લખનારાઓના વિરૂધ્ધ આપનો આ તેવર પણ કેટલો જલાલભર્યો અને વહાબિયત તોડ તથા રૂહને જીવંત કરનાર અને અક઼ીદત અફરોઝ છે, તેને નીચે દર્શાવેલ સવાલ અને જવાબમાં જોઈએ :–

**મસ્અલા** : અઝ સરકાર અજમેર મુકદસ લંગર ગલી, સવાલ પૂછનાર હકીમ ગુલામ અલી સાહબ, ૬ શવ્વાલ હિ.સ. ૧૩૩૯.

જો કોઈ મોલ્વી પોતાના મદ્રસાના દરવાજા ઉપર અને ખિલાફતના બોર્ડ ઉપર અને ખિલાફતની ટોપી પર અને ખિલાફતની રસીદ પર માત્ર "અજમેર" લખે. શું અજમેરની સાથે "શરીફ" શબ્દ ન લખવું અને અસ્લી નામ ગુલામ મુઈનુદ્દીન ઉપર ગુલામ ન લખવું અહલે સુન્નતના અક઼ીદા વિરૂધ્ધ છે કે નહીં ?

**જવાબ** : અજમેર શરીફના પાક નામ સાથે "શરીફ" શબ્દ ન લખવો અને એ બધી જગ્યાઓ પર (ઉપર દર્શાવેલ) તેને લાઝિમ અને જરૂરી ન જાણવું જો એટલા માટે છે કે હુઝૂર સૈયદના ખ્વાજા **ગરીબ નવાઝ** (رضی اللہ عنہ) ની શાનો શૌકત, હયાતે જાહેરી અને મઝારે પૂર અન્વારને (જેના લીધે મુસલમાન અજમેર શરીફ કહે છે) શરાફતનો સબબ નથી જાણતો તો **"ગુમરાહ"** બલ્કે **"અલ્લાહનો દુશ્મન"** છે.

સહીહ બુખારી શરીફમાં છે : રસૂલુલ્લાહ (صلی اللہ علیہ وسلم) ઈર્શાદ ફર્માવે છે કે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે. **من عادیٰ لی ولیاً فقد اذنته بالحرب** "જે મારા વલી સાથે દુશ્મની રાખે છે હું તેની સાથે જંગનું એલાન કરું છું."

અને જો આ નાપાક ઈલ્તેજામ (શરીફ ન લખવાનું) આળસ અને ક઼લમની ગલતી છે, તો સખ્ત બેબરકતી તથા મહાન ફઝ્લ અને ભલાઈથી મેહરૂમી છે.

અને જો તેની બુનિયાદ વહાબિયત છે, તો વહાબિયત **"કુફ્ર"** છે. તો એના પછી આવી વાતોની શું શિકાયત ?

## ખ્વાજાનો ગુલામ ન કહેનાર વિશે ફત્વો

પોતાના નામમાંથી ગુલામ શબ્દને હટાવવું એટલા માટે છે કે હુઝૂર ખ્વાજએ ખ્વાજગાં (رضی اللہ عنہ) નો ગુલામ બનવાથી ઈન્કાર અને ઘમંડના લીધે છે, તો તે **"ગુમરાહ"** અને હદીષની રોશનીમાં **"અલ્લાહનો દુશ્મન"** છે. અને **તેનું ઠેકાણુ જહન્નમ** છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : **الیس فی جهنم مثوی المتکبرین** "શું કાફિરો માટે જહન્નમમાં ઠેકાણું નથી ?"

અને જો આ બધું વહાબિયતના લીધે છે કે અવલિયાએ કિરામના ગુલામ કહેનારાઓને મુશ્રિક અને ગુલામ મોહયુદ્દીન, ગુલામ મુઈનુદ્દીનને શિર્ક જાણે છે, તો વહાબીઓ જાતે બેદીન, કાફિર તથા મુર્તદ છે. **وللكفرين عذاب مهين- والله تعالیٰ اعلم** કાફિરો માટે દર્દનાક અઝાબ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(હવાલો : પેજ–૧૮૭,૧૮૮, ફતવાએ રઝવિય્યહ, ભાગ–૬, રઝા એકડમી)*

હઝરત ખ્વાજા મુઈનુલ મિલ્લત વદીન ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી (رضی اللہ عنہ) ના ફુયૂઝો બરકાત અને ખ્વાજા ગરીબ નવાઝના ફૈઝાનના મુન્કિરોનું વર્ણન કરતાં ઈમામ અહમદ રઝા એક મેહફિલમાં ઈર્શાદ ફર્માવે છે :–

## ખ્વાજાનો કમાલ આ'લા હઝરતની ઝબાની

હઝરત ખ્વાજા ગરીબ નવાઝના મઝાર મુબારકથી ઘણા ફુયૂઝો બરકાત પ્રાપ્ત થાય છે. મૌલાના બરકાત અહમદ સાહબ મર્હૂમ જે મારા પીર ભાઈ અને મારા વાલિદના શાર્ગિદ હતા. તેમણે મને બયાન કહ્યું કે, મેં મારી આંખો વડે જોયું કે એક હિંદુ જેના માથાથી લઈ પગ સુધી ફોલ્લાઓ હતા. અલ્લાહને જ ખબર છે કે તે કેટલા પ્રમાણમાં હતા. બરાબર બપોરે તે આવતો અને દરગાહ શરીફ સામે ગરમ પથ્થરો પર સૂઈ જતો અને કહેતો, ખ્વાજા ! જલન થાય છે ! ત્રીજા દિવસે મેં જોયું કે તે એકદમ બિલ્કુલ સાજો થઈ ગયો છે.

ભાગલપૂરથી એક સાહબ દર વરસે અજમેર શરીફ હાજર થતા હતા. એક વહાબી રઈસ (માલદાર)થી ઓળખાણ હતી. તેણે કહ્યું, મિયાં ! દર વર્ષે ક્યાં જાવ છો ? બેકાર આટલા રૂપિયા ખર્ચ કરો છો ! તે સાહબે કહ્યું, ચાલો ! ઈન્સાફની આંખોથી જુઓ, પછી તમોને ઈખ્તિયાર છે.

એક વરસે તે સાથે આવ્યો, જોયું કે એક ફકીર સોટો (દંડો) લઈ રોઝા શરીફના ચક્કર કાપી રહ્યો છે. અને અવાજ લગાડી રહ્યો છે, "ખ્વાજા ! પાંચ રૂપિયા લઈશ! અને તે પણ એક કલાકમાં લઈશ ! અને તે પણ એક જ વ્યક્તિ પાસેથી લઈશ !" જ્યારે તે વહાબીને ખ્યાલ આવ્યો કે હવે ઘણો વખત વીતી ગયો છે, એક કલાક થઈ ગયો હશે, અને હજુ સુધી તેને કોઈએ કશું નથી આપ્યું. તો ખીસામાંથી પાંચ રૂપિયા કાઢી તેના હાથમાં થમાવી દીધા અને કહ્યું, "લે મિયાં ! તુ ખ્વાજાથી માંગી રહ્યો હતો ! ભલા ખ્વાજા શું દેશે ! લે હું આપુ છું."

ફક઼ીરે તે રૂપિયા તો ખિસ્સામાં મૂક્યા અને એક ચક્કર લગાડી જોરથી કહ્યું, "ખ્વાજા ! તારા ઉપર કુરબાન જાઉં ! અપાવ્યા તે પણ કોઈ ખબીષ મુન્કિર પાસેથી !" *(હવાલો : પેજ–૪૪, અલમલ્ફૂઝ, ભાગ–૩, રઝા એકડમી)*

## આ'લા હઝરતની અજમેર શરીફમાં હાજરી

બારગાહે સુલ્તાનુલ હિંદ મુઈનુલ મિલ્લતે વદ્દીન હઝરત ખ્વાજા ગરીબ નવાઝ અજમેરી (رضی اللہ عنہ)માં ઈમામ અહમદ રઝા બરેલ્વી (رحمۃ اللہ علیہ)ની હાજરી પણ થતી રહેતી હતી.

બુરહાને મિલ્લત મુફતી મુહમ્મદ અબ્દુલબાકી બુરહાનુલ હક઼્ક઼ રઝવી જબલપૂરી (વફાત :૧૪૦૫ હિજરી, ઈ.સ. ૧૯૮૪)ના વાલિદ માજિદ હઝરત મૌલાના અબ્દુસ્સલામ જબલપૂરી (વફાત : ૧૩૭૨ હિજરી, ઈ.સ. ૧૯૫૨)એ ઈમામ અહમદ રઝા બરેલ્વીની બીજી હજ તથા ઝિયારતથી વાપસી પર મુંબઈમાં જબલપૂર આવવાની દાવત આપી તો ઈમામ અહમદ રઝાએ ફર્માવ્યું, હજુ મારે અજમેર શરીફની હાજરી આપવાની છે. જેમ કે તેના વિશે મુફતી બુરહાનુલ હક્ક જબલપૂરી લખે છે :

આ'લા હઝરતે મુંબઈથી બરેલી શરીફનો ઈરાદો કર્યો. વાલિદ માજિદે તેમને જબલપૂર તશરીફ લાવવાની અર્ઝ કરી તો ફર્માવ્યું, "હજુ તો અજમેર શરીફ હાજરી આપી બરેલી શરીફ જઈશ, ઈન્શાઅલ્લાહ ! બીજી કોઈ વેળા જબલપૂર આવીશ." *(હવાલો : પેજ–૮૨, ઈકરામે ઈમામ અહમદ રઝા, મર્કઝી મજલિસે રઝા, લાહોર)*

અજમેર શરીફના સફરનો એક મુસ્તનદ (સનદ પામેલ) વાક્યો નીચે રજૂ કરીએ છીએ :

અલ્લામા નૂર અહમદ ક઼ાદરી (ઈસ્લામાબાદ–પાકિસ્તાન) પોતાના દાદા હાજી અબ્દુન્નબી ક઼ાદરી રઝવી (વફાત : ૧૯૪૯, કરાચી)ની ઝબાનથી સાંભળેલો એક વાક્યો બયાન કરે છે આ રાવી (બયાન કરનાર) હાજી અબ્દુન્નબી ક઼ાદરી રઝવીએ ઈમામ અહમદ રઝાના મુરીદ હતા અને આ ઘટના ઈમામ અહમદ રઝા બરેલ્વી رضی اللہ عنہના આખરી દિવસોની છે.

અલ્લામા નૂર અહમદ ક઼ાદરી લખે છે :–

"એવું હતું કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની હઝરત સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہની ખાનકાહમાં ગરીબ નવાઝ (رضی اللہ عنہ)ના ઉર્સના પ્રસંગે વઅઝ (તક઼રીર) થતી હતી અને તે વઅઝનો એહતેમામ (બંદોબસ્ત) જાતે ખાનકાહ શરીફના દીવાન સાહબ કરતા હતા, જેમાં આલિમો અને ફાઝિલો દૂર દૂરથી આવી વઅઝ સાંભળવા ભેગા થતા હતા. અમુક વેળા દક્કનના હાકિમો જેમ કે નિઝામ દક્કન મીર મેહબૂબઅલી ખાન અને મીર ઉષ્માનઅલી ખાન પણ તે વઅઝમાં શરીક થતા હતા. આ'લા હઝરતની તક઼રીર સાંભળવા માટે મોટી સંખ્યામાં લોકો ત્યાં હાજર રહેતા હતા.

આ વખતે જ્યારે આ'લા હઝરત બરેલી શરીફથી અજમેર શરીફ ઉર્સે ખ્વાજા ગરીબ નવાઝમાં જવા લાગ્યા તો તેમની સાથે દસ અગિયાર તેમના મુરીદો પણ હતા. તેમનામાંથી એક સંપાદકના ઉસ્તાઝે મોહતરમ મૌલાના શાહ અબ્દુર્રહમાન ક઼ાદરી જયપૂરી

પણ હતા, જેઓ આ'લા હઝરતના શાગિર્દ પણ હતા અને ખલીફા પણ હતા. અને બીજા જાતે લખનારના દાદા હાજી અબ્દુન્નબી ક઼ાદરી હતા, બાકી અન્ય હઝરાત હતા.

દિલ્હીથી અજમેર જવા માટે ''બી.બી.એન્ડ સી.આઈ.આર.'' રેલ ચાલતી હતી. સફર દરમ્યાન જ્યારે રેલગાડી ફુલેરા જંક્શન પર પહોંચતી તો લગભગ મગરિબનો સમય થઈ જતો હતો, જ્યાં સાનભર, જોધપૂર અને બીકાનેરથી આવનાર ગાડીઓનો પણ ક્રોસ થતી હતી. એ બધી લાઈનો પરથી આવનાર મુસાફરો અજમેર શરીફ જવા માટે આ જ મેલગાડીને પકડતા હતા. એટલા માટે આ મેલગાડી ફુલેરા સ્ટેશન પર લગભગ ચાલીસ મિનિટ રોકાતી હતી. જાતે મેં (સંપાદકે) પણ ભારત–પાકિસ્તાન ભાગલા પહેલાં અજમેર શરીફ જવા માટે આ ગાડીથી ઘણીવાર સફર કર્યો હતો અને ફુલેરા જંક્શનનો હાલ જોયો.

છેવટે જ્યારે આ'લા હઝરત સફર કરી રહ્યા હતા તો ફુલેરા જંક્શન પર પહોંચતાં જ મગરિબનો સમય થઈ ગયો. આ'લા હઝરતે તેમની સાથે આવેલ મુરીદોને કહ્યું કે મગરિબની નમાઝ માટે જમાઅત પ્લેટફાર્મ પર કરી લેવી જોઈએ. ચાદરો બિછાવી દેવામાં આવી, લોકોમાંથી જેમનું વુઝૂ ન હતું તેઓએ વુઝૂ કર્યું. આ'લા હઝરત હમેશાં બાવુઝૂ રહેતા હતા એટલે આપે ફર્માવ્યું, મારું વુઝૂ છે અને ઈમામત માટે આગળ વધ્યા અને પછી ફર્માવ્યું, બધા લોકો પૂરા ઈત્મિનાન સાથે નમાઝ અદા કરે, ઈન્શાઅલ્લાહ ! ગાડી ત્યાં સુધી નહીં જાય જ્યાં સુધી આપણે નમાઝ પૂરી રીતે અદા નહીં કરી લઈએ. તમે લોકો બિલ્કુલ એની ફિક્ર ન કરતા અને પૂરી તવજ્જોહની સાથે નમાઝ અદા કરશો. આવું કહી આ'લા હઝરતે ઈમામ બની નમાઝ શરૂ કરી દીધી. મગરિબની ફર્ઝની જ્યારે એક રકઅત ખત્મ કરી ચૂક્યા તો એકદમ ગાડીએ સીટી બજાવી પ્લેટફાર્મ પર મૌજૂદ બીજા મુસાફરો જલ્દી જલ્દી પોતાની સીટો પર બેસી ગયા, પરંતુ આપની પાછળ નમાઝીઓની આ જમાઅત એકદમ પૂરા મશગૂલ બની નમાઝમાં વ્યસ્ત રહી. મગરિબની બીજી રકઅત હજુ ચાલુ હતી કે ગાડીએ બીજી અને છેલ્લી સીટી પણ આપી દીધી, પરંતુ થયું એવું કે ગાડીનું એન્જીન આગળ વધતું ન હતું. મેલગાડી હતી, કોઈ મામૂલી પેસેન્જર ગાડી ન હતી, એટલે ડ્રાઈવર અને ગાર્ડ બંનેવ પરેશાન થઈ ગયા કે આ શું થઈ ગયું કે ગાડી આગળ વધતી નથી ? કોઈની સમજમાં ન આવ્યું. એન્જીન ટેસ્ટ (ચેક) કરવા માટે ડ્રાઈવરે ગાડીને પાછળ તરફ ધકેલી તો ગાડી પાછળ ચાલવા લાગી. એન્જીન બિલ્કુલ ઠીક હતું પરંતુ ડ્રાઈવર જ્યારે એન્જીનને આગળ તરફ વધારતો તો ગાડી રોકાઈ જતી હતી !

છેવટે સ્ટેશન માસ્ટર જે અંગ્રેજ હતો પોતાના રૂમમાંથી નીકળી પ્લેટફાર્મ પર આવ્યો અને તેને ડ્રાઈવરને કહ્યું કે એન્જીનને ગાડીથી અલગ કરી જુઓ તે ચાલે છે કે નથી ચાલતું ? તો તેણે તેવું કર્યું. એન્જીનને જ્યારે ગાડીથી અલગ કરી ચલાવ્યું તો તે પૂરી રફતાર સાથે ચાલ્યું, કોઈ ખરાબી તેમાં જોવા ન મળી, પરંતુ જ્યારે તેને રેલગાડીના ડબ્બા સાથે જોડીને તે એન્જીનને ચલાવવામાં આવ્યું તો તે પહેલાંની જેમ જામ થઈ ગયું અને એક ઈંચ પણ આગળ ન વધ્યું. રેલનો ડ્રાઈવર અને બધા લોકો ઘણા હેરાન અને પરેશાન કે છેવટે વાત શું છે કે એન્જીન રેલના ડબ્બા સાથે જોડાઈ આગળ નથી વધતું ?! સ્ટેશન માસ્ટરે ગાર્ડને પૂછયું, જે નમાઝીએ પાસે ઉભો હતો કે આ શું છે કે એન્જીન અલગ કરીએ છીએ તો ચાલવા માંડે છે અને જ્યારે ડબ્બા સાથે જોડીએ છીએ ત્યારે એકદમ પાટા સાથે જામ થઈ જાય છે ?! તે ગાર્ડ મુસલમાન હતો, તેના દિમાગમાં વાત આવી ગઈ. તેણે સ્ટેશન માસ્ટરને બતાવ્યું કે સમજમાં એ આવે છે કે આ બુઝુર્ગ જે નમાઝ પઢાવી રહ્યા છે કોઈ મોટા અલ્લાહના વલી માલૂમ થાય છે. યક઼ીનન ! તેના સિવાય બીજી કોઈ ટેકનિકલ ખામી નથી. હવે જ્યાં સુધી આ બુઝુર્ગ અને તેમની જમાઅત નમાઝ અદા નહીં કરી લે ત્યાં સુધી મુશ્કેલ છે કે આ ગાડી ચાલે ! આ ખુદા તઆલા તરફથી આ બુઝુર્ગની કરામત માલૂમ થાય છે. બસ, હવે તેઓની નમાઝ પૂરી થતાં સુધી તો રાહ જોવી જ પડશે. સ્ટેશન

માસ્ટરને આ વાત સમજમાં આવી ગઈ અને કહેવા લાગ્યો, નિઃશંક ! એ જ વાત લાગે છે ! એટલા માટે તે નમાઝીઓ પાસે આવી ઉભો થઈ ગયો. નમાઝમાં આ'લા હઝરતની અને આપના મુરીદોની આવી મગ્નતા, ખુશુઅ, ખુઝૂઅનો રૂહ પરવર નઝારો જોઈ તે ઘણો પ્રભાવિત થયો. અંગ્રેજી તેની માતૃભાષા હતી પરંતુ તે ઉર્દૂ અને ફારસીનો પણ જાણકાર હતો અને વિના સંકોચે તે ઉર્દૂમાં વાત કરતો હતો. ગાર્ડ સાથે તેથી આખી વાત ઉર્દૂમાં જ હતી.

છેવટે આ'લા હઝરત અઝીમુલ બરકત رضی اللہ عنہ એ સલામ ફેરવી અને બુલંદ અવાજથી દુરૂદ શરીફ પઢી દુઆ માંગવામાં મસરૂફ (વ્યસ્ત) થઈ ગયા. જ્યારે આપ દુઆથી ફારિગ થયા તો આગળ વધી નિહાયત અદબ સાથે સ્ટેશન માસ્ટરે (અંગ્રેજે) ઉર્દૂમાં અર્ઝ કરી કે, હઝરત ! થોડી જલ્દી ફર્માવો ! આ ગાડી આપ ઈબાદતમાં લાગેલા હોવાને લીધે આગળ નથી વધતી ! આ'લા હઝરતે ફર્માવ્યું, બસ હવે અમે નમાઝ પઢી થોડીવારમાં ફારિગ થઈશું અને ઈન્શાઅલ્લાહ ! પછી ગાડી ચાલશે. તમે જાણો છો કે આ નમાઝનો સમય છે અને કોઈ પણ સાચો મુસલમાન નમાઝ કઝા નથી કરી શકતો. નમાઝ દરેક મુસલમાન પર ફર્ઝ છે, ફર્ઝને કેમ કરી છોડી દેવામાં આવે. ગાડી ઈન્શાઅલ્લાહ ! નહીં જાય જ્યાં સુધી અમે લોકો ઈત્મિનાન સાથે નમાઝ ન અદા કરી લઈએ. સ્ટેશન માસ્ટર ઉપર ઈસ્લામનો રૂહાની દબદબો જાહેર થઈ ગયો. આ'લા હઝરત અને તેમના મુરીદોએ જ્યારે સુકૂનની સાથે નમાઝ પૂરી રીતે અદા કરી લીધી અને દુઆ પઢી ફારિગ થયા તો આ'લા હઝરતે પાસે ઉભેલા અંગ્રેજ સ્ટેશન માસ્ટરને ફર્માવ્યું, ઈન્શાઅલ્લાહ ! હવે ગાડી ચાલશે, અમે બધા નમાઝથી ફારિગ થઈ ગયા છીએ. આવું કહ્યું અને બધા મુરીદો સાથે ગાડીમાં બેસી ગયા. ગાડીએ સીટી આપી અને ચાલવા લાગી. સ્ટેશન માસ્ટરે પોતાના અંદાઝમાં સલામ કરી અને અદબ બજાવી લાવ્યો. પરંતુ આ ઘટના અને કરામતની તેના દિલ પર ઘણી ગાઢ અસર પડી.

છેવટે ગાડીની સાથે આ'લા હઝરત અને આપના મુરીદો તો અજમેર શરીફ ચાલ્યા ગયા પરંતુ સ્ટેશન માસ્ટર વિચારમાં પડી ગયો. આખી રાત તે વિચારોમાં ખોવાયેલો રહ્યો, તેને ઊંઘ ન આવી. સવારે ઉઠયો તો ચાર્જ પોતાના ડેપ્યૂટીને સોંપીને પોતાના ખાનદાનના લોકોને લઈ અજમેર શરીફ હાજરી માટે રવાના થઈ ગયો કે જેથી ત્યાં દરગાહે ગરીબ નવાઝમાં હાજરી આપી આ'લા હઝરતના દસ્તે મુબારક પર ઈસ્લામ સ્વીકાર કરે. જ્યારે અજમેર શરીફ પહોંચ્યો તો જોયું કે દરગાહ શરીફની શાહજહાંની મસ્જિદમાં આ'લા હઝરતનું ઈમાન અફરોઝ બયાન ચાલી રહ્યું છે. તે વઅઝમાં શરીક થયો, વઅઝ સાંભળ્યું. વઅઝ ખત્મ થયું તો નજીક જઈ આ'લા હઝરતના તેણે હાથ ચૂમી લીધા અને અર્ઝ કરી કે જ્યારથી તમે ફુલેરા સ્ટેશનથી આ બાજુ આવ્યા છો ત્યારથી હું એટલો બેચૈન છું કે મને સુકૂન નથી મળતું, છેવટે મારા કુંટુબના લોકો સાથે અહીંયાં હાજર થઈ ગયો છું અને હવે આપના મુબારક હાથો પર ઈસ્લામ કબૂલ કરવા ઈચ્છું છું. આપની આ રૂહાની કરામત જોઈ મને ઈસ્લામની આસ્માની સચ્ચાઈનું યકીને કામિલ થઈ ગયું છે, અને હવે મને જ્ઞાન થઈ ગયું છે કે, બસ ઈસ્લામ જ ખુદાએ તઆલાનો સાચો ધર્મ છે !

જેથી આ'લા હઝરતે દરગાહ પર હાજરી આપનાર હજારો લોકોની મૌજૂદગીમાં તે અંગ્રજને અને તેના કુટુંબના નવ વ્યક્તિઓને ત્યાં કલ્મો શરીફ પઢાવી મુસલમાન કર્યા અને જાતે તેનું ઈસ્લામી નામ ગૌષે આઝમ (رضی اللہ عنہ) ના નામે પાક પર અબ્દુલ કાદિર રાખ્યું. તેનું અંગ્રજી નામ રોબર્ટ હતું અને તે રોબર્ટ સાહબના નામથી મશહૂર હતો. આપે તેને મુસલમાન કરી સિલસિલાએ કાદરિયામાં મુરીદ પણ કર્યો અને પછી હિદાયત ફર્માવી કે હમેશાં સુન્નતની પેરવી કરે, નમાઝ કોઈ વેળા ન છોડે, નમાઝ રોઝાની પાબંદી ઘણી જરૂરી છે અને જો મોકો મળે તો હજ પણ જરૂર કરે, ઝકાત અદા કરે અને હમેશાં દીનની ખિદમતનો ખ્યાલ રાખે એટલા માટે કે ઈસ્લામને ફેલાવવો પણ ઈસ્લામે દરેક મુસલમાન ઉપર જરૂરી ઠરાવ્યો છે. પોતાના વતન પણ જ્યારે જાય તો ત્યાં પણ દીને ઈસ્લામ ફેલાવવાની ખિદમત અંજામ આપે,

આ ઘણી મોટી સઆદત છે. હવે જાતે પણ કુર્આનેપાકની તાલીમ હાંસલ કરશો અને પોતાનાં કુંટુબીજનોને પણ કુર્આનેપાકની તાલીમ અપાવશો. મતલબ એ છે કે ઈસ્લામ તેના દિલમાં ઉતારી દીધો અને પોતાની નિગાહો વડે તેના દિલને રસૂલેપાક ﷺના ઈશ્કથી ભરી તેની રૂહને મહેકાવી દીધી અને તેને ઈસ્લામનો શૈદાઈ અને દીવાનો બનાવી દીધો.

તે અંગ્રેજની ઈસ્લામ સ્વીકારવાની આ ઘટના તે સમયની ઘણી મહત્વની ઘટના હતી, એટલા માટે કે તે અંગ્રેજ મામૂલી દરજાનો અંગ્રેજ ન હતો બલ્કે એવી ફેમેલીનો એક મેમ્બર હતો જેના કેટલા મેમ્બરો ભારતમાં તેમજ ઈંગ્લેન્ડમાં ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજમાન હતા. ઈલ્મવાળા અને ઈજ્જતવાળા લોકો હતા અને ઈસાઈ મિશનની સરપસ્તી કરતા હતા. તેવા અંગ્રેજના સર્વ કુંટુબીઓ સાથે ઈસ્લામ સ્વીકારવાથી ઈસાઈ લોબીમાં હલચલ અને હાહાકાર મચી ગયો ! મઝહબ (ધર્મ)ના મેદાનમાં તેમણે વાવેલ બધો સફેદ કપાસ જલીને ખાક થઈ ગયો ! મતલબ એ કે ગોરાઓ ગભરાઈ ગયા, તેમના પાદરીઓ બોખલાઈ ગયા, શું આ કોઈ નાની સુની ઘટના હતી ?!

ત્યાર પછી તે નવ મુસ્લિમ અંગ્રેજે (જેમ કે બુઝુર્ગોના બયાન અનુસાર) પૂરી જિંદગી ઈસ્લામની ખિદમત કરી. તે કુર્આન કરીમ ખત્મ કર્યા પછી ભારતથી પોતાના વતન પાછો ગયો અને ત્યાં જઈને ઈસ્લામની ખિદમત માટે પોતે વક્ફ થઈ ગયો. આ'લા હઝરત અઝીમુલ બરકત رضی اللہ عنہની રૂહાની કરામત અને નિગાહે કરમે તેની કાયાપલટ કરી દીધી, તેને રસૂલલ્લાહ (ﷺ) ના ઈશ્કમાં ડૂબાડી કામનો વ્યક્તિ બનાવી દીધો, મંઝિલ પર પહોંચાડી આપ્યો અને તેને ઈસ્લામનો એક મજબૂત કિલ્લો બનાવી દીધો. *(હવાલો : પેજ–૧૫૭ થી ૧૬૧, સાલનામા મઆરિફે રઝા)*

## આ'લા હઝરતના વિસાલ પર અજમેર શરીફમાં ફાતિહાખ્વાની

એ જ રૂહાની નિસ્બતનો નતીજો હતો કે જ્યારે ઈમામ અહમદ રઝા હનફી કાદરી બરકાતી બરેલ્વી رضی اللہ عنہનો વિસાલ થયો તો દેશના વિવિધ શહેરોની જેમ સરકારે આ'ઝમ અજમેર મુકદ્દસમાં પણ આપની ફાતેહાની તક્રીબ (મેહફિલ) રાખવામાં આવી. જેમ કે હઝરત સૈયદ ગુલામ અલી મર્હૂમ મગફૂર ખાદિમ દરગાહે અજમેર શરીફ તેના વિશે લખે છે :

૨૫ સફર મુતાબિક ૨૮ ઓક્ટોબર જુમ્આના દિવસે (ઈ.સ. ૧૯૨૧ હિ. ૧૨૪૦) રાત્રે સૈયદ હુસૈન અલી સાહબ ઈબ્ને સૈયદ સિદ્દીક અલી સાહબ, વકીલ જનાબ નવાબ સાહબ બહાદુર રિયાસતે જાવેરાના વાલી (હાકિમ) અને દરગાહે મુઅલ્લાના ખાદિમના નામે એક પત્ર હઝરત હામિદ રઝાખાન સાહબે મોકલેલો આવ્યો જેમાં લખ્યું હતું કે આ'લા હઝરત કિબ્લાનો વિસાલ થઈ ગયો. આ હોશ ઉડાડી દે એવી ઘટના માલૂમ થતાં જ બધા મુરીદો અકીદતમંદોને જે રંજ અને ગમ થયો તેનો હાલ તો આલિમુલ ગૈબ સારી રીતે જાણે છે. આ ઘટનાની બધા દોસ્તોને ખબર આપવામાં આવી અને સૈયદ હુસૈન અલી સાહબે ત્રીજાના ફાતેહાનો બંદોબસ્ત કર્યો અને ૨૮ સફર રવિવારના દિવસે આસ્તાનએ હુઝૂર ગરીબ નવાઝ (رضی اللہ عنہ)માં ફજરની નમાઝ બાદ કુર્આન ખ્વાની થઈ જેમાં અમુક સજ્જાદાઓ, મુદર્રિસીન અને મદ્રસા મુઈનિયા ઉષ્માનિયાના તાલિબે ઈલ્મો અને મુઈનિયા ઈસ્લામિયા હાઈસ્કૂલના મુદર્રિસો હાજર રહ્યા. ત્યાર બાદ અઢી વાગ્યે દરગાહ શરીફના સજ્જાદાઓ, સાહબઝાદાઓના કાનૂન અનુસાર દરગાહ મુઅલ્લામાં આવી ખત્મ કરવામાં આવ્યું. તે વેળા ઉપરોક્ત સાહબો સિવાય જનાબ મીર સૈયદ નિષાર અહમદ સાહબ મુતવલ્લી દરગાહ અને અમુક વ્યક્તિઓ મદ્રસા હનફિયા સૂફિયા યતામા અજમેર શરીફ વગેરે ઘણી મોટી સંખ્યામાં હાજર હતા. ખત્મ પછી તબર્રુક વહેંચવામાં આવ્યું અને આ રીતે આ'લા હઝરત મુજદ્દિદે આ'ઝમ મૌલાના ઈમામ અહમદ રઝા ખાન સાહબ કિબ્લા (رضی اللہ عنہ)ના ફાતેહા સરકાર ગરીબ નવાઝના આસ્તાના અજમેર શરીફમાં કરવામાં આવ્યા. *(હવાલો : દબદબએ સિકંદરી, રામપૂર, તારીખ–૭ નવેમ્બર, ૧૯૨૧)*



# દીનની દાવત તથા તબ્લીગમાં સ્ત્રીઓનો રોલ


અઝ...........................

**મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**

(સદર મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, આમોદ)


ઈસ્લામની દાવત તથા ધર્મ પ્રચાર સંબંધિત પુરૂષોની કુરબાનીઓ તેમજ તેમનું બલિદાન જે રીતે ઈસ્લામી ઈતિહાસનું અતિ પ્રકાશિત તથા રોશન પ્રકરણ છે એ જ રીતે સ્ત્રીઓની ખિદમતો તથા સેવાઓ પણ ઈતિહાસનો એક સુવર્ણ ભાગ છે. નિશ્ચિત રીતે જંગના મેદાનમાં ઈસ્લામી મુજાહિદોની સાથે પોતાની શક્તિ મુજબ નિખાલસપણે ઈસ્લામી ખાતૂનોએ પણ સહાય તથા મદદ કરી અને અજરે અઝીમની હક્દાર બની.

તબ્લીગ તથા ઈસ્લામ પ્રચારના મેદાનમાં સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین ની જેમ સહાબિયાત તથા અઝવાજે મુતહ્હરાતના કારનામાંઓ પણ ભૂલી શકાય તેમ નથી. જ્યારે કે ઈસ્લામી તાલીમાત (શિક્ષણ)થી સ્ત્રીઓ તથા બાળકોને પરિચિત તથા વાકેફ કરવાં સ્ત્રીઓની પણ જવાબદારી છે. એટલા માટે આ જિમ્મેદારીને આ પાકબાઝ સ્ત્રીઓએ સુંદર રીતે અંજામ આપી. ઈતિહાસ તથા સીરતની કિતાબો આવાં ઉદાહરણોથી ભરેલી છે. હઝરત સૈયદા આઈશા સિદ્દીકા તથા સૈયદા ફાતેમા ઝહરા رضی الله عنها ની દાવત તથા તબ્લીગે તો ખૂબ જ પ્રભાવિત અસરો છોડી છે. અને કેમ ન હોય ! તેણીઓ તો હાદીએ દો આલમ صلی الله علیه وسلم ની પાકીઝા કેળવણી તથા સોહબતમાં રહી અને આકા صلی الله علیه وسلم ની એક એક અદા ઉપર અમલ પૈરા રહેવાની કોશિશમાં રહેતી જેથી નિશ્ચિત રીતે આપ صلی الله علیه وسلم ની તબ્લીગ તથા ઈસ્લામ પ્રચાર સંબંધિત કાબેલિયતોનો પ્રભાવ તેણીઓના ઉપર પણ પડતો રહ્યો.

### હઝરત આઈશાએ બારીક ઓઢણી ફાડી કાઢી !

જેમ કે હઝરત અલ્કમા رضی الله عنه પોતાનાં વાલિદાથી રિવાયત ફર્માવે છે કે હઝરત હફસા બિન્તે અબ્દુર્રહમાન رضی الله عنه હઝરત આઈશા رضی الله عنها ની ખિદમત હાજર થયાં. તેમણે એક બારીક ઓઢણી ઓઢેલી હતી. સૈયદા આઈશાએ તેને ફાડી નાખી અને તેમને જાડી ઓઢણી ઓઢાડી આપી. *(મોઅત્તા ઈમામ માલિક)*

ઉપરોક્ત બનાવમાં હઝરત આઈશા رضی الله عنها એ તે હદીષે પાક ઉપર અમલ ફર્માવ્યો કે રસૂલુલ્લાહ صلی الله علیه وسلم એ ઈર્શાદ ફર્માવ્યું, "જે વ્યક્તિ કોઈ વાત શરીઅતની વિરૂધ્ધ જુએ તો તેને પોતાના હાથ વડે રોકે, અને જો હાથથી રોકવાની શક્તિ ન ધરાવતો હોય ઝબાનથી રોકે, અને જો ઝબાનથી પણ રોકવાની શક્તિ ન ધરાવતો હોય તો તેને દિલથી બુરુ જાણે, અને આ સૌથી કમઝોર ઈમાન છે. *(અન્વારુલ હદીષ, પેજ-૪૪)*

આજે મુસ્લિમ સમાજ જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તે જોઈને ઘણુ દુઃખ તથા અફસોસ થાય છે. માલ તથા દૌલતની મહોબ્બતે કૌમે મુસ્લિમને દીનથી દૂર કરવામાં વિશેષ ભાગ ભજવ્યો છે. પશ્ચિમી પધ્ધતિ તેમજ વેસ્ટર્ન સ્ટાઈલ ઉપર અમલ કરવાના કારણે મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓને બુરાં તેમજ શરીઅત વિરૂધ્ધનાં કામોમાં કામયાબી તથા ઈન્ટરેસ્ટ દેખાય છે, જ્યારે કે એક મામૂલી બુધ્ધિ ધરાવતો વ્યક્તિ પણ જાણે છે કે ઈસ્લામની રોશન તથા સ્વચ્છ હિદાયતો તથા શિક્ષણમાં જ બંને જહાનની ભલાઈ તથા કામયાબી છે.

આજે બારીક ઓઢણી નહીં, માથા પર ઓઢણી જ નથી રહી ! અને વાળો છૂટા પ્રદર્શનમાં મૂકવામાં આવેલ હોય તેમ મોડેલો જેમ યુવતીઓ ફરે છે ! આજે મુસ્લિમ ઘરોમાં બેપર્દગી તથા બેહયાઈ એક ફેશનનું રૂપ ધારણ કરી ગઈ છે, આવી કપરી પરિસ્થિતિમાં મુસ્લિમ સ્ત્રીઓની જવાબદારી અધિક થઈ જાય છે, એક સ્ત્રી જે ઘરની શોભા તથા રોનક

હોવાની સાથે સાથે તેના ઉપર ઘરેલુ વ્યવસ્થા તથા સંચાલન તેમજ બાળકોના શિક્ષણ તથા કેળવણીની પણ જવાબદારી હોય છે. જો તેણીઓ પ્રારંભથી જ પોતાની પ્યારી દીકરીઓને જેમની ઉપર કેટલીયે બાબતોનું ભવિષ્ય નિર્ભર રાખે છે, તેથી ભવિષ્યની મમતાને પર્દા તથા હયા જેવા અલંકારોથી સુશોભિત કરતી રહે અને ઈસ્લામિક વ્યવહાર તથા ટેવોની ખૂબીઓથી આગાહ કરતી રહે તો ઉત્તમ પરિણામો જાહેર થઈ શકે છે. એક ઈસ્લામી ખાતૂન પોતાની દીકરીને આ પ્રમાણે નસીહત તથા શિખામણ આપે કે :–

## સ્ત્રી કઈ રીતે તબ્લીગ કરે !

"મારી દીકરી ! ઈસ્લામે આપણને જે તાલીમ આપી છે તે પ્યારી છે અને આપણી સફળતાની જામિન છે. જો બેટા ! પર્દા તથા હયાની સાથે જીવન પસાર કરનારી ઈસ્લામી ખાતૂનોને આજે દુનિયાભરમાં મોહબ્બત તથા પવિત્રતાની સાથે યાદ કરવામાં આવે છે. નબીએ કરીમ ﷺની પાક બીબીઓ તેમજ આપ ﷺની સુપુત્રીઓ તથા અન્ય સહાબી સ્ત્રીઓ رضی اللہ عنہاનાં ગુણગાનનાં ગીતો કેટલા પ્રેમ તથા નિખાલસતાની સાથે ગાવામાં આવી રહ્યાં છે. આ પવિત્ર તથા મહાન નારીઓની કથાઓ એટલા માટે કહેવામાં નથી આવતી કે તેણીઓ ઉચ્ચ વર્ગીય ખાનદાનોથી સંબંધ ધરાવતી હતી પરંતુ તેમની કથાઓ એટલા માટે રજૂ કરવામાં આવે છે કે તેમણે કુર્આની આયતો તથા મુસ્તફા જાને રહમત ﷺનાં કથનો તેમજ શરીઅતના અહકામો ઉપર ખૂબ દઢતાની સાથે અમલ કર્યો હતો.

એટલા માટે મારી પ્યારી દીકરી ! સદા બાપર્દા રહેજે અને પોતાની ઈજ્જત તથા આબરૂની રક્ષા કરતી રહેજે, આ ઈજ્જત તથા માન મર્યાદા આપણને ઘણીયે શહાદતો તથા કુરબાનીઓ થકી મળી છે. યાદ રાખજે ! આ જે નકાબ તથા સ્કાર્ફ છે તેનાથી આપણી ઈજ્જત વધે છે, બુરી તથા ભૂખી નજરોથી રક્ષા થાય છે, તેના વડે ઈસ્લામી મહાનતા લોકોનાં દિલોમાં પેદા થાય છે. તું જાણે છે ! દુનિયા આજે આપણને આપણી જ ઈસ્લામી તાલીમાત તથા તરીકાઓથી નફરત કરવાની શિખામણ આપે છે, સ્ત્રી આઝાદીના નામે આપણને ઘરના પવિત્ર ઈસ્લામી માહોલમાંથી બહાર કાઢીને બજારો, કાઉન્ટરો, કલબો, ડાન્સ બારો તેમજ રંગીન પાર્ટીઓની શોભા બનાવી પોતાની નફસાની ખ્વાહિશો તથા વાસનાઓની શિકાર બનાવવા માંગે છે. આવા સંજોગોમાં સદા ઈસ્લામની મદદ કરજે અને આધુનિક યુગના બેહકાવામાં આવીશ નહીં ! તું જાણે છે કે ઈસ્લામની મહાન ખાતૂનો જીવન જરૂરીયાત માટે ક્યારેક ઘરથી બહાર નીકળતી હતી તો બાપર્દા બુરખાની સાથે નીકળતી હતી, જેથી ગેરમેહરમોને તેમનું શરીર પણ નજર આવતું ન હતું. જો તેં પણ આ પ્રમાણે સિધ્ધાંતવાદી જીવન પસાર કર્યું અને પોતાની આબરૂની હિફાઝત તથા લેહાઝ રાખ્યો, મદ્રસા તથા સ્કૂલ જતી વખતે પર્દાની પાબંદી કરી, તો એક બાજુ તું અમલના મેદાનમાં સફળતા પ્રાપ્ત કરીશ અને અલ્લાહની મદદની હકદાર બનીશ. કેમ કે અલ્લાહનો વાયદો છે કે,"જો તમે અલ્લાહના દીનની મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ કરશે." અને બીજી બાજુ તું પાકબાઝ રહીશ તથા ગુનાહોની ગંદકીઓથી પણ દૂર રહીશ.

આ પ્રમાણેની નસીહત તથા શિખામણ ઔલાદ ઉપર ગાઢ પ્રભાવ પાડે છે. અને કેમ ન હોય ! જ્યારે કે માતા પિતાનો તો પોતાની ઔલાદ માટે અનમોલ તોહફો સારો સંસ્કાર તથા સુંદર કેળવણી જ છે. અને આ પણ તબ્લીગ તથા ઈસ્લામ પ્રચારનું એક પ્રભાવશાળી માધ્યમ છે. અને પ્યારા વાંચકો ! આ હદીષ પણ યાદ રાખજો કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવી આપ્યું કે كلكم راع وكلكم مسئول عن رعيته "તમારામાંથી દરેક નિગેહબાન (દેખરેખ કરનાર) છે અને દરેકથી તેના હેઠળનાં વિશે સવાલ થશે."

## બહેનો તબ્લીગના આ ક્ષેત્રે ધ્યાન કરે !

અહીંયાથી જાણવા મળ્યું ઔલાદને પણ એ તમામ વાતો ઉપર અમલ કરવાની તાકીદ કરવામાં આવે જેનો ઈસ્લામે આદેશ આપ્યો છે. અને એ તમામ

બુરાઈઓ તથા બુરી વાતોથી દૂર રાખવામાં આવે જે દુનિયા તથા આખેરતની તબાહી વહોરવાનો સબબ હોય.

દાવત તથા તબ્લીગથી સંબંધિત સ્ત્રીઓની જિમ્મેદારીઓ ઘણી હોય છે. માંના રૂપમાં પણ તેણી સારી તબ્લીગ કરી શકે છે, બહેનની હેસિયતથી પણ એક સમાજ સુધારકનો રોલ અદા કરી શકે છે. જેવી રીતે તેણી પત્ની સ્વરૂપમાં એક પતિની ઈસ્લાહ (સુધારણા) નો સામાન તૈયાર કરી શકે છે, તેવી જ રીતે તેણી બહેનપણી તથા સહેલી હોવાના નાતે પોતાની ઈસ્લામી બહેનોને નેકીઓનું આમંત્રણ તથા બુરાઈઓથી દૂરીનો પાઠ શિખવાડી શકે છે. ફક્ત આ તરફ ધ્યાન દોરવાની જરૂરત છે, પરિણામો જાતે જ જોવા મળશે. શું એક વફાદાર દીકરી પોતાની મમતાની વાત ટાળી શકે છે?! જ્યારે તે પોતાની દીકરીને બુરી વાતથી રોકે અને ભલાઈની વાત બતાવે. શું એક બહેન પોતાની પ્યારી બહેનની સારી વાત તથા સારા મશ્વરાને ઠુકરાવી શકે છે ?! શું એક જિગરી તથા મુખ્લિસ સહેલી પોતાની બહેનપણીની ઈસ્લાહી વાતોને રદ કરી શકશે ?! ના ! વફાદાર દીકરી, પ્યારી બહેન તથા જિગરી સહેલીની આવી ઉમ્મીદ તથા આશા ન કરી શકાય ! તો પછી કેમ આ તરફ ધ્યાન આપવામાં નથી આવતું ?

## પતિ પત્ની કઈ રીતે તબ્લીગ કરે ?

કુર્આન કરીમ ફર્માવે છે :–

تعاونو علی البر والتقویٰ ولا تعاونوا علی الاثم والعدوان

''નેકી તથા પરહેઝગારી પર એક બીજાની મદદ કરો અને ગુનાહ તથા ઝયાદતી (મર્યાદાની બહારનાં કામો) ઉપર એક બીજાની મદદ ન કરો.'' આ આયતે કરીમા ઉપર દરેક સ્ત્રી તથા પુરૂષ પણ સારી રીતે અમલ કરી શકે છે. દરેક પતિ પત્ની પણ સારી રીતે આ આયત ઉપર કાર્યરત થઈ શકે છે. તે એ રીતે કે પત્ની પોતાના પતિને બુરાઈ કરતાં જુએ તો તેને રોકે અને નેકીઓ તરફ આમંત્રણ આપે. એ જ પ્રમાણે એક પતિ પોતાની પત્નીને ગલત કાર્યોથી બચાવી શકે છે અને નેક કામો તરફ પ્રેરિત કરી શકે છે. જેમ કે હઝરત હબીબ અઝમી رضی اللہ عنہ નાં પત્ની ''અમરાહ'' નો નિયમ હતો કે રોજ રાત્રે પોતાના પતિને જગાડતાં અને કહેતાં, ''ઉઠી જાવ ! રાત વીતી ગઈ, માર્ગ લાંબો છે અને આપણી પાસે મુસાફરીનો સામાન ઘણો ઓછો છે, નેક બંદાઓના કાફલા આપણાથી ઘણા આગળ જઈ ચૂક્યા છે, હવે પાછળ ફક્ત આપણે જ રહી ગયા છીએ.'' *(રૌઝુર્રિયાહીન ઉર્દૂ, પેજ, ૩૨૯)*

જુઓ ! એક વફાદાર પત્ની જો પોતે નમાઝ રોઝાની પાબંદ છે તો તેણી પોતે સવારે જાગીને પોતાના પતિ તથા બાલ બચ્ચાંઓને પણ જગાડીને નમાઝની તાકીદ કરી શકે છે, અને આ તબ્લીગ તથા દાવતની ઘણી ઉત્તમ પધ્ધતિ છે. પરંતુ આજે આપણી કૌમની પરિસ્થિતિ જોઈને મુસ્લિમ કૌમની બેટીઓ, પવિત્ર માંઓ તથા બહેનો ઉપર ઘણો અફસોસ થાય છે કે ન તો તેણીઓ પોતે શરીઅતની તબ્લીગ તથા દાવતમાં આગળ વધીને ભાગ લે છે અને ન તો પોતાનાં સંબંધીઓને આ તરફ ધ્યાન દોરવાની કોશિશ કરે છે.

## માં કઈ રીતે તબ્લીગ કરશે ?!

આ હકીકત ઢાંકી છુપી નથી કે એક માંનો ઔલાદની કેળવણીમાં બાપ કરતાં વધારે રોલ હોય છે. એટલા માટે કે ઘરમાં બાપથી વધારે માંની જ સાથે દીકરા દીકરીઓ જીવનનો અધિક સમય વિતાવે છે, અને એ જ અદબ તથા કેળવણીનું માધ્યમ હોય છે. માંની સારી તથા નબળી વાતોની તેઓ પોતાના જીવનમાં નોંધ કરે છે. જો એક માં પોતાની દીકરીઓને મોટેરાઓના હક્કો તથા શાદી પછીના જીવનના આદાબ તથા તરીકા ઈસ્લામની રોશનીમાં બતાવે તથા શિખવાડે, ઈસ્લામની મહાન ખાતૂનોનાં દાંપત્ય જીવનના બનાવો સંભળાવે, સૈયદા ફાતેમા ઝહરા رضی اللہ عنہاની પ્યારી તથા સાદગીવાળી શાદીની બરકતો બતાવે, તો એ વાતો પણ સારા પરિણામો વ્યક્ત કરશે. વળી એ તો જુઓ કે બેટીઓની સારી કેળવણી તથા તેમની સાથે સારા વર્તાવ ઉપર હદીષોમાં કેટલી બશારતો તથા ખુશખબરીઓ

આપવામાં આવી છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

**من عال جاريتين حتى تبلغا جاء يوم القيٰمة انا وهو هكذا وضم اصابعه**

જેણે બે દીકરીઓનું પાલન પોષણ કર્યું ત્યાં સુધી કે તેણીઓ બાલિગ (પુખ્ત) થઈ ગઈ તો કયામતના દિવસે હું અને તે આ પ્રમાણે ઉભા હશે ! અને આપ ﷺ એ પોતાની બે આંગળીઓને મિલાવી. *(મુસ્લિમ શરીફ, ભાગ-૨, પેજ-૩૩૦)*

આ વિષયમાં હઝરત ઓસામા બિન ખારજા ગઝારી رحمۃ اللہ علیہએ પોતાની દીકરીને નિકાહના સમયે કરેલ નસીહત ઘણી અસરકારક સાબિત થશે. આપે ફર્માવ્યું કે, "બેટી ! તું એક માળામાં હતી, હવે અહિયાંથી નીકળીને તું એવી સોહબતમાં જઈ રહી છે જેને તું સારી રીતે નથી ઓળખતી, એવા સાથીની પાસે જઈ રહી છે જેનાથી તારી મિત્રતા નથી. એટલા માટે તું ધરતી બની જા, તે તારા માટે આકાશ હશે. તેના માટે બિસ્તર બની જા, તે તારા માટે શક્તિ તથા આશ્રય પ્રાપ્તિનો સ્તંભ બની જશે, તેના માટે બાંદી બની જા, તે તારા માટે ગુલામ બની જશે, તેની સાથે કોઈ વિષયમાં અડી ન જતી (હઠ ન કરતી) કે જેથી તે તને દૂર હટાવી દે, તેનાથી દૂર ન રહેતી, નહીં તો તે તને ભૂલાવી દેશે.

જો તે તારાથી નજીક થાય તો તું તેનાથી વધુ નજીક થઈ જા અને જો તે તારાથી હટે તો તું તેનાથી દૂર થઈ જા. તેના નાક, કાન તથા આંખ (એટલે કે દરેક પ્રકારના ભેદો)ની હિફાઝત કર કે તે તારાથી માત્ર તારી ખૂશ્બુ સુંઘે (એટલે કે ભેદની રક્ષા તથા વફાદારી પામે), તે તારાથી માત્ર સારી વાતો સાંભળે, તે તારાથી માત્ર સારુ કામ જ જુએ." *(ક઼ાબિલે રશ્ક ખવાતીન, પેજ-૧૭૪)*

ઉપરોક્ત નસીહતો પર ચાલી એક દીકરી દાંપત્ય જીવનના સફરને પૂરસુકૂન (શાંતિમય) તથા આરામદાયક બનાવી શકે છે અને આ અમલની દા'વત દીનની તબ્લીગ તથા પ્રચારનો શ્રેષ્ઠ આધાર પણ સાબિત થશે. કાશ ! આધુનિક યુગની યુવતીઓ આ રંગબરંગી ફૂલોથી ખૂશ્બુ પ્રાપ્ત કરી પોતાના ઘરને ખૂશ્બુદાર તથા સુગંધિત કરી આપે.

## શાદી પ્રસંગે દીની તબ્લીગ

મુસ્લિમ ઘરોમાં આજે શાદીના પ્રસંગે જે ગેરશરઈ હરકતો કરવામાં આવી રહી છે તે પણ અફસોસજનક છે. નાચ ગાન, ફટાકડાઓ તથા સ્ત્રી પુરૂષોની ભેળસેળ તેમજ બેહયાઈની વસ્તુઓનો ઉપયોગ આ સર્વ વાતો ફુઝૂલ કામ હોવાની સાથે તબાહી તથા બર્બાદીનો સબબ બનતી જાય છે. આવા સમયે સ્ત્રીઓની જિમ્મેદારી વધુ થઈ જાય છે. જો એક સ્ત્રી તથા ઈસ્લામી ખાતૂન એ વાત ઉપર અટલ થઈ જાય કે મારા ઘરમાં શાદી પ્રસંગે નાજાઈઝ કામો નથી થઈ શક્તાં ! તો પતિની હિમ્મત નથી કે તે ઘરને આવાં કામોથી બેચૈન કરી આપે. એ જ પ્રમાણે જો સ્ત્રી આવા ખુશીના અવસરે ઈસ્લામી મેહફિલો (મીલાદની મેહફિલ, સીરતુન્નબી ﷺ જલ્સા વગેરે)ના સંબંધમાં પતિ સાથે મશ્વરો કરે તો નેક મક઼સદ તથા મશ્વરો પણ સારા પરિણામો તથા અસરોને જન્મ આપી શકે છે.

સારાંશ કે સ્ત્રીઓ અલગ અલગ રીતે દા'વત તથા તબ્લીગે દીન તેમજ ઈસ્લામ પ્રચારની ફરજો અંજામ આપી શકે છે. ફક્ત આ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત છે. સારા તથા નેકીનાં કામોની નિયત ઉપર જ્યારે અજર તથા સવાબની બશારતો આવી છે, તો પછી તે નેક કામ કર્યા પછી કેટલો સવાબ મળશે તેની કલ્પના પોતે જ કરી શકો છો !

અલ્લાહ કરીમ આપણાને સૌને દીનની દા'વત તથા તબ્લીગનાં કામો આપણી શક્તિ મુજબ કરવા તૌફીક઼ અતા ફર્માવે, અને નિખાસતા તથા અસરકારક્તાની દૌલતથી નવાઝે. આમીન

**વાંચક મિત્રોને નમ્ર અપીલ**

*બરકાતે ખ્વાજા (માસિક) અહલે સુન્નત વ જમાઅત તથા ક઼ૌમો મિલ્લતને ઉપયોગી એવા ઈમાનની મજબૂતી તથા અમલી ઈસ્લાહ કરતા તેમજ ગલત માન્યતાઓ તથા કુરિવાજોને દૂર કરે તેવા લેખો સતત પ્રકાશિત કરી રહ્યું છે. એને સહકાર માટે આપ કમસે કમ ત્રણ ત્રણ ગ્રાહકો કરીને આજે જ કાર્યાલયના સરનામે પહોંચાડો એવી વિનંતિ. -તંત્રી*

# તાલિબાનિઝમ

## ઈસ્લામ માટે સૌથી મહાન ખતરો !

અઝ : **મૌલાના સાદિક હસન સાબરી દહેગામી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

આપણે જોઈ રહ્યા છીએ કે કેટલાક દિવસોથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સરહદી ક્ષેત્રમાં મોટા પાયે કહેવાતો જેહાદ ચાલી રહ્યો છે એવો જેહાદ જે ન તો અમેરિકા અને યૂરોપ સાથે છે અને ન તો એ કાફિરો તથા મુશ્રિકો અથવા યહૂદીઓ અને ઈસાઈઓ સાથે છે, બલ્કે તેનું એક ગૃપ મુસ્લિમ દેશ પાકિસ્તાનની ગવર્નમેન્ટ છે અને બીજુ ગૃપ જમીન પર નિઝામે શરીઅતે મુહમ્મદી લાગુ કરવાનો ઠેકો લઈ ફરનાર જમાઅત તાલિબાન છે. આ જેહાદમાં સેંકડો મુસલમાનો માર્યા ગયા, હજારો બેઘર અને લાખોને તેનાથી બુરી અસરો થઈ છે.

આ જેહાદ વિશે પ્રસારિત થયેલ થોડાક સમાચારોનો અભ્યાસ કરીએ :–

☞ મલાકંડ ડિવિઝનમાં સ્થાનિક તાલિબાનોના વિરુધ્ધ સૈનિક કાર્યવાહી ચાલુ છે.

☞ સ્વાતમાં લોકોની મોટી સંખ્યા બેઘર થઈ ગઈ છે અને સ્થળાંતરનો સિલસિલો ચાલુ છે. સુબા સરહદના પ્રાદેશિક મંત્રી મિયાં ઈફતેખારના કહેવા પ્રમાણે હિજરત કરનારાઓની સંખ્યા પાંચ લાખ સુધી પહોંચી ગઈ છે.

☞ સ્વાતના પ્રભાવિત ક્ષેત્રથી હિજરત કરનારાઓમાંથી અમુક લોકોએ અમેરિકા, યૂરોપ, ઓસ્ટ્રેલિયા અને કેનેડાથી માંગ કરી છે કે તેઓ સ્વાતના મુહાજિરો માટે ટેમ્પરરી વસવાટ માટે ઈમિગ્રેશનની વ્યવસ્થા કરે.

☞ રાષ્ટ્રપતિ આસિફ ઝરદારી અને અફઘાન રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈથી મુલાકાત બાદ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ કહ્યું કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન અલ કાએદાને હરાવવા એકમત છે.

☞ સ્વાતમાં સિક્યુરિટી ફોર્સની વિવિધ કાર્યવાહીમાં ૧૨ બાળકો અને ૬ મહિલાઓ સહિત ૨૪ શહેરીઓ માર્યા ગયા છે, જ્યારે પાકિસ્તાની ફોજે ૩૫ તાલિબાનોની મૌતનો દાવો કર્યો છે.

☞ સૈયદ શરીફ મેડિકલ કોલજના લગભગ ૭૦ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ કેટલાક દિવસથી પોતાની હોસ્ટેલમાં ઘેરાયેલ છે. મુહમ્મદ રફીઅ નામના એક વિદ્યાર્થીએ ફોનથી જણાવ્યું કે અત્યારે ૪૦ વિદ્યાર્થીઓ અને ૩૦ વિદ્યાર્થીનીઓ હોસ્ટેલમાં ઘેરાયેલાં છે અને તેઓ પાસે ખાવા પીવાની વસ્તુઓ ખૂટી પડી છે.

☞ નિઝામે શરીઅતે મુહમ્મદી ચળવળના આગેવાન સૂફી મુહમ્મદ દેવબંદી ફિર્કાથી સંબંધ ધરાવે છે, પરંતુ લોકશાહીના ગૈર ઈસ્લામી હોવાના એમના મંતવ્યના કારણે દેવબંદી આલિમોની મોટી સંખ્યા તેમની વિરુદ્ધ છે અને લોકશાહી રાજકરણમાં જોડાયેલ છે. જો કે ખૂદ સૂફી મુહમ્મદ પણ આ જ ચૂંટણી કાર્ય દ્વારા કેટલા વર્ષો પહેલાં જમાઅતે ઈસ્લામીની ટિકિટ પર કાઉન્સિલર બન્યા હતા અને હવે ચૂંટણી કાર્યમાં ભાગ લેનારને કુફ્ર ફેલાવનાર કહે છે.

ઉપર દર્શાવેલ સમાચારોથી જાણવામાં આવ્યું કે આ જેહાદથી મુસલમાનોને કેટલું જાની માલી નુકસાન થયું છે અને આ નુકસાન કોઈ કાફિર દુશ્મનથી નથી થયું પરંતુ પોતાને મુસલમાન કહેનાર અને પૂરી દુનિયામાં પોતાની મનઘડત શરીઅત લાગુ કરવાની મૂર્ખ વિચારધારા ધરાવનાર જમાઅત તાલિબાનથી પહોંચેલ છે.

તાલિબાન ગૃપ અને સૂફી મુહમ્મદની શરીઅતે મુહમ્મદી લાગુ કરવાની ચળવળનો જેહાદ લોકશાહીના વિરુદ્ધ ચાલુ છે. (જે હકીકતમાં સત્તાની હવસ અથવા બાહ્ય તાકતોની ગૃપ્ત સાઝિશોનું પરિણામ છે.) સરહદી ઈલાકામાં

વસતા મુસલમાનો જિંદગી અને મૌતની ખેંચતાણમાં છે અને તેઓ અમેરિકા, યૂરોપ, ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા ઈસ્લામ દુશ્મન દેશો પાસે કહેવાતા શરીઅતે મુહમ્મદીના સમર્થક તાલિબાન વિરુધ્ધ ફરિયાદ કરી સુખ અને શાંતિની ભીખ માંગી રહ્યા છે. આ બાજુ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના મુસ્લિમ પદાધિકારીઓ પણ આ તાલિબાની જેહાદને ખતમ કરવામાં મદદની માંગ કરી રહ્યા છે. બીજી બાજુ મુસલમાનો પાસેથી શાસન છીનવી લેવાના મક્સદથી ખૂની જંગ કરવા, મુસ્લિમ છોકરીઓની મારપીટ કરવા, ગૈર મુસ્લિમ સાથે બળજબરી વ્યવહાર કરવા, દુનિયવી તા'લીમ સંસ્થાઓ અને મઝારો, મકબરાની તોડફોડ કરવાથી બીજા દેશોમાં વસતા મુસલમાનો ગૈર મુસ્લિમોથી શરમાઈ રહ્યા છે. તેઓ સામે પ્રશ્નો ખડા થઈ રહ્યા છે. આ નામ માત્ર જેહાદના કારણે દુનિયાભરમાં ઈસ્લામને નિશાનો બનાવવામાં આવી રહ્યો છે. અને જો તાલિબાનનો આ કહેવાતો જેહાદ આ રીતે જ ચાલતો રહ્યો તો દૂર નથી કે યૂરોપ અને અમેરિકામાં વસતા મુસલમાનો વિવિધ પરેશાનીઓ અને મુસીબતોમાં ઘેરાય જાય અને અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં વસતા નાગરીકો પર અમેરિકન બોંબવર્ષા ચાલુ થઈ જાય. એવી રીતે તાલિબાન જેહાદ ઈસ્લામી ઈતિહાસનો એક માત્ર જેહાદ છે જે મુસલમાનો વિરુદ્ધ લડવામાં આવી રહ્યો છે, મુસલમાનો જ માર્યા જાય છે, બેઘર થઈ રહ્યા છે, વિવિધ તકલીફોમાં પડી રહ્યા છે અને પોતાની હિફાઝત માટે ગૈર મુસ્લિમ દેશોથી શાંતિ અને સુખ ચૈનની ભીખ માંગવાના સાથે પોતાના દોસ્તોથી ત્રાસીને પોતાના દુશ્મનોને પોતાના જ દેશ પર હુમલો કરવાની દા'વત આપી રહ્યા છે !

## તાલિબાન અને તાલિબાનિઝમ

તાલિબાન આ શબ્દ સાંભળતાં જ દિમાગમાં ભયાનક દશ્યો સર્જાય છે ! લાંબી દાઢી, માથા પર ટોપી અથવા પાઘડી, શરીર પર ઈસ્લામી પહેરવેશ, હાથમાં મશીનગન, ગ્રેનેડ અથવા રાઈફલ. એક ભયાનક આકૃતિ ક્યારેક લોકો પર ફાયરિંગ કરે છે તો ક્યારેક ગ્રેનેડ અને બોંબના ધમાકા, ક્યારેક મહિલાઓને જાહેરમાં મારપીટ કરે છે તો ક્યારેક સજારૂપે તેમના પર ગોળીઓ ચલાવે છે, તો ક્યારેક ગૈર મુસ્લિમ મહિલાઓ સાથે ગૈર ઈસ્લામી વ્યવહાર કરે છે, તો ક્યારેક મઝારોમાં ઘુસી ગિલાફ સળગાવે છે અને ઝિયારત માટે આવેલ લોકો પર અત્યાચાર કરે છે. તો ક્યારેક માનવબોંબ અને આત્મઘાતી હુમલાઓ કરી કરોડોની મિલ્કતને નુકસાન કરી માનવતાનાં ચિથરાં ઉડાડે છે ! ચારેવ બાજુ ભય અને દેહશત (ત્રાસ)નો માહોલ બને છે. આ છે તાલિબાનિઝમની અસલ તસ્વીર ! જેને જોઈને એક સામાન્ય વ્યક્તિ જે ઈસ્લામની ખૂબીઓથી અજાણ છે તે તરત જ સમજી લે છે કે ઈસ્લામ એ મારપીટ, અત્યાચાર, દેહશત (ત્રાસવાદ)નો ધર્મ છે. જ્યારે કે એવું નથી ! તાલિબાનો ઈસ્લામી વેશમાં જે કાંઈ કરી રહ્યા છે, તે ઈસ્લામ વિરુદ્ધ છે. ઈસ્લામ જે શાંતિનો મઝહબ છે તે કદી આવી વાતોની અનુમતિ આપતો નથી.

ઈસ્લામમાં જેહાદ એ માનવતા પર થતા અત્યાચાર અને આતંકવાદને રોકવા માટે છે, જ્યારે કે જેહાદ વખતે ગૈર મુસ્લિમ મહિલાઓ, બાળકો અને વૃદ્ધો પર હાથ ઉઠાવવાની ઈસ્લામ મનાઈ કરે છે તો તે જાહેરમાં મુસ્લિમ મહિલાઓને મારપીટ કરવાની અનુમતિ કેવી રીતે આપે ?! જે ઈસ્લામ જેહાદમાં માર્યા ગયેલ દુશ્મનોના હાથ, કાન વગેરે અંગોને કાપવાની મનાઈ કરે છે તે બોંબથી મુસલમાનોનાં શરીરનાં ચિથરાં કરવાની ઈજાઝત કેવી રીતે આપે ?! ઈસ્લામના મહાન પયગંબર મુહમ્મદ ﷺ સાફ સાફ ફર્માવે છે, ''મુસલમાન તે છે જેના હાથ અને જીભથી બીજા મુસલમાનો સલામત રહે.'' તાલિબાનના ગૈર ઈસ્લામી કૃત્યોને ઈસ્લામ સાથે જોડી ઈસ્લામને બદનામ કરવાનું આ ષડયંત્ર છે જે મિડિયા સારી રીતે કરી રહ્યું છે.

આવો હવે તાલિબાનના ઈતિહાસને જાણીએ. મશ્હૂર ઓન લાઈન ઈન્સાઈકલોપિડિયા'' ''વિકી પીડીયા'' તાલિબાનના વિશે લખે છે :–

''તેહરીકુલ ઈસ્લામી તાલિબાન''એ અફઘાનિસ્તાનની સર્વથી પ્રભાવશાળી જંગી અને રાજકરણી તાકત છે, તેને સંક્ષિપ્તમાં ''તાલિબાન'' કહેવાય છે. નસલમાં પશ્તુન અને મસ્લકમાં દેવબંદી અને એહલે હદીષથી જોડાયેલ છે.

તાલિબાન અસલમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાની મદ્રસાઓના તે તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) છે જેઓ અફઘાન જેહાદમાં રશિયાની સામે લડી રહ્યા હતા. રશિયન ફોજોના પાછા ફર્યા પછી તેમની વધારે પડતી સંખ્યા પોતાના મદ્રસાઓમાં પાછી ફરી ગઈ હતી. પરંતુ જેહાદી સંસ્થાઓની આપસી ઘરેલું જંગના કારણે ૧૯૯૫માં તાલિબાનો બીજીવાર જંગના મેદાનમાં આવી ગયા અને અફઘાનિસ્તાનમાં ૯૦% ક્ષેત્રફળ પર શાસન જમાવી કહેવાતી શરીઅત લાગુ કરી દીધી. તદ્ ઉપરાંત કેટલાક ક્ષેત્રો તરફથી તેમની આલોચના થતી રહી. તેમને સર્વ પ્રથમ સઊદી અરબ અને પછી ઓસામા બિન લાદેન તરફથી માલી મદદ પ્રાપ્ત થઈ રહી હતી.

તાલિબાને ૧૯૯૮માં હરાત પર કબ્જા પછી મઝાર શરીફ પર કબ્જો કર્યો તો તે શહેરમાં કત્લેઆમ (હત્યાકાંડ) કર્યો. તેમનો તરીકો એ હતો કે સર્વ વ્યાપક સડકો અને ગલીઓમાં જતા અને અંધાધુંધ ફાયરિંગ કરતા હતા. આવી રીતે તેમણે ૮૦૦૦ લોકોની કત્લેઆમ કરી. આ જ તરીકો તેમણે બામીયાન પર કબજો કર્યા પછી પણ અપનાવ્યો. યાદ રહે કે તાલિબાન પહેલાં બામયાન પર ઈરાન નવાઝ શીઆ હિઝબે વહદતનો કબજો હતો.

તાલિબાનો મહિલાઓ સાથે ગૈર ઈન્સાની (અમાનુષિક) વ્યવહાર માટે જાણીતા છે. તેમના સિદ્ધાંતોનો સંબંધ ઈસ્લામ કરતાં વધારે પશ્તુન ખાનદાની કાનૂનો સાથે છે, તેઓ ફક્ત મહિલાઓની તા'લીમના જ વિરોધી નથી બલ્કે મહિલાઓને ઘરથી બહાર પણ નથી નીકળવા દેતા. મહિલાઓને ગૈર ઈસ્લામી રીતે સજાઓ આપવાના સમર્થક છે. દા.ત. ભર બજારમાં મહિલાઓને લાકડીઓથી મારપીટ કરવાના રિવાજને તેમણે જ જન્મ આપ્યો. તેમના રાજમાં મહિલાઓના મદ્રસાઓ બંધ કરી દેવાયા.

શક્ય છે કે વિકી પિડીયાથી પ્રાપ્ત થયેલ માહિતીને કોઈ સો ટકા સાચી ન સમજે, પરંતુ આ પણ એક હકીકત છે કે આ માહિતી સો ટકા ખોટી પણ નથી. અન્યાય, આતંક, જોર જુલમથી મુસલમાનોને મુસલમાન બનાવવાની કોશિશ, અસભ્યતાની પ્રગતિ, મુસ્લિમ સ્વતંત્ર વિચારનો કતલ, પોતાના જ ગ્રુપના અમુક લોકોને બરહક્ક કાઝી, હાકિમ, જમીન પર અલ્લાહના ખલીફા સમજવાનું જુનૂન, ધાર્મિક પક્ષપાત અને ક્ષેત્રિય રસમ અને રિવાજને અસલ ઈસ્લામ બનાવી દેવાની હઠધર્મી, આ સૌ એવી સચ્ચાઈઓ છે જેને જૂઠલાવી શકાય તેમ નથી.

એવા જમાનામાં જ્યારે ઈસ્લામ બે માર્ગો પર છે, એક બાજુ ઈસ્લામની તબ્લીગ અને ફેલાવાની શક્યતા આખી દુનિયામાં રોશન છે, રાજાશાહી પક્ષપાત દુનિયાથી નષ્ટ થઈ ગયો છે અને લોકશાહીના તુફૈલ મુસ્તફવી ચિરાગથી દુનિયાના દરેક ખૂણાને પ્રકાશિત કરવું સહેલું ગઈ ગયું છે. આધુનિક રોજગાર પદ્ધતિથી માનવતા પરેશાન છે અને તે સંસ્કારિક સમાજમાં શાંતિપૂર્વક વ્યવહાર અને રૂહાની સુકૂનની શોધમાં છે, જેના માટે ઈસ્લામને સારા નમૂનારૂપે પ્રસ્તુત કરી શકાય છે. બીજી બાજુ ઈસ્લામના વિરુદ્ધ આખી દુનિયામાં અશસ્ત્ર ઈલ્મી અને વૈચારિક જંગ ચાલુ છે. ધાર્મિક પક્ષપાતનું સેક્યુલર ઢબે ઈસ્લામ પર આક્રમણ થઈ રહ્યું છે. એવામાં થોડાક મંદબુદ્ધિ અને સંકૂચિત દૃષ્ટિ ધરાવતા લોકો દુનિયાના એક સીમિત ઈલાકામાં ગોળા અને બંદૂકની સાથે એક લડાકુ ઈસ્લામ દુનિયા સામે લાવવા પ્રયત્નશીલ છે. તેઓ જેહાદના નામ પર ફક્ત મુસલમાનોનું લોહી જ વહેવડાવી રહ્યા છે, મુસ્લિમ લોકોની જિંદગીને જહન્નમ બનાવી રહ્યા છે બલ્કે ઈસ્લામ વિરોધીઓને ઈસ્લામના વિરુદ્ધ ઓજાર આપીને ઈસ્લામના ફેલાવાની શક્યતાને મર્યાદિત કરી રહ્યા છે.

૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના વલ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલ હુમલાને પણ આ અત્યાચારી ગ્રુપ તાલિબાન સાથે જોડવામાં આવે છે, જેના પછી અમેરિકાને અફઘાનિસ્તાન અને ઈરાકને કબ્રસ્તાન બનાવવાનું સુંદર બહાનું મળી ગયું. હવે ૯ વર્ષ પછી જ્યારે કે

અમેરિકામાં એક મધ્યમમાર્ગી વ્યક્તિ (ઓબામા) પ્રમુખ બન્યો છે, ભલે જાહેરમાં જ હોય, મુસલમાનો સાથે નરમ વલણ અપનાવવાની વાતો કરે છે અને અફઘાનિસ્તાન તથા ઈરાકમાં જંગના શોલા ઠંડા થવાની નિકટ છે ત્યારે પાકિસ્તાનમાં સ્વાતની વાદીમાં ભૂંડા અત્યાચાર દ્વારા ફરી આ તાલિબાનો અમેરિકાને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન પર હુમલા કરવાની દા'વત આપી રહ્યા છે. એવા સંજોગોમાં એ અભિવ્યક્તિમાં કોઈ સંકોચ નથી કે તાલિબાન વર્તમાનકાળમાં ઈસ્લામનો તે મૂરખ અને નાદાન દોસ્ત છે જેનાથી ઈસ્લામ અને મુસલમાનોને સર્વથી વધારે ખતરો છે. અને આવું એટલા માટે કે તેમની દાઢી અને પાઘડી એમના દરેક કૃત્યને ઈસ્લામની સાથે જોડી દે છે. જ્યારે કે તેમની ખરેખર હેસિયત શ્રીલંકન **L.T.T.E.**અને નકસલવાદના અત્યાચારી જવાનો જેવી છે જેઓ હાથમાં થોડા હથિયાર લઈ આખી દુનિયા પર હુકૂમત કરવાના મૂર્ખામીભર્યા સ્વપ્નો જોઈ રહ્યા છે.

## આશ્ચર્યજનક ખામોશી !

તાલિબાન પાછલા કેટલાયે વર્ષોથી ઈસ્લામના નામ પર પોતાની ગૈર ઈસ્લામી પ્રવૃતિઓમાં વ્યસ્ત છે, પરંતુ તે છતાં પણ અખંડ ભારતના આલિમો અને બુદ્ધિમાનો તેમના વિરુદ્ધ ઝબાન ખોલવાના બદલે આશ્ચર્યજનક ચૂપકીદી સાધીને બેઠા છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) આજે પાકિસ્તાનમાં સુન્નીઓ વિવિધ બેનરો અને પોસ્ટરો સાથે તાલિબાનની વિરુદ્ધ દેખાવો કરી રહ્યા છે. બેનરો પર આ રીતના સૂત્રો લખેલાં છે :–

(૧) Say no to Taliban (૨) અમેરિકી તાલિબાન કા જો યાર હૈ વો ગદ્દાર હૈ ! ગદ્દાર હૈ ! (૩) અમેરિકી એજન્ટ તાલિબાન, પાકિસ્તાન કે દુશ્મન તાલિબાન (૫) ઈસ્લામ ઝિંદાબાદ ! તાલિબાન મુર્દાબાદ ! (૫) મનપસંદ નફાઝે શરીઅત કે ખિલાફ દેફાએ ઈસ્લામી રેલી (૬) No Terorrisum, No Taliban (૭) સ્વાતી શરીઅત નામંઝૂર ! નામંઝૂર ! (૮) તાલિબાન કે હાથોં મઝારાતે અવલિયા અલ્લાહ કી તૌહીન ! ઉલમા મશાઈખ કા કત્લેઆમ !

વર્તમાનકાળની આ ખારજિયત અને ઈસ્લામ દોસ્તીના નામ પર ઈસ્લામ દુશ્મનીની આ ભૂંડી ચળવળના (તાલિબાનના) વિરુધ્ધ દેખાવો કરનાર એક ખાસ સમૂદાય અને (સુન્ની) ફિર્કા સાથે સંબંધ ધરાવે છે. શક્ય છે કે અમુક જુસ્સાવાળા લોકો આ દેખાવને પણ ફિર્કાના મતભેદથી જોવાની ભૂલ કરી બેસે, જ્યારે જરૂરત એ વાતની છે કે જેવી રીતે આતંકવાદના વિરુદ્ધ દરેક ફિર્કાના આલિમોએ ખુલ્લી રીતે દેખાવ કર્યા એવી જ રીતે વર્તમાન જમાનામાં આતંકવાદનુ મોટુ ઉદાહરણ એટલે કે તાલિબાનની વિરુદ્ધ પોતાનો ગમ અને ગુસ્સો તથા તેમનાથી કોઈ સંબંધ ન હોવાનું એલાન કરતા જેથી લોકોમાં તાલિબાનના કૃત્યોમાં ઈસ્લામી અથવા ગૈર ઈસ્લામી હોવામાં જે આશંકાઓ છે તે દૂર થઈ જાત, અને વર્લ્ડ લેવલ પર ઈસ્લામની શાંતિભરી તસ્વીર દેખાડવામાં કામયાબી મળતી. જમાઅતે ઈસ્લામીના મશ્હૂર સ્કોલર ડોકટર નજાતુલ્લાહ સિદ્દીકીએ પોતાની કિતાબ ''તેહરીકે ઈસ્લામી એક્કીસવીં સદીમેં''માં લખ્યું છે કે, ''જેહાદનો જે અર્થ જમાઅતના બુઝુર્ગોએ નક્કી કર્યો હતો આજે કેટલાક જુવાન તેનાથી હટીને જેહાદ કરી રહ્યા છે. જમાઅતના જિમ્મેદારોને એનો એહસાસ પણ છે પરંતુ ખબર નહીં કે કઈ એવી મસ્લેહત આડે આવી રહી છે કે તેઓ ખુલ્લી રીતે તેને બયાન નથી કરી રહ્યા !'' એવું લાગે છે કે તાલિબાન વિશે મુસ્લિમ સ્કોલરની ખામોશીનું કારણ પણ કંઈક એના જેવી જ અકથનીય મસ્લેહત છે, કેમ કે તાલિબાન પોતાનો સંબંધ ક્યારેક દેવબંદથી જોડે છે, તો ક્યારેક સઊદી અરબિયાથી, શક્ય છે કે આ જ સંબંધ ઘણી ઝુબાનોને બંધ અને કલમોને ચુપ કરી દેતી હોય ! (દેવબંદી) વિદ્વાનોનું આ વલણ શંકાજનક છે. જો શાબ્દિક સંબંધથી વધારે તેમને ઈસ્લામ અને મુસલમાનોની ઈજ્જત પ્યારી છે તો તેઓએ આ અત્યાચાર પસંદ જમાઅતના વિરૂદ્ધ જરૂર ખુલ્લી રીતે બોલવું જોઈએ.

*–(બહવાલા : જામેનૂર, દિલ્હી, જૂન–૨૦૦૯)*

# સવાબની નિય્યતથી ગુનાહમાં ક્યાં સુધી પડશો ?!

અઝ : **મૌલાના ગુલામ દસ્તગીર મિસ્બાહી દયાદરવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)*

રસૂલે આઝમ ﷺ ના ઈર્શાદ મુજબ રમઝાનનો મહિનો એ બા બરકત મહિનો છે, જેમાં નફ્લનો સવાબ ફર્ઝ બરાબર અને એક ફર્ઝનો સવાબ ૭૦ સિત્તેર ફર્ઝોની બરાબર થઈ જાય છે. એટલા માટે આ મુબારક મહિનો ચાલુ થતા પહેલાં જ લોકો તેની તૈયારીઓ ચાલુ કરી દે છે. અને તેના આગમન પછી અલ્લાહ તઆલાની વધુથી વધુ ઈબાદત કરી વધારે સવાબ પ્રાપ્ત કરવામાં લાગી જાય છે. ગામડાઓમાં સામાન્યતઃ અને શહેરોમાં ખાસ કરીને સૌથી વધુ તરાવીહની નમાઝની વ્યવસ્થા જોવામાં આવે છે. સૌના સીનામાં અલ્લાહ તઆલાનું મુકદ્દસ કલામ તરાવીહની નમાઝમાં સાભળવાનો શોખ પૈદા થઈ જાય છે. જો હાફિઝ સાહબનો અવાજ ધીમો હોય અથવા બીજા કોઈ કારણથી કિ઼રઅત સંભળાતી ન હોય તો તેને બુલંદ કરવાની દરેક શક્ય તે કોશિશ કરવામાં આવે છે. જેથી દરેક માણસ અલ્લાહના કલામને સારી રીતે સાભળી શકે.

## તરાવીહની નમાઝ સુન્નતે મોઅક્કદા

તરાવીહની નમાઝ સ્ત્રી અને પુરૂષ બન્નેવ માટે બિલ ઈજમાઅ "સુન્નતે મોઅક્કદા" છે જેને છોડવું જાઈઝ નથી. તેના પર ખુલફાએ રાશિદીને (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ) હમેશગી ફર્માવી. જેમના બારામાં હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે, **"મારી સુન્નત અને ખુલફાએ રાશિદીનની સુન્નતને પોતાના ઉપર લાઝિમ સમજો."** અને જાતે હુઝૂરે પણ તરાવીહ પઢી અને તેને પસંદ ફર્માવી. પહેલાં લોકો તેને અલગ અલગ પઢતા હતા. કોઈ જાતે પઢ તું હતું, તો કોઈની સાથે થોડા લોકો પઢતા હતા, તેને જોઈને હઝરત ઉમર ફારૂકે આઝમ رضی اللہ عنہ એ બધા લોકોને એક ઈમામ "હઝરત ઉબૈ બિન કઅબ رضی اللہ عنہ ના પાછળ ભેગા કરી બિદઅતે હસનહનું કામ કર્યું.

તરાવીહમાં એક વખત કુર્આન મજીદ પૂરું કરવું "સુન્નતે મોઅક્કેદહ" છે. બે વેળા ફઝીલત અને ત્રણ વખત અફઝલ છે, અને લોકોની સુસ્તીના લીધે ખત્મને છોડવામાં નહીં આવે.

## કિ઼રઅતનો તરીકો અને આપણા હાફિઝો

યાદ રાખશો કે કિ઼રઅત નમાઝના ફર્ઝોમાંથી એક અહમ ફર્ઝ છે. અને કિ઼રઅત નામ છે એનું કે બધા હુરૂફ (અક્ષરો) મખારિજ સાથે એવી રીતે અદા કરવામાં આવે કે દરેક હર્ફ બીજા હર્ફથી સહીહ રીતે અલગ થઈ જાય. કિ઼રઅતની રફતાર (ઝડપ) કેવી હોય તેના બારામાં હુઝૂર સદરૂશ્શરીઅહ અલ્લામા અમજદ અલી આઝમી عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ દુર્રે મુખ્તારના હવાલાથી લખે છે :

**મસ્અલા** : ફર્ઝોમાં અટકી અટકીને કિ઼રઅત કરે અને તરાવીહમાં મધ્યમ ગતિથી કિ઼રઅત કરે અને રાતના નવાફિલમાં જલ્દી પઢવાની ઈજાઝત છે, પરંતુ એવી રીતે પઢે જેવો કે તરતીલથી પઢવાનો હુકમ છે. *(હવાલો : બહારે શરીઅત, ભાગ–૩, કુર્આન મજીદ પઢવાનું બયાન)*

તેના પર સમીક્ષા કરતાં આગળ લખે છે :–

આજ કાલ મોટા ભાગના હાફિઝો એવી રીતે પઢે છે કે મખારિજ (સહીહ ઉચ્ચારો)ને અદા કરવા તો બહુ મોટી વાત છે, "યઅ્લમૂન–તઅ્લમૂન" સિવાય કોઈ શબ્દની ખબર પણ નથી પડતી, ન તો મદના હરફોની સહીહ તસ્હીહ (હુરૂફને સહીહ રીતે અદા કરવા) થાય છે, બલ્કે જલ્દીમાં કેટલાય શબ્દો ખાઈ જાય છે ! અને તેના પર ગર્વ લેવામાં આવે છે કે ફલાણા હાફિઝ સાહબ ઘણુ જલ્દી પઢે છે ! જ્યારે કે **એવી રીતે કુર્આન મજીદ પઢવું હરામ સખ્ત હરામ** છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા (رحمۃ اللہ علیہ)એ અમુક વાધાંઓનું વર્ણન કર્યું જેના લીધે **શબીના**નો મકરૂહ અથવા મમનુઅ (મના) હોવાનો હુકમ છે. ફર્માવે છે :–

**ચોથો સબબ** : કિ઼રઅતના વાજિબોને ત્યજવું. જેમ કે મદ્દે મુત્તસિલ, આ સ્થિતિ ગુનોહ અને મકરૂહે તહરીમી છે.

**પાંચમો સબબ** : મુતશાબેહ (એક સરખા) હુરૂફ, જેમ કે ظ،ذ،ز،ط،ت،ص،ش،س،ث વગેરેનો એકબીજાથી ફરક ન રહેવો એ જાતે **હરામ** અને **નમાઝ તોડનાર** છે. પરંતુ હિન્દુસ્તાનના જાહિલપણાનો શું ઈલાજ ?! ઉલ્મા અને હાફિઝોને જોયા છે કે **તરાવીહ તો દૂરની વાત છે, ફર્ઝ નમાઝોમાં પણ તેની કાળજી તથા ખયાલ નથી કરતા !** નમાઝો મફતમાં બરબાદ થઈ જાય છે. *(હવાલો : ફતાવાએ રઝવિય્યાહ, ભાગ–૩, પેજ–૪૮૬, રઝા એકેડમી)*

વળી ફત્વાએ રઝવિય્યહ, ભાગ–૧, પેજ–૫૫૬ માં લખે છે :

''એટલી તજવીદ કે દરેક હરફ બીજા હરફથી બરાબર રીતે અલગ થઈ જાય એ ફર્ઝે ઐન છે. તેના સિવાય **નમાઝ બિલ્કુલ બાતિલ** છે. (થતી જ નથી.)

હુઝૂર સદરુશ્શરીઅહ પોતાના જમાનાના હાફિઝોની ગલત કિ઼રઅત પર આ રીતે અફસોસ વ્યક્ત કરે છે :

અફસોસ ! સેંકડો અફસોસ ! હાલના જમાનામાં હાફિઝોની હાલત એકદમ ન કહેવા લાયક છે ! મોટા ભાગના તો એવું પઢે છે કે ''યઅ્‌લમૂન–તઅ્‌લમૂન'' સિવાય કશી ખબર નથી પડતી, લફઝો અને હુરૂફ ખાય જાય છે. જે સારું પઢવાવાળા કહેવામાં આવે છે તેઓને જુઓ તો હુરૂફ સહીહ રીતે અદા નથી કરતા. ط-ص-س-ث અને ظ-ز-ذ અને ع-ا-ء વગેરે હુરૂફમાં ફર્ક નથી કરતા, જેનાથી નમાઝ બિલ્કુલ નથી થતી, ફક઼ીરને એ જ મુસીબતોના લીધે ત્રણ વરસ સુધી ખત્મે કુર્આન સાંભળવાનું ન મળ્યું. અલ્લાહ તઆલા મુસલમાન ભાઈઓને તૌફીક઼ આપે કે ما انزل الله એટલે જેવું અલ્લાહ તઆલાએ નાઝિલ કર્યું તેવું પઢવાની કોશિશ કરે. *(હવાલો : બહારે શરીઅત, ભાગ–૪, તરાવીહનું બયાન)*

## પબ્લિકની બેપરવાહી તથા સુસ્તી

વર્તમાનકાળમાં પણ હાલાતની તપાસ કરતાં એ માલૂમ થાય છે કે અવામ (પબ્લિક) પણ એ જ હાફિઝની પ્રશંસા કરે છે, જે ફાસ્ટ પઢતો હોય અથવા અવાજ સારો હોય ભલે અલ્ફાઝ (શબ્દો) સમજમાં ન આવતા હોય. જો કોઈનામાં આ બે ખૂબીઓ મૌજૂદ છે તો પછી શું પૂછવું ?! લોકોને હુરૂફની સહી અદાઈગીથી શું કામ ?! તેઓને તો કેવળ સારો અવાજ અને જલ્દબાઝી (જલ્દી પઢવું) પસંદ છે, એટલે સુધી કે લોકો કિ઼રઅતની સેહતની (સહીહ પઢવાની) પરવા કર્યા વગર માત્ર જલ્દીના કારણે પોતાના મહોલ્લાની મસ્જિદ છોડી બીજી મસ્જિદોમાં પહોંચી જાય છે. અને પોતાના એ અમલ પર શર્મિંદા થવાને બદલે ફખ્ર કરતાં નથી ડરતા. જ્યારે કે શરીઅતે ગલત કિ઼રઅતથી બચવા માટે સહીહ કિ઼રઅતવાળી નમાઝમાં સામેલ થવા માટે મહોલ્લાની મસ્જિદ છોડી બીજી મસ્જિદનો ઈમામ સારૂ પઢવાની સાથે સાથે ખુશ અવાજ છે, અથવા હલ્કી (ઓછી) કિ઼રઅત કરે છે, જેના લીધે બોજ મહસૂસ નથી થતો અથવા મહોલ્લાની મસ્જિદમાં ખત્મે કુર્આન નથી થતું બલ્કે સૂરતોથી તરાવીહ થાય છે, તો પણ બીજી મસ્જિદમાં જવાની ઈજાઝત છે. જેમ કે બહારે શરીઅતમાં છે.

જો ઈમામ ગલત પઢે છે, તો મહોલ્લાની મસ્જિદ છોડીને બીજી મસ્જિદમાં જવામાં કોઈ વાંધો નથી, એવી જ રીતે જો બીજી જગ્યાના ઈમામનો અવાજ સારો છે, અથવા હલ્કી કિ઼રઅત કરે છે અથવા મહોલ્લાની મસ્જિદમાં ખત્મ ન થાય તો બીજી મસ્જિદમાં જવું જાઈઝ છે. સારા અવાજવાળાને ઈમામ ન બનાવવો જોઈએ બલ્કે દુરૂસ્ત (સહી) પઢનારને ઈમામ બનાવો. *(હવાલો : બહારે શરીઅત, ભાગ–૪, તરાવીહનું બયાન)*

એનાથી માલૂમ થયું કે દુરૂસ્ત પઢવું એ

શરીઅતમાં પસંદીદા છે. એટલા માટે જો કોઈ હાફિઝની અંદર કેવળ ખુશ આવાઝી (અવાજ સારો હોય પરંતુ તેની સાથે ક઼િરઅત સહી ન હોય તો તે શરીઅતની દષ્ટિએ મરદૂદ (અસ્વીકાર્ય) છે, એટલા માટે કે જો હાફિઝ હુરૂફની સેહત (સહી ઉચ્ચાર) સાથે કુર્આન નથી પઢતો તો તેના પઢવા અને સાંભળવા બંનેવમાં કોઈ વેળા હરામ, કોઈ વખત મકરૂહે તહરીમી, કદી મકરૂહે તન્ઝીહી થવું તો એ યક઼ીની વાત છે અને જો તેના (આડેધડ પઢવાના) લીધે **અર્થમાં ખરાબી આવે** જેની એ ખાસ સ્થિતિમાં અધિક શક્યતા છે, **તો નમાઝ પણ બાતિલ** (ફોગ) છે. એટલા માટે શરીઅતનો હુકમ એ છે કે **જો સહીહ કુર્આનવાળા હાફિઝ ન મળે તો તરાવીહ સૂરતોની પઢવામાં આવે.**

## ગલત ક઼િરઅતના જિમ્મેદાર કોણ ?

આજે માસિકો અને પેપરોમાં શરઈ કોલમનો અભ્યાસ કરવાથી એવું લાગે છે કે તરાવીહની નમાઝમાં ઉપર દર્શાવેલ ગુનાહના જિમ્મેદાર કેવળ હાફિઝો છે, જ્યારે કે અનુભવ એ બતાવે છે કે તેમાં હાફિઝોની સાથે સાથે અવામ પર બરાબરની સામેલ છે, એટલા માટે કે પેહલાંના મુકાબલામાં આ જમાનામાં તજવીદ પર ખાસ્સુ ધ્યાન આપવામાં આવે છે. એટલા માટે કહેવામાં આવે છે કે આની જિમ્મેદાર કેવળ અવામ છે તો ખોટુ નથી, કેમ કે તેઓ સતત હાફિઝોને ફાસ્ટ પઢવાનું કહેતા રહે છે. હવે જો તે ખુદાનો ખૌફ દિલમાં રાખી લોકોનું કહેલું ભૂલી જઈને જેવી રીતે મદ્રસાથી પઢીને ફારિગ થયો છે, તેવું જ હુરૂફની સેહત (સહીહ ઉચ્ચાર) સાથે મધ્યમ અંદાઝમાં પઢે તો લોકો તેને પસંદ નથી કરતા અને બીજો ગલત પઢનાર કેમ ન હોય પણ જલ્દી જલ્દી પઢનાર હાફિઝની તપાસમાં લાગી જાય છે ! તો એવા નાઝુક મૌક઼ા પર અમુક જ ખુદાથી ડરનાર હાફિઝોને છોડી મોટાભાગે અવામ સામે મજબૂર થઈ જાય છે ! અને તે ગુનાહની સજામાં મુસલ્લાથી હટાવી દેવામાં પોતાની બેઈજ્જતી અને રૂસ્વાઈ સમજીને સવાબના બદલે ગુનાહમાં સંડોવાવા લાગે છે. જ્યારે કે તાખિર (મોડુ થવું) ખરેખર મુક્તદીઓ પર બોજનું કારણ હોય તો ફુક઼હાએ કિરામે ટૂંકાવવાનો તરીક઼ો પણ બતાવેલ છે. ટૂંકાવવાની સ્થિતિ દુર્રે મુખ્તારના હવાલાથી બહારે શરીઅતમાં છે :–

**મસ્અલા** : ઈમામ અને મુક્તદી દરેક બે રકઅત પછી ષના પઢે અને તશહહુદ પછી દુઆ પણ પઢે. પણ જો મુક્તદીઓ પર ભારરૂપ હોય તો તશહહુદ પછી **અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ વ આલિહી** એટલું જ પઢીને અટકીને નમાઝ પૂર્ણ કરે.
*(હવાલો : બહારે શરીઅત, ભાગ–૪, તરાવીહનું બયાન)*

એટલા માટે આપણે જોઈએ કે જરૂરત વખતે શરીઅતે જે છૂટની ગુંઝાઈશ રાખી છે, તો જો જરૂરત હોય તો તેને અપનાવીએ અને જેની (ઉતાવળે ગલત પઢવાની) બિલ્કુલ ગુંઝાઈશ નથી તેના નજીક પણ ન જઈએ જેથી આપણી ઈબાદતોને કુબૂલિયતનો શર્ફ પ્રાપ્ત થાય અને આપણે સાચી રીતે સવાબના હક્ક઼દાર બની શકીએ જે આપણી ઈબાદતોને અદા કરવાનો અસલ મક઼સદ છે.

ઘણી મુબારકબાદીના લાયક છે તે મુતવલ્લીઓ અને મુક્તદીઓ જે દુરૂસ્ત પઢવાને કેવળ સારૂ પઢવા પર અગ્રતા આપે છે. અને દુરૂસ્ત પઢનાર હાફિઝની પસંદગી કરી તેને સાફ અને દુરૂસ્ત કુર્આન સંભળાવવાની હિદાયત પણ આપે છે.અલ્લાહ તઆલા તેમને જઝાએ ખૈરથી નવાઝે. આમીન

## થોડા દિવસોની તરાવીહ પછી છૂટ્ટી !

આજે અમુક ખાસ લોકોમાં એ રિવાજ પણ થઈ ગયો છે કે મહિનાના અમુક દિવસ દા.ત. ત્રણ, પાંચ, સાત અથવા દસ દિવસની તરાવીહનો બંદોબસ્ત કરે છે. અને તકલીફો વેઠી આખુ કુર્આન સાંભળી લે છે, અને પછી તરાવીહથી આઝાદ થઈ જાય છે. ન તેની જમાઅતમાં હાજર થાય છે, ન અલગથી પઢે છે, બલ્કે પોતાનો બધો સમય કારોબારમાં કાઢે છે અને સમજે છે કે અમે તો ખત્મે કુર્આન સાંભળી લીધું છે ! હવે અમારા માટે તરાવીહ કેવી ?! એવા લોકોને માલૂમ હોવું જોઈએ કે તરાવીહ રમઝાનના પૂરા

મહિનાની "સુન્નતે મોઅક્કેદા" છે, અને એક વેળા કુર્આન ખત્મ કરવું એ અલગ સુન્નતે મોઅક્કેદા છે, જેથી થોડા દિવસોમાં કુર્આન ખત્મ કરવાથી બાકી દિવસોની તરાવીહ સાકિત (માફ) નહીં થઈ જાય, બલ્કે જો કોઈ હાફિઝ ન હોય તો પણ સૂરતોથી નમાઝે તરાવીહ પઢવાનો હુકમ છે, હાફિઝ ન હોવાથી તેને છોડી દેવાની ઈજાઝત નથી.

અલ્લાહ તઆલા આપણા દિલોમાં દીની વાતોની બેપનાહ અહમિયત (મહત્વતા) પેદા ફર્માવે જેના પર આપણે આસાનીથી અમલ કરી શકીએ અને આપણને સહી કુર્આન પઢવાની અને સાંભળવાની તૌફીક઼ આપે, જેથી આપણી નમાઝો ફાસિદ થવાથી મહફૂઝ રહે અને આપણે ગુનાહના બદલે સવાબના હક઼દાર બનીએ. આમીન

## હાફિઝોને ચેતવણી કે અલ્લાહથી જ ડરો !

આજકાલ ઘણા હાફિઝો એવા છે કે વરસભર ફાસિક઼ો જેવો લિબાસ પહેરે છે, પિક્ચર, ટી.વી. સિરિયલો, ક્રિકેટ મેચો જોવાના આદી હોય છે, દાઢી કતરાવી મુઠ્ઠીથી ઓછી રાખતા હોય છે, શાદી વગેરે પ્રસંગે ફોટા પડાવવાના શોખિન, નામેહરમોમાં ભેળસેળ બેસવાની આદતવાળા, વાત વાતમાં ગાળો બોલનારા પણ કેટલાક હોય છે, વળી નમાઝના તથા જમાઅતના પાબંદ નથી રહેતા, કેટલાક ફજરમાં સૂઈ રહેવાના આદી હોય છે ! અને રમઝાન આવતાં અગાઉ સહેજ દાઢી વધારી લઈને અલ્ફી લેંગો પહેરીને મુસલ્લા પર ચઢી જાય છે. પછી રમઝાન પૂરી થઈ કે હતા તેના તે થઈ જાય છે ! અફસોસ ! લોકોથી ડરીને રિવાજ મુજબ મળતા થોડાક રૂપિયા નઝરાણા માટે તમે બાશરઅ (શરીઅતના પાબંદ) જેવો દેખાવ કરી લો છો, તેને બદલે અલ્લાહથી ડરીને સર્વ ફિસ્કો ફુજૂરથી, ગુનાહિત કામોથી સાચા દિલથી તૌબા કરી લો તો કેટલું સારું !

ઉપર દર્શાવ્યું તેવી જાહેરમાં ગુનાહો કરતી વ્યક્તિઓ ફાસિક઼ વ્યક્તિ છે અને ફાસિક઼ વ્યક્તિ ઈમામ થવાને પાત્ર જ નથી. એની પાછળ પઢેલી નમાઝ મકરૂહે તહરીમી છે તેને ફરીથી પઢવી વાજિબ છે. તો હે લોકો ! તમે સવાબની નિય્યતે પગો દુઃખાડીને તરાવીહમાં ઉભા રહો અને તમારી તરાવીહની નમાઝ અયોગ્ય ઈમામને કારણે મકરૂહે તેહરીમી અથવા ફાસિદ થાય (તૂટી જાય) તો એ કેટલા અફસોસની વાત કહેવાય ! એના માટે જરૂરી છે કે એવા હાફિઝો ઈમામો અલ્લાહથી ડરે અને સાચા દિલથી ગુનાહિત કામોથી નમાઝો તથા જમાઅતો છોડવાથી તૌબા કરી પાક઼ા શરીઅતના પાબંદ તથા પાબંદ નમાઝી બની જાય અને દાઢી કટીંગ કરવાથી પણ તૌબા કરી એક મુઠ્ઠી જેટલી દાઢી થવા દે પછી મુઠ્ઠીથી વધારાની કટ કરે. અને ઈમામના મુસલ્લાને ખેલ ન સમજે ! બલ્કે એ મહત્વની જિમ્મેદારીને સમજે કે સૌની નમાઝોની ક઼બૂલિયતનો આધાર તેના માથે છે માટે શરીઅતના તક઼ાઝાઓ જે ઉપર દર્શાવ્યા તેને પૂર્ણ કરે.

**શબે બરકાતમાં રૂહોનું આવવું**

*ફતાવા ઈમામ નસફીના હવાલાથી ફતાવા રઝવિય્યહમાં છે કે મુસલમાનોની રૂહો દરેક જુમ્આની રાતે અને દિવસમાં પોતાનાં ઘરોએ આવે છે અને દરવાજાની પાસે ઉભી રહીને દર્દનાક અવાજથી પુકારે છે કે, હે મારાં ઘરવાળાંઓ ! હે મારાં બાળકો ! હે મારાં પ્યારાંઓ ! અમારા પર સદક઼ાથી મહેરબાની કરો ! અમને યાદ કરો ! ભૂલી ન જાવ ! અમારી ગરીબીમાં અમારા પર દયા ખાવ !*

*ખઝાનતુર્રિવાયાતમાં છે : ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, જ્યારે ઈદ અથવા જુમ્આ અથવા આશૂરાનો દિવસ કે શબે બરાત હોય ત્યારે મરેલાંઓની રૂહો આવીને પોતાના ઘરોના દરવાજાઓ પર ઉભી રહી કહે છે, છે કોઈ અમને યાદ કરે ! છે કોઈ અમારા પર દયા ખાય ! છે કોઈ અમારી ગરીબીનો ખ્યાલ કરે ! (કિતાબ : ફઝાઈલે શબે બરાત, અઝ : અ. મુબીન નોમાની)*

# હયાતે તાજુશ્શરીઅહ

રજૂકર્તા
**મુસ્તફા રઝા રઝવી**
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ગૌષે આઝમ, પોરબંદર)

નબીરએ આ'લા હઝરત, જાનશીને હુઝૂર મુફતીએ આઝમે હિંદ, યાદગારે હુઝૂર હુજ્જતુલ ઈસ્લામ, શેહઝાદ એ હુઝૂર મુફસ્સિરે આઝમે હિંદ, ફકીહે આઝમ, શૈખુલ મુહદ્દિષીન, કાઝીયુલ કુઝાત ફિલ હિન્દ, તાજુશ્શરીઅહ, બદરુત્તરીકહ, મરજએ આલમ, શૈખુલ અનામ, હઝરત અલ્લામા અશ્શાહ મુફતી મુહમ્મદ અખ્તર રઝા ખાં કાદરી, બરકાતી, રઝવી, નૂરી, અઝહરી دامت برکاتہم العالیہની ઝાતે બા બરકત ઈસ્લામી જગતમાં ઓળખની મોહતાજ નથી. આપ દરેક રીતે આપના પૂર્વજોના સાચા વારિષ તથા જાનશીન છે. અને ઈલ્મો ફઝ્લના મજબૂત પહાડ તથા તસવ્વુફના ઘુઘવાતા સમુદ્ર છે.

**ઈલ્મ કા કોહે ગિરાં અખ્તર રઝા ખાં કાદરી**
**તૂ હૈ બહેરે બે કરાં અખ્તર રઝા ખાં કાદરી**

એક મશહૂર કહેવત છે કે, "વલી તે છે જેને જોઈને ખુદા યાદ આવી જાય." હુઝૂર તાજુશ્શરીઅહ આ કહેવતની જીવતી જાગતી તસ્વીર છે. ચહેરા મુબારકનું નૂર એટલું કે જ્યારે લાખો ના મજમામાં ઉપસ્થિત થઈ જાય તો જોવાવાળાઓની આંખો અંજાઈ જાય.

## વિલાદતે બા સઆદત અને નામ મુબારક

હુઝૂર તાજુશ્શરીઅહની વિલાદતે બા સઆદત ૨૩ નવેમ્બર ઈ.સ. ૧૯૪૩ બરેલી શરીફમાં થઈ. આપનું નામ મુહમ્મદ ઈસ્માઈલ રઝા ખાં રાખવામાં આવ્યું, જયારે ઉર્ફ અખ્તર રઝા ખાં રાખવામાં આવ્યું.
*(હવાલો : તજલ્લિયાતે તાજુશ્શરીઅહ ઉર્દૂ)*

## તઅલીમો તર્બિયત

હુઝૂર તાજુશ્શરીઅહએ કુર્આન મજીદ આપની વાલિદા માજિદા પાસે ખત્મ કર્યું અને ઉર્દૂની કિતાબો આપના વાલિદે માજિદ પાસે પઢી. ત્યાર બાદ આપનો દાખલો દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામમાં કરવામાં આવ્યો અને ત્યાં આપે નહ્વ મીર, મીઝાનથી લઈને હિદાયા સુધીની કિતાબો પઢી. આપની અરબીમાં મહારત જોઈને આપના ઉસ્તાદ ફઝીલતુશ્શૈખ હઝરત મૌલાના અબ્દુત્તવ્વાબ મિસ્રીએ આપના વાલિદે માજિદ હુઝૂર મુફસ્સિરે આઝમે હિંદને કહ્યું કે આપને જામેઅ અઝહર મિસ્રમાં દાખલ કરવામાં આવે, તો હુઝૂર મુફસ્સિરે આઝમ તૈયાર થઈ ગયા.

ઈ.સ. ૧૯૬૩ માં હુઝૂર તાજુશ્શરીઅહ મિસ્ર (કેરો) તશ્રીફ લઈ ગયા અને ત્યાં "કુલ્લિયાતે ઉસૂલુદ્દીન" માં દાખલો લીધો. ૩ વર્ષ લગાતાર જામેઅ અઝહર મિસ્ર (કેરો) માં રહીને ફન્ને તફસીર અને હદીષના માહિર ઉસ્તાદો પાસે આપે ઈલ્મ હાંસલ કર્યું. આપ દરેક પરીક્ષાઓમાં પ્રથમ નંબરે આવતા અને અંતિમ પરીક્ષામાં આપ ન કેવળ આખી યુનિવર્સિટીમાં બલ્કે આખા કેરો શહેરમાં પ્રથમ નંબરે આવ્યા.
*–(હવાલો : હયાતે તાજુશ્શરીઅહ ઉર્દૂ, પેજ નં–૧૦,૧૨)*

## બૈઅત અને ખિલાફત

હુઝૂર તાજુશ્શરીઅહ બચપનમાં જ હુઝૂર મુફતીએ આઝમથી બૈઅત થઈ ગયા હતા. અને ફક્ત ૨૦ વર્ષની ઉંમરમાં હુઝૂર મુફતીએ આઝમે આપને મહેફિલે મીલાદમાં સર્વ સિલસિલાઓની ખિલાફત તથા ઈજાઝત અર્પણ કરી. આટલું જ નહીં પણ હુઝૂર મુફતીએ આઝમે આખરી જમાનામાં એક લખાણ હુઝૂર તાજુશ્શરીઅહને અતા ફર્માવ્યું હતું અને એ લખાણમાં આપને પોતાના જાનશીન તથા કાઈમ મુકામ મુકર્રર ફર્માવ્યા હતા. એ ઉપરાંત આપને હુઝૂર કુત્બે મદીના અલ્લામા શાહ ઝિયાઉદ્દીન મદની رحمۃ اللہ علیہ (ખલીફાએ આ'લા હઝરત) હુઝૂર બુરહાને મિલ્લત સૈયદ બુરહાનુદ્દીન رحمۃ اللہ علیہ, હુઝૂર સૈયદુલ ઉલમા અલ્લામા સૈયદ આલે મુસ્તફા મારહરવી رحمۃ اللہ علیہ તથા હુઝૂર અહસનુલ ઉલમા સૈયદ આલે

હસનમિયાં મારહરવી رحمۃ اللہ علیہ તરફથી સર્વ સિલસિલાઓની ઈજાઝત હાંસલ છે. અને વાલિદ માજિદ હુઝૂર મુફસ્સિરે આઝમે આપને તાલીમથી ફારિગ થતાં જ પોતાનો જાનશીન બનાવી તે મુજબ લખાણ લખી આપેલ. *(હવાલો : તજલ્લિય્યાતે તાજુશ્શરીઅહ ઉર્દૂ, હયાતે અખ્તર)*

## આપના ઉસ્તાદો

હુઝૂર તાજુશ્શરીઅહના ઉસ્તાદોમાં હુઝૂર મુફતીએ આઝમ, હુઝૂર મુફસ્સિરે આઝમ, બેહરુલ ઉલૂમ મુફતી અફઝલ હુસૈન, મુફતી મુહમ્મદ અહમદ જહાંગીરખાં આઝમી, હઝરતના બિરદારે અકબર અલ્લામા રૈહાન રઝાખાં રહમાની મિયાં رحمۃ اللہ علیہ જેવા જલીલુલકદ્ર ઓલમા તથા મશાઈખ સામેલ છે કે જેમની પાસે આપે ઈલ્મે દીન હાંસલ કર્યુ.

## હુઝૂર તાજુશ્શરીઅહના મુરીદો તથા ખુલફાની એક ઝલક

હુઝૂર તાજુશ્શરીઅહના મુરીદો ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, મદીના શરીફ, મક્કા શરીફ, અમેરિકા, ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, તુર્કી, લબનાન, બેરુત, મલાવી, ઈરાન, ઈરાક, દુબઈ, જર્મન, મિસર, સીરીયા વગેરે દેશોમાં લાખોની સંખ્યામાં ફેલાએલા છે. અને આપના ખલીફા પણ દુનિયાના લગભગ દેશોમાં છે જેમનું લીસ્ટ લાંબુ છે.

સિલસિલએ કાદરિય્યહ, બરકાતિયહ, રઝવિયહના સૌથી વધારે હુઝૂર મુફતીએ આઝમ પછી જો કોઈ પીરે તરીકતના મુરીદીન છે તો ફક્ત હુઝૂર તાજુશ્શરીઅહના છે.

## હુઝૂર તાજુશ્શરીઅહ, હુઝૂર મુજાહિદે મિલ્લતની નઝરમાં

હુઝૂર મુજાહિદે મિલ્લત તે મશહૂર શખ્સિયત છે કે જેમની ખિદમત આવતી પેઢીઓ સુધી ભૂલાવી નહીં શકાય. હુઝૂર મુજાહિદે મિલ્લતે મક્કા શરીફના વહાબી નજદીથી મુનાઝરો કર્યો હતો અને તે મુનાઝરામાં વહાબી નજદીને ચુપ કરી દીધા હતા અને ત્યાં મસ્લકે આ'લા હઝરતનો પરચમ લહેરાવ્યો હતો. હુઝૂર મુજાહિદે મિલ્લત તે હસ્તી છે કે જેમની તારીફ આખી દુનિયા કરી રહી છે. આ જ હુઝૂર મુજાહિદે મિલ્લત અને હુઝૂર તાજુશ્શરીઅહ બંનેવ હસ્તીઓને કલકત્તામાં બોલાવવામાં આવ્યા હતા. જ્યાં ઉતારો હતો તે ઘરના માલિક આપથી (હુઝૂર મુજાહિદે મિલ્લતથી) બૈઅત હતા અને તે ઘરના માલિકનાં પત્ની આપથી બૈઅત થવા ઈચ્છતાં હતાં તો તેણીએ પતિ થકી અપીલ કરી કે "હુઝૂર ! હું આપથી મુરીદ થવા માગું છું." તો હુઝૂર મુજાહિદે મિલ્લતે ગંભીરતાથી ફર્માવ્યું, " સરકાર આલા હઝરતના શહઝાદા હુઝૂર તાજુશ્શરીઅહ હાજર છે અને તમે મને કહો છો કે હું મુરીદ બનાવું ! હુઝૂર તાજુશ્શરીઅહથી તેમને મુરીદ બનાવી દો." પણ જ્યારે ઘરના માલિકની પત્નીએ જીદ પકડી કે હું મુરીદ થઈશ તો હુઝૂર મુજાહિદે મિલ્લતથી જ થઈશ ! ત્યારે હુઝૂર મુજાહિદે મિલ્લતે ફર્માવ્યું કે મને પાછળના દરવાજાથી લઈ જાવ (કેમ કે હુઝૂર મુજાહિદે મિલ્લતનો રૂમ હુઝૂર તાજુશ્શરીઅહના રૂમની બાજુમાં હતો અને તેની બાજુમાં ઘર માલિકની પત્નીનો રૂમ હતો) કારણ કે હું એવું પસંદ નથી કરતો કે અઝહરી મિયાં (હુઝૂર તાજુશ્શરીઅહ) તશરીફ ફર્માવતા હોય અને હું તેમની સામેથી પસાર થાઉં. અને ફર્માવે છે કે અવાજ વધુ ન કરો, શાંતિ જાળવો ! હુઝૂર અઝહરી મિયાં બાજુના રૂમમાં આરામ કરી રહ્યા છે. (સુબ્હાનલ્લાહ !)

હુઝૂર તાજુશ્શરીઅહના આશિકો ! જુઓ, હુઝૂર મુજાહિદે મિલ્લત તે હસ્તી છે કે જેમના વખાણ તો આખી દુનિયા કરી રહી છે. તેમની ઉંમર ૮૦ વર્ષની હતી પણ ૩૫ વર્ષના નવજવાન (હુઝૂર તાજુશ્શરીઅહ)ની આટલી બધી ઈઝ્ઝત કરતા. *(હવાલો : તજલ્લિયાતે તાજુશ્શરીઅહ)*

## ખાનદાને રઝાની ફતવા નવેસી

ખાનદાને રઝાનું એક લાંબા સમય સુધી ફતવા લખવાનું કામ જ્યારે આપણે તસવ્વુર કરીએ છીએ તો ઈમાન અને યકીન રોશન થઈ જાય છે. મુજાહિદે જંગે આઝાદી હઝરત મૌલાના રઝા અલીખાં

બરેલ્વીએ ફતવા નવેસીનું કામ હિ.સ. ૧૨૪૬ થી લઈને હિ.સ. ૧૨૮૨ સુધી અંજામ આપ્યું. આ'લા હઝરતે હિ.સ. ૧૨૮૨ થી લઈને હિ.સ. ૧૩૪૦ સુધી હુઝૂર હુજ્જતુલ ઈસ્લામે હિ.સ. ૧૩૧૨ થી લઈને હિ.સ. ૧૩૬૨ સુધી, હુઝૂર મુફતીએ આઝમે હિ.સ. ૧૩૩૮ થી લઈને હિ.સ. ૧૪૦૨ સુધી અંજામ આપ્યું હતું. અને આજે પણ ખાનદાને રઝામાં હુઝૂર તાજુશ્શરીઅહ આ અઝીમ કામને અંજામ આપી રહ્યા છે.

આપ દર્સો તદરીસના વખતે મુફતીએ આઝમ અને મુફતી સૈયદ અફઝલ હુસૈનની નિગરાનીમાં ફતવા લખતા હતા. હુઝૂર મુફતીએ આઝમ પાસે ફતવાઓની વિપુલતાના લીધે કેટલાક મુફતીઓ કામ કરતા ત્યારે હુઝૂર મુફતીએ આઝમે હુઝૂર તાજુશ્શરીઅહથી ફર્માવ્યું, ''અખ્તર મિયાં ! હવે ઘરમાં બેસવાનો ટાઈમ નથી. આ લોકો જેમની ભીડ લાગેલ છે, ક્યારેય સુકૂનથી બેસવા નથી દેતા. હવે તમે આ (ફતવા લખવાનું) કામ અંજામ આપો ! હું (દારુલ ઈફતા) તમારા સુપુર્દ કરું છું.'' પછી હાજર લોકોથી જણાવ્યું, ''તમે લોકો હવે અખ્તર મિયાંથી રુજૂઅ કરો, અને તેમને જ મારો કાઈમ મુકામ અને જાનશીન સમજો.'' બસ, પછી શું છે કે ખલ્કે ખુદા આપની દીવાની થતી ગઈ. એહલે ઈલ્મ અને સામાન્ય જનો આપથી ફૈઝયાબ થતા ગયા. *(હવાલો : હયાતે તાજુશ્શરીઅહ ઉર્દૂ, પેજ નં–૧૭,૧૮)*

ઉપરાંત જાણવા મળ્યું છે કે હઝરત આટલી ઉંમરે ઝઈફ તથા આંખોની કમજોરી છતાં હાલ ''ફતાવા રઝવિય્યહ''નું અરબી ભાષાંતર કરી રહ્યા છે. તથા કસીદા બુર્દા શરીફની અરબી ભાષામાં શરહ લખી રહ્યા છે, તેમજ અરબના શેખ નૂહે તકફીર (દેવબંદી મોલ્વીઓને કાફિર ઠરાવવા)ના મસ્અલામાં પોતાની જે તેહકીક રજૂ કરી છે જેનાથી ગુમરાહી ફેલાય શકે છે તેનો જવાબ અરબી, ઉર્દૂ, અંગ્રેજીમાં લખી રહ્યા છે.

અંતમાં એટલું જ લખવાનું કે તાજુશ્શરીઅહ એક જ સમયે મુહદ્દિષ, મુહક્કિક, મુફસ્સિર, મુફતી તથા મુસન્નિફ હોવાની સાથે સાથે એક સાહિબે કરામત વલીએ કામિલ તથા સાચા પીરે તરીકત પણ છે. ઉલૂમે આ'લા હઝરતના સાચા વારસદાર અને મસ્લકે આ'લા હઝરતના સિધ્ધાંતો ઉપર ચુસ્ત રીતે ચાલનારા અને સાચી વાત કોઈ પણ જાતની શેહ વગર બતાવી દેનારા છે.

અલ્લાહ તઆલા આપનો રૂહાની ફૈઝાન અમારા ઉપર તાદેર કાયમ રાખે. આમીન

## એક જરૂરી ચેતવણી

અમોએ બરકાતે ખ્વાજા (માસિક)ના જુલાઈ–૨૦૦૭ના અંકમાં પેજ–૪૮ ઉપર જાહેરાત આપેલી કે **''બેહતરીન હજ્જ પેકેજ મંગાવો''** જેમાં સંપર્ક સરનામુ **''હાજી ખાદિમ હુસૈન યુ. મન્સુરી–ગાંધીનગર''**નું છે.

તો એ વિશે જણાવવાનું કે એમની ''બેહતરીન હજ્જ સીડી'' જે છે **તેમાં ''વહાબી અકીદા મુજબ બયાન છે''** (૩૭ મિનિટે) જે અમારા ધ્યાનમાં આવ્યું છે, જેથી **એમને ત્યાંથી હવે કોઈ સુન્નીએ સીડી કે કિતાબો મંગાવવી નહીં.** જેમણે **મંગાવી હોય તેઓ એને દફન કરી આપે.** કારણે કે **એમનું કામ વિશ્વાસપાત્ર જણાતુ નથી.** સર્વ સુન્ની માસિકોવાળા તંત્રી સાહબોને નમ્ર વિનંતિ કે પોતાના માસિકમાં આ જાહેરાત કરી આપે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**પોસ્ટકાર્ડ કે SMS કરી મફત મંગાવો !**

**હજ્જ તથા ઝિયારતના મસાઈલ**

લેખક : **જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવી**

:: પ્રકાશક ::

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા),**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,**
તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨

**નોંધ : ઉમરા** તથા **હજ્જ** તથા **ઝિયારતે રોઝએ રસૂલ** ﷺની વિગતવાર સુંદર સરળ માહિતી માટે સર્વ દુઆઓ, સલામ વગેરે સાથેની કિતાબ પ્રકાશકના સરનામેથી મફત મંગાવો ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# નબીપાક ﷺ ના શરીરને પડછાયો ન હતો

અઝ : રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી જમશેદપૂરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

''દારુલ ઉલૂમ એ.ઈ. ભરૂચ''–કંથારિયા (તા. જિ. ભરૂચ)થી ''દારુલ ઉલૂમ'' નામનું માસિક અહલે સુન્નત વ જમાઅતથી હટીને ગુમરાહકુન અકીદા ધરાવતા વહાબી–દેવબંદી–જમાઅતી મોલ્વીઓના સંપાદન હેઠળ નીકળતું માસિક છે. લોકોને ધોકો આપવા શિકારી જેમ ભોળાં પક્ષીઓને ફસાવવા જાળમાં દાણા નાખે તેમ તેઓ ભોળા મુસ્લિમોને ફસાવવા તેના ટાઈટલ પેજના મથાળે ''અહલે સુન્નત વલ જમાઅતનું તર્જુમાન'' લખે છે, તો એનાથી સુન્નીઓએ ધોકો ખાવો નહીં. એ ''દેવબંદી જમાઅતી ફિર્કાનું તર્જુમાન'' છે, એઓ સુન્ની હરગિઝ નથી. સાચા અહલે સુન્નત કોણ છે ? એ દર્શાવતી કિતાબ **''સુન્ની કોણ ?''** દારુલ ઉલૂમ શાહે આલમ–જમાલપુર રોડ, અમદાવાદથી વરસો પહેલાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે અને હજી પણ મળે છે, એનો આજ લગી તેમનાથી જવાબ બન્યો નથી. **જેમાં રસૂલ, સહાબા, તાબઈનથી લઈને અત્યાર સુધી અહલે સુન્નતનો શું અકીદો રહ્યો છે તે કુર્આન, હદીષ તથા ઉલમાનાં કથનોની રોશનીમાં સમજાવેલ છે,** તેનો અભ્યાસ કરો. ઉપરાંત અમારે ત્યાં **દયાદરાથી** પણ કિતાબો મંગાવો જેમાં પૂર્વજ બુઝુર્ગોના અકીદાથી આ વહાબી દેવબંદીઓનો અકીદો તદ્દન વિપરીત છે તે સમજાવેલ છે જેને વાંચો તેમજ ''ઝલઝલા'' કિતાબ મંગાવી તેમની ડબલ પોલીસીને પણ જાણો, અને આવા ધોકાબાઝોને ઓળખી તેમનાથી દૂર રહી તમારા ઈમાનને બચાવો. એમનાં માસિકો તથા કિતાબોમાં તમને હુઝૂર ﷺના મો'જિઝા કે બુઝુર્ગોની કરામતોનું વર્ણન નહીં, પણ કુર્આન હદીષના ગલત અર્થઘટનો કરીને પૂર્વજ બુઝુર્ગોથી વિરુદ્ધની સ્વરચિત તૌહીદની આડમાં નબી વલીની તૌહીન કરતી નકારાત્મક વાતો જ જોવા મળશે. અહીં અમે સરકારે દો જહાં ﷺના **શરીર મુબારકને પડછાયો ન હતો એ બાબતે પૂર્વજ બુઝુર્ગોનો શો અકીદો હતો** તે રજૂ કર્યો છે. જ્યારે આ જ **વહાબી દેવબંદીઓએ તેમના એ જ માસિકમાં આ બાબતે તદ્દન ઈન્કાર કરીને પોતાની અસલિયત છતી કરીને નબી કરીમ ﷺની ફઝીલતવાળી દરેક વાતથી તેમને કેટલી જલન થાય છે તે સ્પષ્ટ કર્યું છે.** તો એ વિષયે પ્રસ્તુત લેખ ''સરકાર કા જિસ્મ બેસાયા'' કિતાબ (અઝ : અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ)માંથી રજૂ કર્યો છે, જેને વાંચો અને તમારા ઈમાનમાં તાજગી મેળવો.

–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## સરકાર ﷺના શરીર મુબારકના પડછાયા સંબંધે પ્રશ્ન

મુકર્રમી જનાબ તંત્રી સાહબ જામે નૂર (કલકત્તા), અસ્સલામુ અલૈકુમ ! અમારા ત્યાં હુઝૂર જાને નૂર ﷺના શરીર મુબારકના પડછાયાના સંબંધે ચર્ચા છેડાઈ છે. અમુક લોકો કહે છે કે હુઝૂરનો પડછાયો ન હોવાનો અકીદો અકલ તથા નકલ બંનેની વિરુદ્ધ છે. એક બશર (માનવ) હોવાના લેહાઝથી જ્યારે હુઝૂરની સાથે સર્વ બશરી બાબતો જોડાયેલી હતી, તો પછી શરીરનો પડછાયો પણ માનવીય ખૂબીઓમાંથી છે, એના ન હોવાનો ખયાલ જ મુદ્દલે ગલત છે. એમનું કહેવું છે કે એ શાયરોની કલ્પનાઓને લોકોએ અકીદો બનાવી લીધો છે. રિવાયતમાં પણ કોઈ એવો વિશ્વાસપાત્ર ખુલાસો મૌજૂદ નથી કે હુઝૂર ﷺના શરીર મુબારકને પડછાયો ન હતો.

તો મહેરબાનીથી આ મસ્અલા પર વિગતવાર પ્રકાશ વેરીને સહીહ મસ્લકથી માહિતગાર કરશો.

*(પ્રશ્નકર્તા : રિયાઝુલ ઈસ્લામ, બિજનોર, યુ.પી.)*

## અલ્લામા અર્શદુલ કાદરીનો જવાબ

بسم اللہ الرحمن الرحیم

આ'લા હઝરત ઈમામ અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہએ આ મસ્અલા પર ખૂબ જ

સાબિતીપૂર્ણ ચર્ચા કરી છે[૧]. અને દલીલપૂર્ણ રીતે સાબિત કર્યું છે કે હુઝૂરને પડછાયો ન હોવાનો અકીદો પબ્લિકનો કાઢેલો નથી બલ્કે પૂર્વજ ઈમામોની સ્પષ્ટતાઓ તથા રિવાયતો તથા દલીલોથી સાબિતી છે.

પ્રિય બંધુ ! આજના ફિત્નાસભર દૌરમાં વિચાર તથા ચિંતનનો અધર્મતા જેટલી પણ માથે ચઢી જાય એટલી ઓછી છે. તમે પડછાયો ન હોવાની સાબિતીમાં હદીષોની દલીલો માંગી રહ્યા છો, જ્યારે કે તમારા જ દેશમાં એક એવો તબકો પણ વસે છે જે મુદ્દલે હદીષોને જ નથી માનતો ! અને આ ઈન્કાર કેવળ ઈન્કારની હદ સુધી નથી, બલ્કે તેમનો દાવો છે કે આ ઈન્કાર પાછળ તેમની પાસે દલીલોનો અંબાર મૌજૂદ છે ! તેમનું કહેવું છે કે ઈસ્લામના અહકામ (હુકમો)નો પાયો કેવળ કુર્આન પર જ છે, હદીષોનો સંગ્રહ તદન વિશ્વાસપાત્ર નથી. કાલે એના પર પણ ચર્ચા છેડાઈ શકે છે તથા દલીલોના સહારે હદીષોનો ઈન્કાર કરીને પણ એક શખ્સ મુસ્લિમ સમાજ સાથે પોતાનો ધાર્મિક સંબંધ ચાલુ રાખી શકે છે.

તો આવા ગુમરાહુકન તથા અવિશ્વસનીય સંજોગોમાં સલામતીનો એના સિવાય અન્ય કોઈ માર્ગ નથી કે સૌમાં યોગ્ય નિર્ણય કરનારા પૂર્વ જ બુઝુર્ગો (અસ્લાફ)ની રાય પર આંખો બંધ કરીને વિશ્વાસ કરવામાં આવે. વૈચારિક અધર્મતા તથા દિમાગી અહમના તોફાનમાં વહી ગયા તો એક તણખલુ પણ સલામત રહેશે નહીં. હમણા તો રસૂલે પાક ﷺના ''પડછાયાનો'' જ મસ્અલો છે, બદ્‌મસ્ત શરાબીઓની જેમ બહેકવાનો આ જ અંદાઝ રહ્યો તો એક દિવસે અસલ ''રસૂલ''નો જ મસ્અલો તેમની મજલિસોમાં ચર્ચા હેઠળ આવી જશે ! હદીષોના એતબારનો મકામ ઘાયલ થયા બાદ કુર્આનની બુનિયાદ હાલવામાં કેટલીવાર લાગી શકે છે ?! એટલા માટે ધોકાબાઝ અધર્મીઓની પદ્ધતિ અપનાવવાના બદલે વિશ્વસનીય પેશ્વાઓની પદ્ધતિ અપનાવવી જોઈએ. હવે તમો નીચેના લખાણમાં તમારા પ્રશ્નના સંબંધે થોડાક ઈર્શાદો જોઈ લો.

સૌ પ્રથમ નકલ તથા રિવાયતોના એતબારથી રસૂલે પાક ﷺના શરીર મુબારકનો પડછાયો ન હોવાના અકીદાની ચકાસણી કરીએ.

## પડછાયો ન હોવું હદીષોની રોશનીમાં

**૧.** ઈમામુલ હદીષ હઝરત હકીમ તિર્મિઝી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''નવાદિરુલ ઉસૂલમ''માં હઝરત ઝકવાન رضی اللہ عنہથી આ હદીષ રિવાયત કરે છે : ''સરવરે આલમ ﷺનો સાયો મુબારક ન સૂરજના તાપમાં જોવા મળતો હતો ન ચાંદનીમાં.'' *(અલ્ મવાહિબુલ્લદુન્નિયા અલલ્ શમાઈલિલ્ મુહમ્મદિયા, પેજ–૩૦, મિસર, કઝાફિલ્ ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૨૨૦, મિસર)*

**૨.** સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ તથા હાફિઝ બિન જવઝી رحمۃ اللہ علیہ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે : ''સરવરે આલમ ﷺના શરીર મુબારકનો સાયો ન હતો, સૂરજના તડકામાં ન ચિરાગના પ્રકાશમાં. સરકારનું નૂર સૂરજ તથા ચિરાગના નૂર પર ગાલિબ રહેતું હતું. *(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૮, અઝઃ નફીઉઝ્ ઝિલ્લ, અલ્લામા કાઝમી, ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૪, પેજ–૨૨૦, જમઉલ વસાઈલિ લિલ્ કારી, ભાગ–૧, પેજ–૧૭૬)*

**૩.** ઈમામ નસફી તફસીરે મદારિક શરીફમાં હઝરત ઉષ્માન رضی اللہ عنہથી આ હદીષ નકલ કરે છે : ''હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે ખુદા جل جلالہએ આપનો સાયો જમીન પર પડવા નથી દીધો જેથી એના પર કોઈ માણસનો પગ ન પડે.'' *(મદારિક શરીફ, ભાગ–૨, પેજ–૧૦૩, મઆરિજુન્નબુવ્વત ફારસી, રુકને ચહારુમ, પેજ–૧૦૦ તથા મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૬૧)*

*૧. આ વિષયમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہની ત્રણ કિતાબો છે : (૧) નફીયુલ ફય્યિ અમ્મન બિ નૂરિહી આષારુ કુલ્લિ શય (૨) કમરુત્તમામ ફી નફીયિલ ફય્યિ વઝિલ્લિ અન્ સૈયદિલ અનામ (૩) હુદલ્ હયરાન ફી નફિયિલ્ ફય્યિ અન સૈયિદિલ ઈન્સિ વલ જિનાન*

૪. હઝરત ઈમામ સિયૂતી رحمة الله عليهએ "ખસાઈસે કુબરા શરીફ"માં ઈબ્ને સબઅથી આ રિવાયત નકલ કરી : "ઈબ્ને સબઅએ કહ્યું કે આ પણ હુઝૂરે અકરમ ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે સરકારનો સાયો જમીન પર પડતો ન હતો, કેમ કે તે નૂર હતા. સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં જ્યારે ચાલતા હતા તો પડછાયો જોવા મળતો ન હતો." *(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૮)*

અમુક ઈમામોએ કહ્યું કે આ બાબત પર હુઝૂર ﷺની તે હદીષ સાક્ષી છે જેમાં હુઝૂરની આ દુઆ નકલ થયેલ છે કે પરવરદિગાર ! મને નૂર બનાવી દે.

નમૂના રૂપે આ ચાર હદીષો એ દાવાની સાબિતીમાં પૂરતી છે કે સરકાર ﷺના શરીર મુબારકને સાયો ન હોવાનો અકીદો તદ્દન પાયાહિન નથી બલ્કે તેનાં મૂળો રિવાયતો તથા હદીષોના હેઠળ મૌજૂદ છે.

શક્ય છે કે ઉપરોક્ત હદીષો પર કોઈ વાંધો ઉઠાવે અને એને ફન્ની (વિદ્યાકળાની) દષ્ટિએ સનદને પાત્ર ન સમજતો હોય. આમ તો અમે કોઈના ખયાલ પર પાબંદી નથી લગાડી શકતા પરંતુ એટલું જરૂરી કહીશું કે આજના ઈલ્મવાળા (આલિમો) જાણકારીની વિશાળતા, ઈમાનના નૂરની દષ્ટિ, રહસ્યોની માલૂમાત, નિય્યતની નિઃસ્વાર્થતા અને પ્રમાણિક્તાના લેહાઝથી પૂર્વજ બુઝુર્ગોની સરખામણીમાં કોઈ રીતે પણ અગ્રતાને પાત્ર નથી થઈ શકતા. જ્યારે કે દરેક યુગના ઈમામોએ આ રિવાયતોની રોશનીમાં આ અક઼ીદાનું સમર્થન કર્યું છે કે હુઝૂર ﷺના પાક શરીરનો પડછાયો હતો નહીં. જેમ કે અગાઉના લખાણમાં કેટલાક મશ્હૂર ઈમામોની સ્પષ્ટતા જુઓ.

## સાયો ન હોવાની સાબિતીમાં ઉમ્મતના બુઝુર્ગોની સનદવાળી સાક્ષીઓ

**ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمة الله عليهનું ફર્માન:** "હુઝૂર જાને નૂર ﷺનો સાયો જમીન પર પડતો ન હતો, અને ન સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં સાયો જોવા મળતો હતો. ઈબ્ને સબઅ એનું કારણ દર્શાવે છે કે હુઝૂર ﷺ નૂર હતા. રઝીંએ કહ્યું કે હુઝૂરનું નૂર સૌના ઉપર સવાર હતું" *(અન્‌મુઝ્‌ઝુલ્લબીબ)*

**ઈમામુઝ્‌ઝમાં ક઼ાઝી અયાઝ رحمة الله عليهનું ફર્માન :** "એ જે વર્ણન કરવામાં આવેલ છે કે સૂર્ય તથા ચંદ્રની રોશનીમાં હુઝૂર ﷺના શરીર મુબારકનો સાયો પડતો ન હતો, તો એનું કારણ એ છે કે હુઝૂર નૂર હતા." *(શિફા શરીફ, ક઼ાઝી અયાઝ, ભાગ–૧, પેજ–૩૨૪)*

**અલ્લામા શહાબુદ્દીન ખફ઼્ફ઼ાજી رحمة الله عليه નું ફર્માન :** "અઝમત તથા એહતેરામ (મહાનતા તથા ઈજ્જત)ને કારણે આપના શરીરનો પડછાયો જમીન પર પડતો ન હતો, જ્યારે કે હુઝૂરના કરમ (કૃપા)ના સાયામાં સર્વ માનવો ચૈનની નિંદ્રા સૂએ છે, એનાથી અધિક આશ્ચર્યજનક વાત બીજી શું હોય શકે છે ?!

આ બાબતની ગવાહી માટે કુર્આનની આ ગવાહી પૂરતી છે કે હુઝૂર ﷺ નૂરે મુબીન છે અને હુઝૂરનો સાયો ન હોવું બશર (માનવ) હોવાની વિરુદ્ધ નથી." *(નસીમુર્રિયાઝ, ભાગ–૩, પેજ–૩૧૯ મિસ્રી)*

**ઈમામ અહમદ કસ્તલાની رحمة الله عليهનું ફર્માન:** સરકારે દો આલમ ﷺના શરીર મુબારકનો સાયો ન સૂર્યની રોશનીમાં પડતો હતો ન ચંદ્રની ચાંદનીમાં. ઈબ્ને સબઅ તેનું કારણ વર્ણન છે કે હુઝૂર નૂર હતા એટલા માટે ચાંદની અને તડકામાં ચાલતા હતા તો પવિત્ર શરીરનો પડછાયો પડતો ન હતો." *(મવાહિબુલ્ લદુન્નિયા, ભાગ–૧, પેજ–૮૦, ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૨૦)*

**અલ્લામા હુસૈન ઈબ્ને મુહમ્મદ દયાર બિક્રીનું ફર્માન :** "હુઝૂર ﷺના પવિત્ર શરીરનો પડછાયો ન સૂરજના પ્રકશમાં પડતો હતો ન ચાંદનીમાં." *(કિતાબુલ ખમીસ, અન્નુઉર્રાબેઅ)*

**ઈમામ ઈબ્ને હજર મક્કી رحمة الله عليهનું ફર્માન :** "એ વાતના સમર્થનમાં કે હુઝૂર સરાપા (માથાથી પગ સુધી) નૂર હતા એ હક઼ીક઼તને પ્રદર્શિત કરવા પૂરતુ છે કે શરીર પાકનો સાયો ન તડકામાં પડતો હતો ન ચાંદનીમાં. એટલા માટે કે પડછાયો ગાઢ ચીજનો હોય છે અને ખુદા તઆલાએ હુઝૂરને સર્વ

શારીરિક નાપાકીઓ (ગાઢપણા)થી પાક કરીને તેમને "તદ્દન નૂર" બનાવી દીધા હતા એટલા માટે એમનો પડછાયો પડતો ન હતો." *(અફઝલુલ્ કુર્રા, પેજ–૭૨)*

**અલ્લામા સુલૈમાન જમલ رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂર ﷺના શરીર પાકનો પડછાયો ન સૂર્ય પ્રકાશમાં પડતો હતો ન એ ચંદ્રની ચાંદનીમાં. *(.........)*

**શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂરે પાક ﷺનો પડછાયો ન સૂર્ય પ્રકાશમાં પડતો હતો ન ચંદ્રની ચાંદનીમાં. *(મદારિજન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૨૧)*

**ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂરે પાક ﷺનો સાયો ન હતો અને એનું કારણ એ છે કે આલમે શહાદતમાં દરેક ચીજ કરતાં તેનો સાયો લતીફ (બારીક) હોય છે અને સરકાર ﷺની શાન એ છે કે સૃષ્ટિમાં એમનાથી વધુ લતીફ ચીજ કોઈ છે જ નથી, પછી હુઝૂરનો સાયો કઈ રીતે પડતો ?" *(મક્તૂબાત, ભાગ–૩, પેજ–૧૪૭, પ્રેસ નવલકિશોર, લખનૌ)*

**મજમઉલ બિહારના કર્તા અલ્લામા શૈખ મુહમ્મદ તાહિર رحمۃ اللہ علیہનું ફર્માન :** "હુઝૂર ﷺના નામોમાંથી "નૂર" પણ એક નામ છે અને તેની વિશિષ્ટતા છે કે હુઝૂરનો સાયો ન તડકામાં પડતો ન ચાંદનીમાં" *(ઝુબ્દહ શરહે શિફા, મજમઉલ બિહારિલ્ અન્વાર)*

**ઈમામ રાગિબ અસ્ફહાની رحمۃ اللہ علیہનું ફર્માન :** "રિવાયત થયેલ છે કે જ્યારે નબી ﷺ ચાલતા તો આપનો પડછાયો પડતો ન હતો." *(અલ્ મઅરૂફુર્રાગિબ)*

**સીરતુલ હલબિય્યાના કર્તા (સીરતે શામીના કર્તા)નું ફર્માન :** "હુઝૂર ﷺ જ્યારે સૂર્ય અથવા ચંદ્રના પ્રકાશમાં ચાલતા તો આપનો પડછાયો પડતો ન હતો, એટલા માટે કે આપ નૂર હતા." *(સીરતુલ્ હલબિય્યા, ભાગ–૪, પેજ–૨૨, મિસ્રી)*

**ઈમામ તકીઉદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہનું ફર્માન :** "રહમાન ખુદાએ આપના સાયાને જમીન પર પડવાથી પાક રાખ્યો અને પાયમાલીથી બચાવવા માટે આપની ઉચ્ચતાના કારણે એને લપેટી દીધો કે જોવા ન મળે." *(સીરતુલ હલબિય્યા, ભાગ–૨, પેજ–૯૪)*

**અલ્લામા મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہનું ફર્માન :** ".....કે હુઝૂર ﷺનો પડછાયો ન હતો, ન સૂરજની રોશનીમાં ચાલતી વખતે અને ન ચંદ્રની ચાંદનીમાં." *(જમ્ઉલ વસાઈલ, ભાગ–૧, પેજ–૪૭)* ઈમામ શયખ અહમદ મનાવી પણ એવું જ ફર્માવે છે.

**ઈમામુલ આરિફીન મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہનું ફર્માન :** "જ્યારે ફકીરની મંઝિલમાં દુરવેશ ફનાનો લિબાસ પહેરી લે છે તો મુહમ્મદ ﷺની જેમ તેનો પણ સાયો અદશ્ય થઈ જાય છે." *(મષ્નવી મઅનવી, દફતર પંજુમ)*

હઝરત અલ્લામા બેહરુલ ઉલૂમ લખનવી رحمۃ اللہ علیہ એની શરહ (ખુલાસા)માં ફર્માવે છે : બીજા મિસ્રામાં હુઝૂર ﷺના એ મો'જિઝાની પ્રતિ નિર્દેશ થઈ કે હુઝૂરનો સાયો ન હતો."

**ઈમામુલ મુહદ્દિષીન હઝરત શાહ અબ્દુલ અઝીઝ બિન શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીનું ફર્માન :** "જે વિશિષ્ટતાઓ હુઝૂર ﷺના શરીર પાકમાં અતા કરવામાં આવી હતી એનામાંથી એક એ પણ હતી કે આપનો સાયો જમીન પર પડતો ન હતો." *(તઝકેરતુલ મૌતા વલ કુબૂર, પેજ–૧૩)*

**કાઝી ષનાઉલ્લાહ પાનીપતી (બાલાબુદ્દા મિન્હૂના કર્તા)નું ફર્માન :** "હું કહું છું કે રસૂલે ખુદા ﷺને સાયો ન હતો." *(તઝકેરતુલ મૌતા વલ કુબૂર, પેજ–૧૩)*

ઉમ્મતના મશહૂર ઈમામોનાં આ લખાણો ફરી એકવાર ધ્યાનપૂર્વક વાંચી જાવ. વાત ઉપર છલ્લી રીતે નથી કહેવામાં આવી, આગળ પાછળ અક્લ તથા નક્લનો અંબાર પણ છે. ઈન્કાર કરનારાઓ પાસે સૌથી મોટી દલીલ હુઝૂરનું બશરી (માનવ) સ્વરૂપમાં હોવું છે, તો આ વધુ પેજ નં. ૧૨.....પર

# નમાઝ બાજમાઅતનું મહત્વ અને આપણે

લેખ હરીફાઇમાં પ્રથમ આવનાર લેખ

રજૂકર્તા : **મુહમ્મદ તૌફીક રઝવી પેટલાદી**
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદર)

અલ્લાહ તઆલા ઘણો દયાળુ છે કે તેણે બધા હુકમો એક સાથે નાઝિલ નથી ફર્માવ્યા, પણ બંદાની શક્તિના લેહાઝથી ક્રમે ક્રમે હુકમો નાઝિલ ફર્માવ્યા, એટલા માટે સૌથી પહેલાં નેક આ'માલમાં નમાઝ અને પછી ઝકાત અદા કરવાનો હુકમ ફર્માવ્યો. ત્યાર પછી નમાઝ પઢવાની સાથે સાથે નમાઝ બાજમાઅતની ખૂબ તાકીદ પણ ફર્માવી.

## નમાઝ બાજમાઅત કુર્આનની રોશનીમાં

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"અને નમાઝ કાયમ કરો અને ઝકાત અદા કરો અને રુકૂઅ કરવાવાળાઓની સાથે રુકૂઅ કરો (એટલે જમાઅતથી નમાઝ પઢો)." *(પા. ૧, સૂ. બકરહ, આ. ૪૩, કન્ઝુલ ઈમાન)*

બાજમાઅત નમાઝનું મહત્વ આ પરથી સમજો કે જ્યારે ઝાતુર્રિકા જંગ ચાલી રહી હતી ત્યારે અલ્લાહ તબારક વ તઆલા લડાઈમાં પણ નમાઝ બાજમાઅત પઢવાનો હુકમ આપે છે. સૂરએ નિસાઅ્માં અલ્લાહ તઆલા નમાઝ બાજમાઅત પઢવાની તાકીદ ફર્માવે છે કે :–

"અને હે મહબૂબ ! જ્યારે તમે તેમનામાં પધારેલા હોય, પછી નમાઝમાં તેમની ઈમામત કરો તો જોઈએ કે તેમનામાં એક જમાઅત તમારી સાથે હોય, અને તેઓ પોતાના શસ્ત્રો સાથે રાખે, પછી જ્યારે તેઓ સિજદો કરી લે, ત્યારે હઠીને તમારાથી પાછળ થઈ જાય, અને હવે બીજી જમાઅત આવે, જે તે સમય સુધી નમાઝમાં ન હતી, હવે તે તમારા મુકતદી બને." *(આ. ૧૦૨, સૂ. નિસાઅ્, પારા–૫, કન્ઝુલ ઈમાન)*

અલ્લાહુ અકબર ! મુસલમાનો જરા વિચારો ! નમાઝ બાજમાઅત કેવી મહત્વની વસ્તુ છે કે **આવી ભયાનક લડાઈમાં જ્યાં જાનનો ખતરો છે ત્યાં પણ ન નમાઝ માફ થઈ ન જમાઅત !** બલ્કે થોડાક ફેરફાર સાથે નમાઝ બાજમાઅતનો હુકમ આપવામાં આવ્યો, અફસોસ છે તે લોકો પર કે જઓ સંપૂર્ણ રાહતમાં હોવા છતાં કોઈ જ શરઈ કારણ વગર નમાઝ બાજમાઅત નથી પઢતા અથવા તો નમાઝ જ નથી પઢતા !

નમાઝ બાજમાઅતનું મહત્વ અને તેની ફઝીલતો અને તાકીદો હદીષોમાં દર્શાવેલ છે તેમાંથી આપની સમક્ષ કેટલીક હદીષો રજૂ કરું છું :–

## નમાઝ બાજમાઅતનું મહત્વ હદીષની રોશનીમાં

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે પ્યારા નબી કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે નમાઝ બાજમાઅત પઢવી એકલા નમાઝ પઢવાથી સત્તાવીસ (૨૭) ગણી વધારે ફઝીલત ધરાવે છે. *(અમ્જદુલ અહાદીષ, પેજ–૩૨૫)*

વેપારીને કોઈક મામૂલી માણસ પણ કહે કે સો બસો કદમ આગળ જશો ત્યાં તમારા માલના ડબલ પૈસા આવશે, તો તે કહેનારની વાત સાચી હોય કે નહીં છતાં વેપારી ત્યાં ચાલ્યો જશે, જ્યારે અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે કે, "૨૭ ગણો વધારે સવાબ મળશે" છતાં આપણા કહેવાતા આશિકે રસૂલ ભાઈઓની હાલમાં હાલત જોવા જેવી છે ! આ આપણા ઈમાનની કમજોરી !

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે જેણે ઈશાની નમાઝ બાજમાઅત પઢી જાણે કે અડધી રાત સુધી ઈબાદત કરી, અને જેણે ઈશા અને ફજરની નમાઝ બાજમાઅત પઢી જાણે કે તેણે આખી રાત સુધી ઈબાદત કરી. *(અમ્જદુલ્ અહાદીષ, પેજ–૩૨૦)*

આટલી મહાન ખુશખબરી છતાં ઈશા અને ખાસ ફજરમાં તો મસ્જિદોમાં ખૂબ જ ઓછી હાજરી હોય છે. **નવયુવાનોની આખી પેઢી લગભગ મસ્જિદથી કટ થયેલી જણાશે ! સૌ મોડે સુધી જાગીને હવે બરકતના સમયે ઊંઘી રહ્યા હોય છે !** (ઈલ્લા માશાઅલ્લાહ !) અફસોસ ! લોકો આખેરતના લાભનું જાણે

મહત્વ જ નથી સમજતા. ૧૦–૧૨ હજારની નોકરી કે ધંધા માટે અડધી રાતે જવાનું હશે તો જશે, પણ નમાઝ માટે નહીં ! શું આ મુસલમાની છે ?!

એક હદીષમાં અલ્લાહના પ્યારા રસૂલ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે જેણે ચાલીસ દિવસ સુધી મસ્જિદમાં નમાઝ જમાઅતથી પઢી એવી રીતે કે ઈશાની તકબીરે ઉલા (પહેલી રકાત) ન જાય તો અલ્લાહ તઆલા એના માટે દોઝખથી આઝાદી લખી દે છે. *(અમ્જદુલ્ અહાદીષ, પેજ–૩૧૭)*

## જમાઅત ત્યજનારથી રસૂલે પાક અતિ નારાજ !

અને બીજી એક હદીષમાં નમાઝ જમાઅતથી પઢવાની તાકીદ ફર્માવતાં આપણા પ્યારા આકા ﷺ ઈર્શાદ ફર્માવે છે કે કસમ છે તે ઝાતની જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે ! નિઃશંક ! હું ઈરાદો કરું છું કે લાકડીઓને ભેગી કરાવું પછી નમાઝ માટે અઝાન આપવાનો હુકમ આપુ અને કોઈને નમાઝ બાજમાઅત પઢાવવા નક્કી કરું. પછી જે લોકો નમાઝ માટે નથી આવતા એમના સમેટ તેઓનાં ઘરોને સળગાવી દઉં. *(જામિઉલ અહાદીષ, પેજ–૫૪૮, ભાગ–૧)*

## અંધ સહાબીને પણ જમાઅતથી છૂટ ન આપી !

બીજી એક હદીષમાં છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર ﷺની ખિદમતમાં એક નાબીના સહાબી હાજર થાય છે અને અપીલ કરે છે કે, યા રસૂલલ્લાહ ! ﷺ મને કોઈપણ મસ્જિદ સુધી લાવનાર નથી (તો શું હું ઘરમાં નમાઝ પઢી લઉં અને જમાઅતમાં હાજરી ન આપું) પછી બીજા પણ સહાબાએ હુઝૂર સૈયદે આલમ ﷺની ખિદમતમાં અપીલ કરી કે તેમને (નાબીના સહાબીને) ઘરમાં નમાઝ અદા કરી લેવાની ઈજાઝત અતા ફર્માવો. હુઝૂરે તેમને ઘરમાં નમાઝ પઢવાની ઈજાઝત આપી, પણ જ્યારે પોતાના ઘરની તરફ ચાલવા લાગ્યા તો તેમને હુઝૂરે બોલાવી ફર્માવ્યું, શું તમે અઝાનનો અવાજ સાંભળો છો ? તેમણે અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ ઈર્શાદ ફર્માવ્યો, તો હાજરી આપો ! (એટલે કે મસ્જિદમાં નમાઝ બાજમાઅત અદા કરો)

અલ્લાહુ અકબર ! પ્યારા મુસ્લિમ બિરાદરો ! જરા વિચારો ! આપણા પ્યારા રસૂલ ﷺ જે રહમતે આલમ એટલે કે આખી દુનિયા માટે રહમત છે પણ, જ્યારે કોઈ નમાઝ બાજમાઅત ન પઢે ત્યારે આપ ગુસ્સે થઈ તેઓનાં ઘરોને સળગાવવાનો હુકમ આપે છે ! (જેવું કે ઉપરોક્ત હદીષમાં વર્ણવેલ છે) અને નાબીના સહાબીને નાબીના હોવા છતાં નમાઝ એકલા પઢવાની ઈજાઝત નથી આપતા અને અઝીમત (એટલે કે વધારે સારું) પર અમલ કરવાનો હુકમ આપે છે (કેમ કે, શરીઅતે મુસ્તફામાં નાબીના અને જાનવરોનો ભય હોય તેવાઓને માટે ઈજાઝત છે કે તેઓ ઘરમાં નમાઝ પઢે.) પણ જમાઅતની એટલી બધી ફઝીલત અને તેનું એટલું મહત્વ છે કે આપ તેમને પણ નમાઝ, બાજમાઅત પઢવાનો હુકમ આપે છે ? અને **જેઓ અંધ નથી અને જેમને જાનવરોનો ખૌફ નથી અને શરીઅતના મુજબ કોઈ મજબૂરીનું કારણ પણ નથી છતાં તેઓ એશો આરામમાં રહી નમાઝ બાજમાઅત ન પઢે તો સરકાર રહમતે આલમ ﷺ તેમનાથી કેટલા નારાજ થતા હશે ?!**

હઝરત શૈખ ઈબ્ને ઈલ્હામે વર્ણન કર્યું છે કે આપણા મોટાભાગના ઈમામો તથા મશાઈખ દર્શાવે છે કે જમાઅતથી નમાઝ પઢવી વાજિબ છે, અને તેને સુન્નત એટલા માટે કહેવામાં આવે છે કે તેના વાજિબ હોવાની ષાબિતી હદીષ શરીફથી છે.

અને ફિક્હ (મસાઈલ)ની કિતાબ બદાઈઅમાં દર્શાવવામાં આવ્યું છે કે જમાઅતથી નમાઝ અદા કરવી દરેક આઝાદ, અક્કલ ધરાવનાર અને પુખ્તવયના પર વાજિબ છે. *(અશ્અતુલ્ લમ્આત શરહે મિશ્કાત, ભાગ–૧, પેજ–૩૭૬)*

## નમાઝ જમાઅતથી ન પઢનારને બાર અઝાબ

જે કોઈ પાંચ સમયની નમાઝ જમાઅતથી નહીં પઢે અથવા તો પઢવામાં સુસ્તી કરશે, તેને બાર અઝાબ આપવામાં આવશે. ત્રણ અઝાબ દુનિયાના, ત્રણ અઝાબ મૃત્યુના સમયે, ત્રણ અઝાબ કબ્રમાં અને ત્રણ અઝાબ કયામતના દિવસે.

**દુનિયાના ત્રણ અઝાબ આ છે :–**

(૧) કમાણીમાં બરકત ન રહેશે (૨) અને મોં

પરથી નેકીઓ અને કામયાબીની નિશાનીઓ હટાવી દેવામાં આવશે. (૩) લોકોના દિલોમાં એના માટે નફરત અને શત્રુતા પેદા થશે.

**મૃત્યુના સમયના ત્રણ અઝાબ આ છે :-**

(૧) સકરાતની હાલતમાં ભૂખ્યો હશે. (૨) સકરાતના સમયે તે પ્યાસો હશે. (૩) શરીરમાંથી પ્રાણ નીકળતી વખતે સખત તકલીફ થશે.

**કબ્રના ત્રણ અઝાબ આ છે :-**

(૧) મુન્કર નકીરના સવાલ સખ્તાઈથી થશે. (૨) કબ્રમાં અંધારું હશે. (૩) કબ્ર સાંકડી થઈ જશે.

**કયામતના દિવસના ત્રણ અઝાબ આ છે :-**

(૧) હિસાબ કિતાબમાં સખ્તાઈથી કામ લેવામાં આવશે. (૨) અલ્લાહ તબારક વ તઆલા તેનાથી નારાજ હશે. (૩) જહન્નમ તેના ઉપર સખ્ત થઈ જશે. *(મવાઈઝે રઝવિય્યહ અને નૂરાની તકરીર, પેજ-૩૩૯)* આ છે નમાઝ જમાઅતથી ન પઢનારના અઝાબો !

## હઝરત ફારૂકે આ'ઝમ અને નમાઝ બાજમાઅતનું મહત્વ

હઝરત અબૂબક્ર બિન સુલૈમાન બિન અબૂ હષ્મા رضی اللہ عنہما થી રિવાયત છે કે અમીરુલ્ મુ'મિનીન ઉમર ફારૂક્ رضی اللہ عنہ એ ફજરની નમાઝમાં હઝરત સુલૈમાન બિન અબૂ હષ્મા رضی اللہ عنہما ને ન જોયા તો નમાઝ પછી જ્યારે હઝરત ફારૂકે આ'ઝમ બજારની તરફ તશરીફ લઈ ગયા, રસ્તામાં જ હઝરત સુલૈમાન رضی اللہ عنہ નું ઘર પડતું હતું. હઝરત ફારૂકે આ'ઝમ તેમના ઘરે તશરીફ લઈ ગયા. ત્યાં તેમનાં વાલેદા (માં) શિફા બેઠા હતાં તેમને કહ્યું કે મેં ફજરની નમાઝમાં સુલૈમાનને નથી જોયા. તેમનાં માંએ કહ્યું કે તેઓ રાત્રે નફલ નમાઝો પઢતા રહ્યા પછી ઊંઘ આવી ગઈ તો ફજરની નમાઝ ઘરમાં પઢી સૂઈ ગયા. હઝરત ફારૂકે આ'ઝમે આ સાંભળી ફર્માવ્યું કે **ફજરની નમાઝ જમાઅતથી પઢવી મારા નજીક આખી રાતના કિયામ એટલે કે ઈબાદત કરવાથી બેહતર છે.** *(જામિઉલ અહાદીષ, અમ્જદુલ્ અહાદીષ, ભાગ-૧, પેજ-૫૪૬)*

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જમાઅત ક્યારેય ન છોડતા, અને ક્યારેક જમાઅત છૂટી જતી તો બહુ ઉદાસ થઈ જતા અને આખી આખી રાત ઈબાદત કરતા. એક વખત આપની જમાઅત છૂટી ગઈ તો તેના બદલામાં એટલા બધા રૂપિયા સદકામાં આપી દીધા કે તે એક લાખ દિરહમ સુધી પહોંચી ગયા ! અને હઝરત ફારૂકે આ'ઝમના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہما ની જમાઅત છૂટી જતી તો આપ તે દિવસે રોઝો રાખતા અને આખી રાત ઈબાદત કરતા, એટલા માટે કે ફરીથી જમાઅત તોડવાની ભૂલ ન થાય. *(મવાઈઝે રઝવિય્યહ, ભાગ-૧, પેજ-૯૩)*

## હઝરત મૈમૂન અને નમાઝ બાજમાઅતનું મહત્વ

હઝરત મૈમૂન મહરાન رحمۃ اللہ علیہ એક વખત એવા સમયે મસ્જિદમાં તશરીફ લાવ્યા કે સૌ જમાઅતથી નમાઝ પઢી જતા રહ્યા હતા. આપને કહેવામાં આવ્યું કે સૌ લોકો તો નમાઝ બાજમાઅત પઢી પોતાના ઘરે જતા રહ્યા છે. આપે આ સાંભળી એકદમ આ આયત પઢી. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیۡہِ رَاجِعُوۡنَ અને ઈર્શાદ ફર્માવ્યું, મારા માટે નમાઝ બાજમાઅત પઢવી ઈરાકની હુકૂમત કરતાંય વધુ પસંદ છે. *(મુકાશફતુલ કુલૂબ, અહયાઉલ ઉલૂમ)*

## ચાલીસ વરસ સુધી નમાઝ બાજમાઅત

રિવાયતોમાં વર્ણન છે કે હુઝૂર ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ એ ચાલીસ વરસ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ બાજમાઅત અદા કરી.

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મુત્તકી અને પરહેઝગારોના વડા ઈમામ હતા અને મુત્તકી, પરહેઝગાર ક્યારેય પણ શરઈ કારણ વગર જમાઅતને છોડતા નથી. આથી સાબિત થયું કે હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ પૂરી જિંદગી નમાઝ બાજમાઅત જ અદા ફર્માવતા હતા.

ક્યાં છે હાલના કહેવાતા સૂફીઓ ! જેઓ નમાઝોની, જમાઅતની તથા શરીઅતની પાબંદી કરતા નથી છતાં વટમાં બુઝુર્ગ બનીને ફરતા રહે છે ! કદી જમાઅતની સફમાં ન દેખાનારા આજે હસ્તી કહેવાવા લાગ્યા છે ! તો પબ્લિકે આ પરથી બોધ લઈને એવા બનાવટી પીર

બાપુઓથી દૂર રહેવું જોઈએ કે ગૌષ પાકથી વધીને કોણ છે હાલમાં ?! જેથી સાચા બાઅમલનો દામન થામવો જોઈએ.

## હઝરત હસન બસરી અને નમાઝ બાજમાઅતનું મહત્વ

એક વખત ઈમામ હસન બસરી رضی اللہ عنہ સુબ્હ સાદિકના વખતે સૂઈ રહ્યા હતા. એ જ વખતે શયતાન, ઈબ્લીસ તેમની પાસે આવ્યો અને હઝરત ઈમામ હસન બસ્રીને જગાડયા અને કહ્યું કે, હે હસન ! નમાઝ માટે જાવ ! ક્યાંક એવું ન થાય કે તકબીરે ઉલા જતી રહે ! (એટલે જમાઅતની પહેલી રકાત) હઝરત ઈમામ હસન બસરીએ પૂછયું કે, હે શયતાન ! મને આ વખતે ઉઠાડવામાં તારો ઈરાદો શું છે ? કેમ કે, તારી ખુશી તો એમાં હતી કે મારી નમાઝ અને જમાઅત બંનેવ છૂટી જાય. શયતાને જવાબ આપ્યો કે, હે હસન ! સાંભળો ! એક વખત તમારાથી તકબીરે ઉલા (એટલે કે જમાઅતની પહેલી રકાત) છૂટી ગઈ હતી જેના કારણે તમને એટલો બધો આઘાત થયો કે તમે બે મહિના સુધી પેટ ભરીને ખાવાનું ન ખાધું, તેના બદલામાં અલ્લાહ તઆલાએ આપને દસ હજાર તકબીરે ઉલાનો સવાબ અતા ફર્માવી દીધો હતો. અત્યારે હું એટલા માટે ઉઠાડવા આવ્યો છું કે તમને તે સવાબ ન મળે. *(મવાઈઝે રઝવિય્યા, ૧/૯૧)*

આવા હતા આપણા બુઝુર્ગો કે ફક્ત તકબીરે ઉલા ફૌત થઈ જતી તો ખાવાનું ન ખાતા, રાત રાતભર ઈબાદતો કરતા અને જમાઅત છૂટવાનો ઘણો અફસોસ કરતા હતા. તો શું આપણે આવા બુઝુર્ગોને દીનના માનવવાવાળા નથી ? પણ આજે આપણે નમાઝ તો પઢીએ છીએ પણ જમાઅતને છોડી દઈએ છીએ, અને મોટાભાગના લોકો તો એવા છે કે નમાઝ જમાઅતથી પઢવાની વાત તો દૂર રહી નમાઝ જ નથી પઢતા !

## આ'લા હઝરત અને નમાઝ બાજમાઅતનું મહત્વ

હિ.સ. ૧૩૩૯માં આ'લા હઝરત ઈમામે ઈશ્ક વ મહબ્બત, મુજદ્દિદે દીન વ મિલ્લત અશ્શાહ ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہની બારગાહમાં અમદાવાદથી હઝરત અલ્લામા હકીમ અબ્દુર્રહીમ સાહબે એક સવાલ લખી મોકલ્યો. તે સવાલ આ'લા હઝરતને ૧૫ રબીઉલ આખરના દિવસે પ્રાપ્ત થયો. તે દિવસે આ'લા હઝરત સખત બીમાર હતા પણ બીમારીની હાલતમાં પણ આપ નમાઝ જમાઅતથી પઢતા હતા. આ'લા હઝરતે પોતે તે સવાલના જવાબમાં એક કિતાબ લખી છે તે કિતાબની પ્રસ્તાવનામાં આ'લા હઝરત ખૂદ લખે છે કે, ''તમારો સવાલ રજીસ્ટર ટપાલથી ૧૫ રબીઉલ આખરના દિવસે પ્રાપ્ત થયો. હું રબીઉલ અવ્વલ શરીફની મજલિસ પઢીને સાંજથી એવો બીમાર થયો કે ક્યારેય પણ આવો બીમાર ન થયો હતો. અને મેં તો વસિય્યતનામુ પણ લખી નાખ્યું. પણ આજ સુધી એવી જ હાલત છે. (એટલે કે બીમાર છું) ઘરના બાજુમાં જ મસ્જિદ છે પણ જઈ શકતો નથી, ચાર માણસો ખુરશી પર બેસાડી મસ્જિદે લઈ જાય છે અને લાવે છે.''

આ'લા હઝરતની આ જ બીમારીની હાલત બયાન કરતાં હુઝૂર હાફિઝે મિલ્લત અશ્શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી (સ્થાપક : અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુર) ઈર્શાદ ફર્માવતા હતા કે, ''આ'લા હઝરતને મસ્જિદ લઈ જનાર કોઈ ન હતું, જમાઅતનો સમય થઈ ગયો હતો, તબીયત ખરાબ હતી, લાચાર થઈ પોતે જ ઘસડાતા ઘસડાતા મસ્જિદમાં હાજર થયા અને નમાઝ જમાઅતથી અદા કરી. *(મઝારાત પર ઔરતોં કી હાઝરી, પેજ–૧૨, લેખક : આ'લા હઝરત)*

આજે લોકો તંદુરસ્ત અને તાકતવર અને બધી જ સહુલતો હોવા છતાં નમાઝ જમાઅતથી પઢતા નથી. આવા માહોલમાં આ'લા હઝરતનો આ પ્રસંગ તેમના માટે ઈબ્રતનાક અને બોધપાઠ લેવા જેવો છે.

## નમાઝ બાજમાઅતના ફાયદાઓ

**(૧)** તમ્બીહુર્રિજાલમાં છે કે જે કોઈ દિવસની બધી જ નમાઝો જમાઅતથી અદા કરતો રહેશે અલ્લાહ તઆલા તેના પર પાંચ નેઅમતો ઉતારશે : ૧. કબ્રના અઝાબથી સલામત રહેશે. ૨. કબ્રમાં જન્નતની ખુશ્બૂ અને ત્યાંની હવાઓ તેના દિમાગને તરોતાઝા કરશે. ૩. કયામતના દિવસે હિસાબ વ કિતાબમાં સહુલત રહેશે. ૪. પુલસિરાત જે વાળથી પણ વધારે પાતળો અને તલ્વારથી વધારે ધારદાર છે તેના પરથી આસ્માનમાં ગરજતી વીજળીની જેમ પસાર થઈ જશે. *(મવાઈઝે રઝવિય્યા)*

**(૨)** જે કોઈ ચાલીસ દિવસ સુધી નમાઝ બાજમાઅત અદા કરશે અને પહેલી રકાત પણ મેળવે તેના માટે દોઝખથી આઝાદી લખી દેવામાં આવશે.

**(૩)** જે કોઈ સવારની નમાઝ બાજમાઅત અદા કરે આખી રાત ઈબાદત કરવા જેટલો સવાબ અતા કરવામાં આવશે.

**(૪)** નમાઝ બાજમાઅત અદા કરનાર અલ્લાહ અને તેના પ્યારા રસૂલ તાજદારે મદીના ﷺની નારાઝગીથી બચે છે અને અલ્લાહ અને તેના રસૂલ તેનાથી ખુશ થાય છે.

**(૫)** અને જે નમાઝ બાજમાઅત અદા કરે છે તેનાથી અલ્લાહ તઆલા ગરીબી દૂર કરે છે, તેની રોજીમાં બરકત ફર્માવે છે, તેના ચહેરાને નૂરથી જગમગાવી દે છે, લોકોના દિલોમાં તેના માટે મહબ્બત પેદા ફર્માવે છે.

**(૬)** આજે આખી દુનિયા એકતાની વાત કરે છે પરંતુ દરેક જગ્યાએ લોકો પોતાનો સ્વાર્થ જુએ છે અને દરેક જગ્યાએ ભેદભાવ જોવા મળે છે પણ અલ્લાહ તબારક વ તઆલાએ એવી નેઅમત (એટલે કે નમાઝ બાજમાઅત) અતા ફર્માવી કે ત્યાં લોકો ભેગા મળે છે અને એકતા કાયમ કરે છે અને એ પણ કોઈ ભેદભાવ રાખ્યા વગર.

## નમાઝની જમાઅત છોડવાનાં કારણો

હદીષ શરીફમાં આવ્યું છે કે કોઈ પણ જમાઅત ન છોડે પણ જ્યારે તુફાન હોય કે બીમારી હોય તો તેને જમાઅત છોડવાનો અધિકાર છે અને તેના સિવાય બીજાં કારણો છે જેના લીધે મુસલમાન જમાઅત છોડી શકે છે. કાનૂને શરીઅતમાં વર્ણવેલ છે કે આ કારણો હોય તો જમાઅત છોડી શકે છે :–

(૧) એવી બીમારી હોય કે મસ્જિદ સુધી જવામાં તકલીફ થાય (૨) સખત વરસાદ હોય (૩) કિચડ કાદવ વધુ હોય (૪) સખત ઠંડી હોય (૫) સખત અંધારું હોય (૬) સખત તુફાન હોય (૭) સંડાસ, પેશાબ, ગેસનું સખત દબાણ હોય (૮) જાલિમનો ભય હોય (૯) મુસાફરોનો જુથ (કાફલો) છૂટી જવાનો ખૌફ હોય (૧૦) કોઈ અંધ હોય (૧૧) કોઈ અપાહિજ હોય (૧૨) વૃદ્ધ થઈ જવું કે મસ્જિદ સુધી જવામાં લાચાર હોય (૧૩) માલ અથવા ખાવાનું વિનાશ થઈ જવાનો ભય હોય (૧૪) ગરીબને લેણદારનો ભય હોય (૧૫) બીમારની દેખભાળ માટે રોકાયો છે અને જો બીમારને તે જ હાલતમાં છોડી જશે તો બીમારને તકલીફ થશે અથવા તો બીમાર ગભરાઈ જશે. આ બધા કારણોમાંથી કોઈ એક કારણ હોય તો જમાઅત છોડી શકાય છે.

પ્યારા સુન્ની મુસલમાનો ! ઉપર રજૂ કરેલા કારણ વગર જમાઅત છોડવાની સખત મનાઈ ફર્માવવામાં આવી છે. હદીષમાં પણ તેની મનાઈ ફર્માવવામાં આવી છે અને એટલું જ નહીં પણ જે અંધ હોવા છતાં જમાઅત છોડી શકતા હતા પણ સરકાર તાજદારે મદીના ﷺએ તેમને પણ જમાઅત છોડવાની મનાઈ ફર્માવી અને અઝીમત (બેહતર) પર અમલ કરવાનો હુકમ આપ્યો. અને કુર્આન શરીફમાં પણ અલ્લાહ તબારક વ તઆલા ﷻએ તાકીદની સાથે નમાઝ બાજમાઅત પઢવાનો હુકમ આપ્યો. અને આપણા બુઝુર્ગોએ પણ ક્યારેય જમાઅત ન છોડી અને સખત બીમારીની હાલતમાં પણ મસ્જિદ જઈ નમાઝ બાજમાઅત અદા કરતા હતા (જેવું કે ઉપર વર્ણન કરવામાં આવ્યું). પણ આજે કેટલાક લોકો તો એવા છે કે થોડી બીમારી હોય છે અને નમાઝ જ નથી પઢતા ! આવા લોકો પર બેહદ અફસોસ છે અને કેટલાક લોકો તંદુરસ્ત અને તાકતવર હોવા છતાં નમાઝ તથા જમાઅતથી દૂર રહે છે.

અલ્લાહ તબારક વ તઆલા બધા મુસલમાનોને પોતાના મહબૂબ મુહમ્મદ મુસ્તફા ﷺ અને સહાબાએ કિરામ અને બુઝુર્ગાને દીનના નક્શે કદમ પર ચલાવે અને નમાઝ બાજમાઅત પઢવાની તૌફીક અતા ફર્માવે. *(આમીન)*

**:: એક જરૂરી મસ્અલો ::**

*જો બે સગી બહેનોથી બે અક્દની સાથે (અલગ અલગ) નિકાહ કર્યો તો પહેલીથી નિકાહ થયો અને બીજીનો નિકાહ બાતિલ, માટે પહેલીથી સમાગમ જાઈઝ છે. પરંતુ જ્યારે બીજીથી સમાગમ કરી લીધો તો હવે જ્યાં સુધી તેની ઈદ્દત પૂરી ન થઈ જાય પહેલીથી પણ સમાગમ હરામ છે. પછી આ હાલતમાં જો એ યાદ રહ્યું નહીં કે પહેલાં કોનાથી સમાગમ થયો, તો પતિ પર ફરજ છે કે બંનેને અલગ કરી દે અને જો તે પોતે ન કરે તો કાઝી પર ફરજ છે કે વિચ્છેદ કરી દે અને આ વિચ્છેદ તલાક ગણાશે. (બહારે શરીઅત, ભાગ–૭)*

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ ''બરકાતે ખ્વાજા'' (માસિક) ખૂબ ગમ્યું ! ★**

જૂન–૨૦૦૯નો અંક મળેલ વાંચી ઘણી જ ખુશી થયેલ. દરેક લેખ દિલો દિમાગ પર છવાઈ ગયેલ. તેમાં પાના નં. ૪૩ નો લેખ ''મુદર્રિસો માટે ખાસ'' ખૂબ જ પસંદ પડેલ. આજકાલના વાલીઓ માટે જાણવા સમજવા જેવું અને (આલિમો) મુદર્રિસો માટે નસીહતરૂપ લેખ વાંચવા મળેલ. અલ્લાહ તઆલા બરકાતે ખ્વાજાની આ કોશિશ પર દરેકને અમલ કરવાની નેક તૌફીક તેના હબીબ ﷺના સદકામાં આપે. (આમીન) *–ઓસામા મુહમ્મદ અલ્તાફ (સૂરત)*

જનાબ પટેલ સાહેબ તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા, અસ્સલામુ અલૈકુમ વરહમતુલ્લાહિ વબરકાતુહુ

સલામબાદ આપનું બરકાતે ખ્વાજા (માસિક) ઘણુ જ પસંદ પડયું, આજના ફેશનેબલ અને ફિત્નાઓથી ભરપૂર જમાનામાં ઈસ્લામની સાચી તા'લીમ આપી રહ્યા છો, આપને મારા ઘણા ઘણા સલામ અને અભિનંદન પાઠવું છું.

આપ સાહેબથી મારી ખાસ વિનંતિ એ છે જેમ આપ વહાબી, દેવબંદી, તબ્લીગી, કાદયાની વિગેરે બાતિલ ફિર્કાઓની ઓળખ આપી રહ્યા છો અને બાતિલ ફિર્કાઓની ઓળખ દેખાડી રહ્યા છો તેમ ''મહેદવી ફિર્કા'' બાબતે પણ લોકોને માર્ગદર્શન આપો તો ઘણી જ મહેરબાની થશે. *–રજૂ. અ. રહીમ એ. વોરા–બાવલા*

**★ સાભાર સ્વીકાર ★**

કિતાબ : અન્ નિઝામુત્તહઝીબ (પેજીસ–૧૬૦) મૂલ્ય : રૂા. ૪૦/–

સંપાદક : બેલીમ મુન્ના ''આશ''

પ્રકાશક : નિઝામિયા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ ઠે. કસ્બા મહોલ્લા, સંખેડા, પિન. ૩૯૧ ૧૪૫, જિ. વડોદરા

પ્રસ્તુત કિતાબમાં ''નિઝામિયા એજ્યુ. એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ''ના ઉદ્દેશો ગરીબો, બેવાઓ, બીમારોને મદદ, બાળકો માટે દીની તા'લીમની વ્યવસ્થા, કુરીવાજો દૂર કરવાની ઝુંબેશ, ભાઈઓ તથા બહેનો માટે હુન્નર પ્રાપ્તિના વર્ગો, એજ્યુકેશનના વિકાસ માટે સહાય વગેરે ઉમદા ઉદ્દેશો દર્શાવ્યા છે તથા નમાઝ તથા ઈસ્લામી અખ્લાકો આદાબ વિશે અસરકારક લેખો છે. સંપાદક, પ્રકાશકને મુબારકબાદ ! –તંત્રી

**★ એક યાદગાર પ્રકાશન ★**

કિતાબ : જિન્નાતની દુનિયા (પેજીસ–૧૬૦, હદિયો : રૂા. ૫૦/–)

લેખક : મર્હૂમ અબ્દુલ ગફ્ફાર ચોલા

પ્રકાશક : મુહમ્મદ અમીન એ. ચોલા, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર, જામનગર, પિન. ૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

જેમાં શૈતાન કોણ હતો તેનો પૂરો ઈતિહાસ છે. હઝરત આદમ علیہ السلام સાથે શું બનાવો બન્યા વગેરેનો ચિતાર જાણકારી માટે ખૂબ જ સરસ અંદાજમાં રજૂ કર્યો છે. જામનગર પ્રકાશકના સરનામે સંપર્ક કરો.

**★ સખીદાતાઓને નેકીઓ લૂટવાની તક ! ★**

શેરપુરા : બાયપાસ રોડ પર પેટ્રોલ પંપ પાસે વસીમ વિલામાં ''ઈમામ અહમદ રઝા મસ્જિદ''નું બાંધકામ ચાલુ છે. સુન્ની મસ્જિદની ત્યાં કમી હતી જે પૂર્ણ કરવા ત્યાંના સુન્ની મુજાહિદોએ બીડુ ઝડપ્યું છે, તો ખાનએ ખુદા બનાવવાના આ મહાન નેકીના કામમાં સખીદાતાઓ પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે ભરપૂર મદદ કરી જન્નતમાં આલીશાન મહેલો મેળવો. મસ્જિદની તામીરમાં જેણે એક ઈંટ આપી હોય તેને અલ્લાહ જન્નતમાં મહેલ અતા કરે છે. તો આપ પણ નજાતનો ઝરીયો ઉભો કરવા તમારી હલાલ કમાઈઓથી જરૂરથી શક્ય તેટલી વધુ મદદ કરી અજરના હક્કદાર થશો. સંપર્ક કરો :–

✪ રફીક અલી દયાદરાવાળા ૯૪૨૬૮૯૪૮૪૭ ✪ યૂસુફ શેઠ (મો.) ૯૪૨૭૪ ૩૭૫૯૦ ✪ શબ્બીર પટેલ રઝવી (મો.) ૯૪૨૭૪ ૬૪૪૧૧

**★ દયાદરામાં વિવિધ પ્રોગ્રામો ★**

૨૨ જમા. આખર, તા. ૧૫–૬–૦૯ના રોજ ''જશ્ને સિદ્દીકે અકબર'' (رضی اللہ عنہ) ઈશા બાદ નૂરાની મુખ્તારુલ મસાજિદ મસ્જિદ દયાદરા ખાતે મનાવાયો

જેમાં હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામીએ શાને અબૂબક્ર સિદીક رضی اللہ عنہ પર શાનદાર બયાન કર્યું. ૬ રજબ હિ.સ. ૧૪૩ તા. ૨૯–૬–૦૯ ઈશાબાદ "જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ" મોટા ચકલા પર મનાવાયો જેમાં શેરે સૌરાષ્ટ્ર ખલીફા તાજુશ્શરીઅહ પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબે પોતાના અનોખા અંદાઝમાં ખ્વાજા સાહબની શાનમાં બયાન કર્યું હતું. ઉપરાંત ૧૬ રજબના તા. ૯–૭–૨૦૦૯ ઈશા બાદ "જશ્ને મુહદ્દિષે આ'ઝમે હિંદ" મસ્જિદમાં મનાવાયો જેમાં મૌલાના સાદિક દહેગામીએ વલવલાઅંગેઝ બયાન કર્યું હતું.

**★ ઉર્સે મુહદ્દિષે આ'ઝમે હિંદ મનાવાયો ★**

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ ખાતે ૧૬ રજબ જુમ્આના દિવસે કુર્આન ખ્વાની, બયાન તથા ફાતેહાખ્વાની કરી શાનો શૌકતથી ઉર્સે હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ મનાવાયો તથા ઉર્સે સરકારે કલાં رحمۃ اللہ علیہના પ્રસંગે કુર્આન ખ્વાની રાખવામાં આવી હતી. *–રજૂ. હાફેઝ અબ્દુર્રહીમ રાઠોડ ભોલાવવાળા*

**★ શાદી મુબારક ★**

જામનગરથી અબ્દુલહમીદ એસ. જાંબુડાવાળા જણાવે છે કે તેમના નેક ફરઝંદ ઈમરાનના નિકાહ ધોરાજી મુકામે મેમણ હનીફ મૂસા બકાલીની નેક દુખ્તર રીનાબાનુ સાથે તા. ૧૭–૫–૨૦૦૯ રવિવારે "ફારૂકી મસ્જિદ"માં રાખવામાં આવ્યા. મુબારકબાદ ! અલ્લાહ તઆલા સૌને બંને જહાનમાં આબાદ રાખે. *–તંત્રી*

**★ આરઝૂ મેરજ બ્યૂરો ★**

સિર્ફ અહલે સુન્નત વ જમાઅત કે લિયે યે મેરેજ બ્યૂરો શુરૂ હુવા હૈ. જો હઝરાત અપની લળકી યા લળકે કા રિશ્તા કરના ચાહતે હૈં વો એક ફોટો કે સાથ રૂબરૂ મુલાકાત કરે. સગાઈ કરાનેકા બાદ કોઈ ચાર્જ નહીં હૈ.

રજૂકર્તા : કાઝી મેહબૂબમિયાં નૂરુદ્દીન રઝવી (શહેર કાઝી–પેટલાદ) ઘરકા પતા : આરઝૂ એપાર્ટમેન્ટ, ચાબુક સ્વાર મહોલ્લા, ભદ્ર કચેરી રોડ, પાણીગેટ–વડોદરા, મો. ૯૩૭૪૪ ૧૯૪૬૪, ૯૩૨૭૩૯૨૩૭૨, ૯૭૨૫૬૭૩૮૫૨

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★**

મીઠાપુર : થી બરકાતે ખ્વાજાના ગ્રાહક તથા ચાહક જનાબ ઈબ્રાહીમભાઈ હાશમ માજોઠી જણાવે છે કે તેમનાં વાલિદા મર્હૂમા નૂરબાઈ હાશમ માજોઠી અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં જેમના ચેહલૂમના ફાતિહા તા. ૧૯–૭–૦૯ રાખવામાં આવ્યા.

**સાંસરોદ** : જનાબ મૂસાભાઈ ટાઢાનાં વાલિદા એમણાબેન અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં. તા. ૨૦–૬–૨૦૦૯ના દફનવિધિ કરવામાં આવી.

**વોરાસમની** : જનાબ હાફેઝ અલ્તાફના વાલિદ સાહબ અને મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળાના સસરા મર્હૂમ હાજી અહમદ મહમદ દુકાનવાળા તા. ૧૪–૬–૦૯ (૨૦ જમા. આખર, હિ.સ. ૧૪૩૦)ના રોજ ઈન્તેકાલ કરી ગયા.

**બરેલીખો** : (ભરૂચ) મુકામે અમન મોબાઈલવાળા જનાબ મુનીરભાઈ પઠાણનાં સાસુમા મરયમબીબી અબ્દુલ મલેકનો તા. ૧૪–૬–૦૯ના રોજ ઈન્તેકાલ થયો છે.

**સંતરામપુર** : થી હાજી અ. કૈયૂમ હાજી અ. રઝાક પટેલ જણાવે છે કે તેમની નવાસી મર્હૂમા રૂબીનાબાનુ મકસૂદ દાઉદ ૧૪ જમા. આખર–૧૪૩૦ તા. ૮–૬–૨૦૦૯ સોમવારે જન્નતનશીન થયેલ છે. મર્હૂમાના સવાબ અર્થે રૂા. ૨૦૦ મોકલ્યા છે. જઝાકલ્લાહ !

સર્વ મો'મિન મર્હૂમો માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન ખ્વાની કરાવી મગફેરતની દુઆ કરવામાં આવી. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનો સગાંઓને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મદદની અપીલ**

દારુલ યતામા અન્વારુલ મુસ્તફા (યતીમખાના) એક્સીલન્ટ સર્કલ સામે, બુકર ફળિયા, જામનગર (મો. ૯૮૨૪૨ ૪૩૬૮૫) : ખાતે યતીમ બાળકોને દીની દુનિયવી તા'લીમ સાથે રહેવા, ખાવા, પીવા, કપડાં, દવા વગેરેની સગવડ છે. તો આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા વગેરે સહાય જણાવેલ સરનામે મોકલવા વિનંતિ. *–રજૂ. હાજી અબ્દુલ્લાહબાપુ નૂરી મારફાની*

# ફઝાઈલે શાબાનુલ્ મોઅઝ્ઝમ

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : ''ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું છે કે, ''જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

- ❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **''લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ''** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.
- ❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.
- ❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજી વખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.
- ❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.
- ❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે–બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દો પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.
- ❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દો પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.
- ❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દો પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.
- ❒ ૧૪ રકાત નમાઝ બે–બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.
- ❒ આ મુબારક રાત્રીએ બે–બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દો) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને ''સલાતુલ ખૈર'' કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, ''જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)



# બરકાતે ખ્વાજા માસિક થકી
# ચાલતી લેખ હરીફાઈનું પરિણામ

## લેખનો વિષય : નમાઝ બાજમાઅતનું મહત્વ અને આપણે

**હરીફાઈમાં લેખ મોકલનારાઓનાં નામો**

.....✍ ૦૧. શૈખ મુહમ્મદ ફૈઝલ ઈકબાલ રેડીયાવાલા (રાજપારડી)
.....✍ ૦૨. મુહમ્મદ અનીસ રિફ઼ાકતી (દા.ઉ. ગ઼ૌષે ષમદાની, પિપલીયા રાજ)
.....✍ ૦૩. મુબારક અલી ઝિયાઈ (જામિઆ અમજદિયા–ઘોસી)
.....✍ ૦૪. અલ્તાફહુસૈન કુરચનવી (જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
.....✍ ૦૫. મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી (દા.ઉ. ગ઼ૌષે આ'ઝમ–પોરબંદર)
.....✍ ૦૬. મુહમ્મદ અલ્તાફ ચિશ્તી બોરસદ (જામિઆ અશરફિયા–મુબારકપુર)
.....✍ ૦૭. ઈમ્તિયાઝ અલ્વી કુરચનવી (જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
.....✍ ૦૮. કડુ સોહલ ઈકબાલ માંગરોલવી (દા.ઉ. નૂરે મુહમ્મદી–દયાદરા)
.....✍ ૦૯. મુહમ્મદ આદમ શેલાર વલણવાળા (સ્ટુડન્ડ BBA નર્મદા કોલેજ–ભરૂચ)
.....✍ ૧૦. શૈખ ઈનાયતહુસૈન ઈકબાલભાઈ રેડીયોવાલા (રાજપારડી)
.....✍ ૧૧. મુહમ્મદ સઈદ રિફાઈ ભાલેજવી (જામિઆ અશરફિયા–મુબારકપુર)

### ★ લેખ હરીફાઈમાં ઈનામ પામનારાનાં નામો ★

નં ૧. **મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી** *(દા.ઉ. ગ઼ૌષે આ'ઝમ–પોરબંદર)* રૂા. ૩૦૦ (પ્રથમ ઈનામ)
નં ૨. **મુહમ્મદ અનીસ રિફ઼ાકતી** *(દા.ઉ. ગ઼ૌષે ષમદાની, પિપલીયા રાજ)* રૂા. ૨૦૦ (બીજુ ઈનામ)
નં ૩. **અલ્તાફ હુસૈન કુરચનવી** *(જામિઆ અશ્રફિયા–મુબારકપુર)* રૂા. ૧૦૦ (ત્રીજુ ઈનામ)
નં ૪. **ઈમ્તિયાઝ અલ્વી કુરચનવી** *(જામિઆ અશ્રફિયા–મુબારકપુર)* રૂા. ૦૫૦ (ચોથુ ઈનામ)
નં ૫. **મુહમ્મદ અલ્તાફ ચિશ્તી** *(જામિઆ અશ્રફિયા–મુબારકપુર)* રૂા. ૦૫૦ (પાંચમુ ઈનામ)

નોંધ : બાકીના સર્વ ભાગ લેનારાઓને **રૂા. ૨૫/–** "આશ્વાસન ઈનામ" આપવામાં આવે છે.

અલ્હમ્દુલિલ્લાહ ! સર્વ ભાગ લેનારાઓએ સારી મહેનત કરી લખાણો લખ્યાં છે તે જોઈને અમને ખુશી થઈ છે. આ જ રવિશ ચાલુ રહેશે તો આવા લખનારાઓમાંથી જ સુન્ની આલમને સારા લેખકો મળશે, ઈન્શાઅલ્લાહ ! ઉસ્તાદોએ શોખ જન્માવી તલબાને પ્રોત્સાહિત કરી લેખ લખવા પ્રેરવા જોઈએ જેનો અજર રબ તઆલા તેમને અતા કરશે. આગામી લેખ હરીફાઈમાં તલબા આ જ પ્રમાણે ભાગ લેશે એવી ઉમ્મીદ છે.

**આગામી લેખનો વિષય**

## સુન્નતે નબવીનું મહત્વ અને આપણે

*આ વિષયે સુન્નતોની કુર્આન હદીષથી ફઝીલત, સહાબા તથા બુઝુર્ગોને દીનને સુન્નતોથી કેવો લગાવ હતો અને આપણો શો હાલ છે તે તથા છેવટે નસીહતો લખવી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તા. **૧૦–૧૦–૨૦૦૯ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.**